# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

વાર્ષિક લવાજમ
રૂા. ૪-૦-૦

છુટક મૂલ્ય
૦-૬-૦

જુનું વર્ષ ૪ થું
નવું વર્ષ ૨ જું

અંક નવમો
કાર્તિક ૨૦૦૪

## સુસ્વાગતમ્

નાથ! તું આવ હમારે દ્વાર........
નાથ તું આવ........

મંડપ છાયા, ફૂલ બિછાયા,
નાચું નાચ બતાય;
નાથ તું આવ હમારે દ્વાર.

મઘમઘતા રસથાળ ધરાવું,
દીપ જ્યોતિ કોટિ પ્રગટાવું;

ગાન બજાવું, તાન લગાવું,
હૃદય કરૂં સત્કાર;
નાથ તું આવ હમારે દ્વાર.

શ્રી. જયંત

તંત્રી: સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

~~3272~~

અંક: નવમો—કાર્તિક ૨૦૦૪

## અ નુ ક્ર મ ણિ કા.


દીવાળીપર્વની ઉજવણી ... ક૦ ૨૯૧
મહાસાગરનાં મોતી ... ...
પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયામૃતસૂરિજી મ. ૨૯૨
ધન્ય એ મહર્ષિને ... ... ...
પૂ૦ મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ. ૨૯૩
એકડા વિનાનાં મીંડા ... શ્રી નિર્મળ ૨૯૫
કેટલાંક ટંકશાળી વચનો ... ... ૨૯૭
સુવાક્યોની ફુલમાળ —શ્રી હીરાલાલ જી. શાહ ૨૯૮
મેં દીઠું એ શહેર...જ્યાં... ... શ્રી અજ્ઞાત ૨૯૯
દ્રવ્યગુણપર્યાયનો રાસ... ... ...
પૂ૦ મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. ૩૦૨
આતતાયી —શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૩૦૫
શ્રી મુન્શીનું બંધારણ ... શ્રી પ્રશમ ૩૦૮
નારી સ્વાતંત્ર્યનો પ્રશ્ન —શ્રી પ્રબોધ ઝવેરી ૩૧૦
દુઃખે પેટ અને કુટે માથું ... શ્રી પ્રકર્ષ ૩૧૨
કાળની વિષમતા ... ... ...
પૂ૦ આ. વિજયભુવનતિલકસૂરિજી મ. ૩૧૪
નવી નજરે... ... શ્રી સંજય ૩૧૭
આપણું કર્તવ્ય શ્રી મફતલાલ સંઘવી ૩૨૧
કેટલાંક સંસ્મરણો ... ... ...
પૂ૦ મુનિરાજશ્રી કનકવિજયજી મ. ૩૨૫


**પૂ. મુનિરાજશ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ સાહેબ તથા પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજ સાહેબની શુભપ્રેરણાથી**

**રૂા. ૫૧, આપનાર**

શા. ધીરજલાલ હીરાચંદ મુંબઇ
,, શિવરામ બાપુચંદ નિપાણી

**રૂા. ૨૧, આપનાર**

શા. પ્રેમચંદ દેવરાજ દાદર
,, કુંવરજી મોહનલાલ ,,
,, ગભરૂચંદ ઉત્તમચંદ ઝવેરી મુંબઈ
શ્રી સેન્ડહર્સ્ટ જૈન ઉપાશ્રય ,,

**રૂા. ૧૧, આપનાર**

શા. ધારશીભાઇ ગણપતલાલ મુંબઈ
,, ભીખાભાઇ મોહનલાલ ખંભાત
શ્રી જૈન લાઇબ્રેરી વલસાડ
શા. વલમજી રતનશી દાદર

રૂા. ૧૦૦) શ્રી વઢવાણકેંપ જૈ. શ્વે. સંઘ તરફથી— પૂ૦ મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ સાહેબની શુભપ્રેરણાથી.

રૂા. ૧૫) શ્રી જૈન શ્વેતામ્બર સંઘ પૂ. મુનિરાજશ્રી જશવિજયજી મહારાજ સાહેબની શુભપ્રેરણાથી.

રૂા. ૨૧) શ્રી પ્રભુદાસ વીરપાળ જોરાવરનગર

રૂા. ૨૫) વીશાશ્રીમાળી જૈનજ્ઞાતિ જામનગર પૂ. આ. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ પ્રેરણાથી.

---

**સુધારો** ગતાંકમાં પેજ ૨૮૬ પર ‘કેટલાંક સંસ્મરણો’ માં પંકિત ૧૮ પર ૨૦૦૧ છપાયું છે તેના સ્થાને ૨૦૦૦ સમજવું.

---

**કેટલાંક સંસ્મરણો** ટાઇટલ પેજ ૩ જાનું ચાલુ

નથી. તારા ભાગ્યમાં ઘણી પૃથ્વીનો ભોગવટો કરવાનો લખાયો છે. રાજહંસને આ ખાબોચીયાનું પાણી કેમ ગમે છે?’ આ સાંભળતાં જ વનરાજે કહ્યું, ‘મારી પાસે સારો પ્રધાન નથી, જો તું મારી પાસે મારા પ્રધાન તરીકે રહે તો તું જેમ કહે તેમ હું કરૂં’. ત્યારબાદ તે ઘી વેચનારો ભીમો વાણીયો વનરાજના મંત્રી તરીકે રહ્યો.

વનરાજને પાટણ શહેર વસાવવામાં આજ વાણીયાની સલાહ ઉપયોગી બની હતી. સંવત ૮૭૨ માં વનરાજે પાટણ શહેર વસાવ્યું. વનરાજ જે વેળા રાજ્યપર આવ્યો, ત્યારે તેની વય લગભગ ૫૦ વર્ષની હતી. ૬૦ વર્ષ સુધી તેને નિર્વિઘ્ન રાજ્ય કર્યું અને ૧૧૦ વર્ષે તે મરણ પામ્યો. પુણ્યભૂમિ પાટણની રાજધાની પર ત્યારબાદ તેના વંશજો ગાદી ભોગવતા રહ્યા અને સામંતસિંહ સુધી ૭ પાટ પર્યંત તેના જ વારસો ગૂજરાતના મહારાજા બન્યા.

કલ્યાણ
જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

વર્ષ ૪ થું અંક ૯
૨૦૦૪ કાર્તિક
લવાજમ; રૂા. ૪-૦-૦


## દીવાલીપર્વની ઉજવણી — કં૦

જૈન ઈતિહાસની તવારીખ બોલી રહી છે કે, આજથી ૨૪૭૩ વર્ષ પહેલાં, આસો વદિ અમાસની એ રાત્રી હતી. છેલ્લી બે ઘડીના એ સમયે જૈન સંસ્કૃતિના મહાન સંદેશવાહક દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા સમસ્ત સંસારની આસપાસથી વિદાય થઈ, શાશ્વત સુખના અનંત અવ્યાબાધ સ્થાનમાં સિધાવી ગયા.

ભારતભૂમિના સમગ્ર ધર્મરસિકોએ શોકમગ્ન બની, એ સમયે અપાર દુઃખ અનુભવ્યું. નિરાધારની જેમ ભરતક્ષેત્રના ભવ્યજીવોએ તે પ્રસંગે પૂર્ણ વેદનાથી દીર્ઘનિઃશ્વાસ લઈ લીધો. જ્ઞાનના અનંત પ્રકાશની દિવ્ય જ્યોત તે વેળા બૂઝાઈ અને અજ્ઞાન મિથ્યાત્વનો અંધકાર ત્યારથી ચોમેર ફેલાવા લાગ્યો.

તેના બીજે દિવસે વર્તમાન શાસનના ભગવાન શ્રી ગૌતમસ્વામીજી કેવલજ્ઞાન પામી, સર્વજ્ઞ વીતરાગ બન્યા. આ દિવસોની પુણ્યસ્મૃતિને જાળવી રાખવાને માટે ત્યારથી આ પ્રસંગો દીવાળી પર્વ તરીકે સમાજમાં પ્રચલિત બન્યા.

મંગલમૂર્તિ ભગવાન શ્રી મહાવીર દેવ, સમસ્ત જગતને માટે અનુપમ મંગલરૂપ છે. તેઓનું સમગ્ર જીવન આપણા આત્માને મંગલમય બનાવવા સમર્થ છે. અખંડ વૈરાગ્ય, ઉત્કટ સંયમ અને ઉગ્ર તપ, તેમજ આ બધા ગુણોને ઓપ આપનાર અનંતબલી તેઓશ્રીની અનુપમ-અપૂર્વ ક્ષમા, આપણને જીવતાં શીખવાડે છે.

દીવાલીપર્વના ઉત્સવને ઉજવનારા ધર્માત્માઓએ આ દિવસોમાં ભગવાન શ્રી મહાવીર-દેવના ઉપરોક્ત ગુણોની સુવાસથી જીવનને સંસ્કારી બનાવી દેવું જોઈએ.

ભગવાન શ્રી ગૌતમ સ્વામીજીનો એ અદ્ભૂત લઘુતાગુણ અને ભગવાન શ્રી મહાવીર દેવના ચરણોમાં જીવન સમર્પિત કરી દેવાની અલૌકિક સમર્પણતા; આ બધા ગુણોને નિર્નાયકતા અને અહં-મમતા આજના તોફાની વાતાવરણમાં આદર્શ તરીકે આપણે કદી ભૂલી શકીએ તેમ નથી.

આજસુધી હજારો દીવાલીઓ ઉજવાઈ ગઈ, જૂનું વર્ષ પૂર્ણ થઈ નવું વર્ષ બેસી-બેસી અનંતતામાં તે બધાં સમાઈ ગયાં, પણ હવેથી આજની આ દીવાલીપર્વની ઉજવણી આપણે માટે નિષ્ફલ ન બનવી જોઈએ.

જીવન જીવી, મૃત્યુ ઉજવી, જેણે સંસાર જીતી જવો છે, તે મહાનુભાવ આત્માઓ, આ બધા પર્વ દિવસોના પ્રાણને સ્હમજી પોતાની પર્વ ઉજવણીને સફળ બનાવે તો જ તેઓનું જીવ્યું સાર્થક ગણાય.

# મહાસાગરનાં મોતી

પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ

**અવિરતિ**, મિથ્યાત્વાદિ આંતરિક મેલ આત્મામાં હોવા છતાં પણ ભદ્રિક પરિણામી આત્માએ સદાચારનું પાલન કરવું જોઇએ. કારણકે અભ્યાસે કરીને સદાચારનું પાલન કરતાં–કરતાં આંતરિક મેલ દૂર થાય છે.

**ઢીંગલા**-ઢીંગલી પરણાવ્યા, વરવહુ વખાણ્યાં એમ કહીને શ્રી શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે, ચિંથરાની રમતમાંય દોષ, વરવહુ વખાણવામાંય દોષ તો પરણવામાં દોષ લાગે એમાં તો પૂછવું જ શું ?

**જેટલી** ચિન્તા આ શરીર, કુટુંબ પરિવારની છે એટલી યા અંશે પણ જો આત્માની ચિન્તા આત્મામાં જાગે તો આત્મા કર્મ પિંજરાથી મુક્ત થયા વિના રહે નહિ.

**વ્યવહારમાં** ધનાદિકને માટે ખામોશી ખાનારા તો ઘણા છે, પણ આત્મકલ્યાણ માટે ખામોશી ખાનાર તો કોઇક જ છે.

**આત્માનું** બગડે એના જેવું બીજું કોઈ નુકશાન નથી અને આત્માનું સુધરે એના જેવો બીજો કોઇ લાભ નથી.

**આપ** બડાઇ અને પરનિન્દા, આત્માને દુર્દશા આપે છે; સ્વનિન્દા અને પરગુણ પ્રશંસા આત્માને સદ્ગતિ આપે છે. એમાંથી શું લેવું અને શું ન લેવું એ તમારી ઇચ્છાની વાત છે.

**ધન** અગીઆરમો પ્રાણ છે, ધનના લોભી આત્માઓને દશ પ્રાણ કરતાંય ધન પ્રાયઃ અધિક પ્રિય હોય છે. કેટલાક તો ધનનો નાશ થતાં પોતાના દશ પ્રાણોનો પણ ત્યાગ કરે છે.

**પુણ્યોદયે** પણ મેળવેલા ધનની મમતામાં મરનારાઓ મમ્મણશેઠની માફક દુર્ગતિના ભાગીદાર બને છે.

**દુનિયામાં** કેટલાય એવાય તવંગરો હશે કે જેઓ ગાલમશુલીઆ ઢોલીઆમાં પોઢતા હશે અને કેટલાય એવા ગરીબો હશે કે જેઓને ફાટલ તુટેલ ગોદડી પાથરવા પણ નહિ હોય આવી અસમાનતા ઉભી કરનાર પોતાનાં કર્મો જ છે.

**ગરીબો** જો ધનવાનોની ઇર્ષ્યા કરે તો વધુ દુઃખીયા બને, માટે પોતાના પાપના ઉદયનો વિચાર કરીને પોતાની ગરીબાઇને સમભાવે સહન કરતાં શીખવું એજ ઇષ્ટ છે.

**ધનવાનોએ** ધનની મમતા ઉતારીને દયાભાવે ગરીબોની ભૂખ ભાંગવા તત્પર રહેવું જોઈએ, નહિ તો પછી પુણ્ય ખૂટી જતાં ગરીબાઈ પોતાના જીવનમાં આવતાં વાર નહિ લાગે.

**દયા** એ ધર્મની માતા છે, ધર્મને ટકાવે છે અને દીપાવે છે. આથી પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા રાખવી જોઇએ. સ્વાર્થીલી દયા અવગતિનું કારણ છે.

**દ્રવ્યદયા** કરતાં ભાવદયા લાખ ગુણી બલ્કે ક્રોડ ગુણી અધીક છે, માટે દ્રવ્યદયાની સાથે ભાવદયા કરતાં શીખવું જોઇએ.

**દ્રવ્યદયા** તો માત્ર દુઃખીની હોય છે, પણ ભાવદયા તો સુખી કે દુઃખી, રંક કે રાજા મિત્ર કે શત્રુ સૌની ચિંતવવાની હોય છે.

**સદ્ધર્મને** પામેલાઓમાંજ વાસ્તવિક દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારની દયા હોય છે.

# ધન્ય એ મહર્ષિને:—

**પૂ૦ મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ.**

આ દુનિયામાં દરેક પ્રાણી, સ્વતંત્ર થવાને ઈચ્છે છે. એક કીડી જેવું અજ્ઞાન પ્રાણી પણ ડબ્બીમાં પુરાતાં બહાર નીકળવા ઇચ્છે છે. કોઈને પણ બંધનો ગમતાં નથી. આત્માને વાસ્તવિક સ્વતંત્રતા જો પ્રાપ્ત થઇ જાય તો પછી કોઇ જાતનું દુઃખ કે ઉપાધિ રહેતાં નથી. સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવી એ સૌની ફરજ છે પણ વાસ્તવિક સ્વતંત્રતા કોને કહેવી? તેનું સ્વરૂપ શું? સાચી સ્વતંત્રતાને સમજ્યા વગરજ માનવી આગેકદમ ભરે છે. સ્વતંત્ર થવાની ઇચ્છા, મહેનત, સઘળુય હોય છતાં આત્મા વધુને વધુ પરતંત્રતાની બેડીમાં જકડાય છે. કોઈ મહાપુરૂષ સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના ઉપાયો દર્શાવે તો તેને સાંભળવાને તૈયાર નથી; પણ અજ્ઞાન માનવીને ખબર નથી કે, અનાદિ કાળથી હું કર્મરાજાના સંકાજામાં સપડાયેલો છું, અનાદિ કાળથી પરતંત્ર છું. ઈષ્ટ સંયોગનો વિયોગ થાય છે, કદી અસાધ્ય રોગોથી ઘેરાઉં છું, મારૂં ધાર્યું કશુંજ થતું નથી, હું જેની ઈચ્છા કરૂં છું તે વસ્તુ મારાથી દૂર–સુદૂર ભાગે છે એ શું સૂચવે છે? એનાં કારણો તપાસવાં જોઇએ. સાચી સ્વતંત્રતા મેળવવાની વાતથી આત્મા ગભરાય છે, દૂર–દૂર ભાગે છે. કારણ એજ કે, અનાદિ કાળથી આત્મા પુદ્ગલાનંદી બનેલો છે. પુદ્ગલના સંસર્ગમાંજ તેને આનંદ આવે છે, પણ માનવીને ખ્યાલ નથી કે, ગમે તેટલું મોટું સામ્રાજ્ય મળી જાય, ગમે તેટલી મહેલાતોનો સ્વામી બને, હજારો સેવકો મહેરબાનની બાંગ પોકારતા આવે, રાણીઓ, દાસીની જેમ કરજોડીને સેવામાં હાજર રહેતી હોય, પણ અંતકાળે આમાંથી એકેય ત્હારે કામ આવનાર નથી! કાળરાજાના પંજામાંથી કોઈની તાકાત નથી કે છોડાવી શકે. તે અવસરે માનવીને ખબર પડશે કે, ખરેખર હું પરતંત્ર છું.

નમિરાજર્ષિના પ્રસંગનું જરા અવલોકન કરીએ. તેઓ જેવા તેવા માનવી ન હતા. મહાન રાજ્ય વૈભવના વિલાસી વાતાવરણમાં ઉછર્યા હતા, સેંકડો સેવકો જેની સેવામાં હાજર હતા, રાણીઓનું સુખ હતું, ગગનચુંબી મહેલાતો હતી, સુખ સાહ્યબીની કશીય કમીના ન હતી, જેની આજ્ઞા અખંડપણે સારાય રાજ્યમાં પ્રવર્તતી હતી. કહો, આ નમિરાજર્ષિ સ્વતંત્ર છે કે પરતંત્ર? બાહ્ય દ્રષ્ટિએ આ નમિરાજા સ્વતંત્ર છે, પણ અંતર દ્રષ્ટિએ પરતંત્રજ છે.

કારણ, બધુંય હોવા છતાં કર્મોની ગુલામી છૂટી ન હતી. કર્મ શત્રુઓ ક્યારે અચાનક

---

જેને પોતાના આત્માની દયા નથી એ બીજાની દયા શું કરી શકે?

જેઓને મન સદ્ધર્મની કિંમત નથી, તેઓને પારલૌકિક સાચા ઉપકારીઓ ક્યાંથી ગમે? ખરેખર કૃતઘ્નતા દોષને આધિન બનેલા આત્માઓએ પોતાનો નાશ નજીક નોતરી રહ્યા હોય છે.

જીવનમાં સાચી શાન્તિ આવે એ માટે દુન્યવી પદાર્થોની લાલસા તેમજ માન–પાનની લાલસાને પણ દેશવટો દેવો જોઇએ.

રાત–દિન ઐહિક ચિન્તાઓમાં મસ્ત રહેનારાઓ અને પારલૌકિક ચિન્તાને ભૂલી જનારાઓ, ગંભીરમાં ગંભીર ભૂલ ખાય છે, કારણ કે, આ ભવ ટુંકો છે, અને આવતો ભવ લાંબો છે. આ ભવ પાંચ–પચીસ કે પચાસ વર્ષને માટે છે તેની ચિન્તા કરવી અને આવતો ભવ લાખો બલ્કે ક્રોડો વર્ષનો લાંબો હોવા છતાં તેની ચિંતા ન કરવી એ મૂર્ખતા છે.

હુમલો કરશે તે તેને ખબર ન હતી. થોડાજ દિવસોમાં તે નમિરાજાના શરીરમાં દાહજ્વર ઉત્પન્ન થયો. ભયંકર પીડા ઉત્પન્ન થઇ. છ–છ મહીના વીત્યા પણ વેદના શાંત થતી નથી. રાણીઓ, ચંદન ઘસી–ઘસીને વિલેપન કરે છે. પાણીનાં છંટકાવે પણ શાંતિ થતી નથી. જ્યાં અંતરની અશાંતિ હોય, ત્યાં બહારનાં ગમે તેટલાં શાંતિનાં સાધનો પણ નિરર્થક નિવડે છે, માટેજ બહારની સ્વતંત્રતા કરતાં આત્મિક સ્વતંત્રતાની અતીવ આવશ્યકતા છે. નમિરાજાને વેદનાના કારણે છ–છ મહીના સુધી ઉંઘ પણ નથી આવી. રાણીઓ ચંદન ઘસે છે, ત્યારે કંકણો વગેરેનો અવાજ થાય છે, તે પણ નમિરાજાથી સહન થતો નથી.

રાજાને કંકણોનો અવાજ પણ અશાંત કરનાર છે, તેવું જાણી તરતજ મંગલ–કંકણને રાખી બધાય ઘરેણાંઓ તત્ક્ષણ રાણીઓએ ઉતારી નાંખ્યાં. મહેલનું વાતાવરણ તદ્દન શાંત થઈ ગયું. નમિરાજાએ સેવકોને પૂછ્યું, ઘડી પહેલાં તો આ મહેલમાં–શબ્દના ગુંજારવો ગુંજી ઉઠતા હતા, અને હમણાં તદ્દન નિરવ શાંતિ કેમ ? તેનું કારણ સેવકોએ જણાવ્યું, જાણતાં સાથેજ નમિરાજાને જણાયું કે, આતો સંયોગ અને વિયોગજન્ય આ દુનિયામાં શુભ–અશુભ થાય છે. રાગાદિ દોષો પણ સંયોગજન્ય છે. ખરેખર હું પરતંત્ર છું. કર્મોની બેડીમાં જકડાયલો છું. આ રાજસેવકો, રાણીઓ, મહેલાતો વગેરે મારી વેદનાને શાંત કરવા માટે સમર્થ નથી. જો હું આ રોગથી મુક્ત થાઉં તો સર્વસ્વ ત્યજીને સાચો સ્વતંત્ર થવા કટિબદ્ધ બનું. સાચી સ્વતંત્રતાને મેળવવા–પરમાત્માએ દર્શિત કરેલા માર્ગને સ્વીકારૂં. એ શુભ ભાવનામાં નમિરાજા–નિદ્રાધિન બને છે. અર્ધ નિદ્રામાં એક સ્વપ્ન નિહાળે છે કે, હાથી ઉપર ચઢી મેરૂપર્વત ઉપર હું ચઢ્યો. પ્રાતઃકાલમાં ઉઠતાંની સાથેજ નમિરાજાની છ–છ મહીનાની દાહ–જ્વરની પીડા એકદમ શાંત થઈ જાય છે. નમિરાજાએ વિચાર્યું કે, ધર્મની શુભભાવનાના પ્રતાપે મારી વેદના તદ્દન શાંત થઇ ગઇ. ખરેજ જગતમાં દેવ–ગુરુ અને ધર્મ સિવાય સાચા શરણરૂપ અન્ય કોઈ નથી. રાત્રિએ જોયેલા સ્વપ્નનું નમિરાજા સ્મરણ કરે છે. સ્મરણ કરતાં–કરતાં વિચારે છે કે, મેં કોઈ કાળે મેરૂપર્વતને જોયો છે. વધુ વિચારમાં ચઢતાં, જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થાય છે. જેના દ્વારા પોતાના પૂર્વભવો નમિરાજાએ જોયા. પોતે શુક્રનામના દેવલોકમાં જ્યારે હતા ત્યારે પરમાત્મા અરિહંત દેવના જન્માભિષેક કરવા મેરૂપર્વત ગયા હતા. વગેરે દ્રશ્યો નજર સામે ખડાં થયાં. સંસારની અસારતા નિહાળી, કંકણનાં દ્રષ્ટાંત માત્રથી એકાકીપણુંજ સુખકર છે. કર્મોનો હું ગુલામ છું. અનાદિકાળથી તેની ગુલામી કરી રહ્યો છું. એમ વિચારી પરતંત્રતાથી મુક્ત થવા, સાચી સ્વતંત્રતા મેળવવા ચારિત્રધર્મ–ત્યાગધર્મને અંગીકાર કરવા તૈયાર થાય છે, અને તે નમિરાજર્ષિ પ્રત્યેકબુદ્ધ થાય છે. ઈંદ્રો એમને ચારિત્રધર્મની કઠીનતા સમજાવે છે. છતાંય તેઓ વૈરાગ્ય માર્ગથી જરાય ડગતા નથી. અડગ બની સુંદર ચારિત્રધર્મ પાળી અંતે સાચી સ્વતંત્રતાને મેળવી શાશ્વત શાંતિને વરે છે. **ધન્ય છે, એ મહર્ષિને !**

# એકડા વિનાનાં મીડાં

**શ્રી નિર્મળ**

સમ્યગ્દર્શન એટલું બધું વિશિષ્ટ છે કે, તે ન હોય ત્યાંસુધી ગમે તેવું જ્ઞાન કે ક્રિયા બોજા રૂપ છે. તે બધું એકડા વિનાનાં મીડાં બરાબર છે.

જમાલિમાં શાસ્ત્રજ્ઞાન હતું, ચારિત્ર હતું પણ ભગવાન મહાવીરના એક વચન ઉપરની અશ્રદ્ધા પણ તે તેમના સઘળાય જ્ઞાન–ચારિત્ર રૂપ ૧૦૦ મણ દૂધમાં વિષના બિન્દુ બરાબર છે.

લાખો તોલા સોનાનો પારખનારો ચોકસી ૧ રતિ પણ પિત્તળને સોનું કહી દે અગર સામાન્ય માણસે પહેરેલી સોનાની વીંટીને પિત્તળની કહી દે તો તેનું પારખવું હાંસીપાત્ર છે અને તેના ચોકસીપણા ઉપર ધૂળ ફેરવનારૂં છે.

એટલે જ્યાંસુધી શ્રદ્ધા ન આવે ત્યાં-સુધી પાછલા બેની કંઇજ કિંમત નથી; માટેજ પૂ૦ ઉમાસ્વાતિજી ભગવાને દર્શન શબ્દને ત્રણેમાં મુખ્ય ગણીને પહેલો મૂકયો છે. આજ વસ્તુની સાબીતિમાં **दंसणभट्ठो भट्ठो** એ મહર્ષિઓનું વાકય છે.

દર્શનથી ભ્રષ્ટ થયેલો એટલે સમ્યકત્વથી પતિત થયેલો; સંસારચક્રના ચક્રાવામાં પડે છે, અને સંસારવમળમાં ગુંથાઇ જાય છે. જ્યારે ચારિત્રથી પતિત થયેલાની તેવી દશા નથી એટલા જ માટે કહ્યું છે કેઃ—

**'चरणरहिया तु सिज्झन्ति दंसणरहिया न सिज्झन्ति'** આથી નક્કી થાય છે કે, શ્રદ્ધા એ મૂળ છે. શ્રદ્ધા જેની મજબુત હોય તે અવળા માર્ગમાં વપરાતાં જ્ઞાનકોટિનાં વાકયોને પણ શુભમાર્ગ યુક્ત બનાવે છે; જેમકેઃ—

**न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने।**
**प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला॥**

આ શ્લોકનો અર્થ વાસ્તવિક રીતે નહિ સમ-જતાં અને ગુણ ઉપર જ જાણે અસૂયા ધરા-વતા ન હોય! તેમ જિનેશ્વર દેવના ધર્મથી વિમુખ થયેલા પરતીર્થિઓ નીચે પ્રમાણે સમજાવે છેઃ—

"માંસ ખાવામાં, મદિરા પીવામાં કે, મૈથુન સેવનમાં દોષ નથી; આ તો પ્રાણીઓની પ્રવૃત્તિ જ છે; પરંતુ તેનાથી અટકવું તેમાં મહાન્ ફલ છે." હવે માત્ર બીજો વિચાર નહિ કરતાં શ્લોકને જ ઉંડાણથી તપાસીએ તો માલુમ પડશે કે,–પરસ્પર કેટલું વિરુદ્ધ છે. 'જે વસ્તુના સેવનમાં દોષ ન હોય તેનાથી અટકવામાં મહાન્ ફલ શી રીતે સંભવે?

મિથ્યાત્વી પણ ઘટને ઘટ કહે અને સમ્યકત્વી પણ ઘટને ઘટ કહે છતાં પહેલાના જ્ઞાનને મિથ્યા અને બીજા જ્ઞાનને સમ્યક્ કહેનારા વીતરાગ દેવોને, એક ઉપર દ્વેષ અને એક ઉપર રાગ એમ પક્ષપાત હોતો નથી. એમ હોય ત્યાંસુધી તો સર્વજ્ઞ જ ન થઇ શકે. પણ તે તો વસ્તુને યથાસ્થિત જ કહેનારા છે.

**પ્રશ્ન**—જો એમ છે તો એક મિથ્યાજ્ઞાની ને બીજો સમ્યગ્જ્ઞાની શી રીતે કહી શકાય?

**જવાબ**—બંને ઘટને ઘટરૂપે પ્રતિપાદન કરે છે, પણ એક ઘટ જ છે એટલે તેમાં રહેલા બીજા અનંત ધર્મોનો તિરસ્કાર કરે છે જ્યારે બીજો કથંચિદ્ ઘટ છે તેમ કહી બીજા અનંત ધર્મોનો તિરસ્કાર નથી કરતો; એટલું જ નહીં પણ તે કથંચિત્ વાકયથી અન્ય ધર્મોને પણ સામેલ કરે છે. માટે જ બીજા નંબરવાળાનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ઉપરના શ્લોકમાં પણ આજ રીતે વિચારણામાં જ ફરક છે. કારણ કે એકને વીતરાગપર અસૂયા છે, જ્યારે બીજાને તેના ગુણો ઉપર અનુરાગ જ હોઇ તેના વચનોને અનુસરીને જ નીચે પ્રમાણે અર્થ કરે છે.—

'**ન માંસભક્ષણે દોષો**' આ પ્રયોગમાં વૈયાકરણ શિરોમણિ કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રસૂરીશ્વરજી રચિત સિદ્ધહેમ વ્યાકરણનું સૂત્ર છે કે—'**एदोत: पदान्तेऽस्य लुक्**' પદાન્તમાં રહેલા **ए** કાર અને **ओ** કાર પછીના **अ** નો લોપ થાય છે. આ વસ્તુ ઇતર સર્વ વૈયાકરણોને પણ સંમત છે; તેથી **अ** કાઢવાથી તો અર્થની દૃઢતા થાય છે–માંસ ભક્ષણ, મદિરા કે મૈથુન સેવનમાં અદોષ નથી. એટલે નિશ્ચે દોષ જ છે અને પ્રવૃત્તિ એટલે ઉત્પત્તિસ્થાન. આથી ઉપરનાં ત્રણ કારણો પ્રાણીઓનું ઉત્પત્તિસ્થાન છે. માટે તેનાથી અટકવું તેમાં મહાન ફલ છે; આથી પરસ્પર વિરોધ પણ ન આવે ને યોગ્ય અર્થ નીકળે છે. સર્વ કોઇની માન્યતામાં આવી શકે તેમ છે કે, ઉપરની ત્રણેય બાબતોમાં દોષ જ છે; દોષ નથી એમ કહેવું મૂર્ખાઇભરેલું છે.

આજ રીતે વીતરાગપ્રણીત શાસ્ત્ર હોવા છતાં વિમતિવાળાઓ ઝેરરૂપે પરિણમાવનાર એટલે શાસ્ત્રને શસ્ત્રરૂપે બનાવી દેનારા થાય છે. સાકર ગમેતેવી રસદાર હોય પણ ગધેડાને ખવડાવવામાં આવે તો ઝેરરૂપે જ પરિણમે.

આવું થોડાજ વખત ઉપર ભગવાન મહાવીર પરમાત્માને માંસાહારી કહેવામાં ભગવતીજી સૂત્રના અક્ષરોની અધૂરી સમજ ઉપરથી ઝેર ફેલાવવામાં આવ્યું હતું, પણ તે તો પટેલ ભાઇ હતા તેથી એટલું આશ્ચર્ય ઉત્પન્ન ન કરાવી શકે પણ જેઓ હાલમાં પરમાત્માની ગાંધીજી સાથે સરખામણી કરી અત્યુગ્ર ઝેર જૈનસમાજમાં જૈન તરીકે કહેવડાવીને ફેલાવી રહ્યા છે, તે જ આશ્ચર્ય ઉત્પન્ન કરાવે છે; છતાં સંગઠ્ઠન બળની ખામીના લીધે લમણે હાથ દઇ બેસી રહેવા જેવી આપણી સ્થિતિ થઈ ગઇ છે, તે કેટલો દુઃખનો વિષય છે.

આ રીતે જૈનત્વનું મૂળ કહો, મોક્ષનું મૂળ કહો કે રત્નત્રયીનો આધાર કહો તે સમ્યગ્દર્શન હોય તોજ બધા ગુણો સાર્થક છે; પણ આજેતો દેખાવરૂપે જ્ઞાન અને ક્રિયા વધારે પ્રમાણમાં થાય છે; પણ તે મૂળ વિનાની ઘટા જેવાં છે.

જગતકલ્યાણવાંચ્છુ આ 'કલ્યાણ' માસિક સંગઠ્ઠન બળની ક્રિયામાં પ્રગતિ સાધે તેમ છે; પણ તેને સહકાર મળે તો તે ઉત્તરોત્તર પ્રગતિ સાધી આપણને ચોમેરથી છેદાઈ રહેલા શાસનને અવિકૃત સ્વરૂપમાં જોતા કરે એજ અભિલાષા.


## નવાં પ્રકાશનો.

| | | |
|---|---|---|
| વસુદેવહીન્ડી | ગુ | ૧૨–૮–૦ |
| સંઘપતી ચરિત્ર | ગુ | ૬–૮–૦ |
| સુંદરીઓના શણગાર | | ૪–૦–૦ |
| અભયકુમાર | | ૩–૦–૦ |
| ઇલાચીકુમાર | | ૨–૮–૦ |
| મગધરાજ શ્રેણીક | | ૪–૮–૦ |
| રૂષભદેવ ચરિત્ર | | ૪–૮–૦ |
| સ્થુલીભદ્ર ચરિત્ર | | ૪–૮–૦ |
| મહર્ષિ મેતારજ | | ૪–૪–૦ |
| મહામંત્રી શકટાળ | | ૪–૮–૦ |
| વિક્રમાદિત્ય હેમુ | | ૫–૦–૦ |
| પુરૂષાર્થ | | ૪–૦–૦ |
| બાલગ્રંથાવલી પ્રથમ શ્રેણી | | ૩–૦–૦ |
| સજ્ઝાય માળા | | ૨–૦–૦ |
| પંચપ્રતિક્રમણ સાર્થ | | ૩–૦–૦ |

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ**
ઠે. ડોશીવાડાની પોળ સામે. **અમદાવાદ**

**સંઘવી ગુલાબચંદ ઝવેરચંદ**
જૈન બુકસેલર—**પાલીતાણા.**

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજનાં

# કેટલાંક ટંકશાળી વચનો

જે બેસણે બેસી શુદ્ધ પ્રરૂપે નહિ, તે રખેવાલ નામ ધરાવી ચોર થાય છે.

**ધુમ ધામે ધમાધમ ચલી**—ધૂમ એટલે ઉન્માર્ગિ પાસત્થાદિકનું પરાક્રમ, ધામ એટલે રાગી ભોળા ગૃહસ્થ લોકોનું પરાક્રમ, ધમાધમ એટલે એ બંનેની કરણી.

**સાધુનો** માર્ગ એવો છે, જે કાંઈપણ ઉન્નતિ વાંછે નહિ. 'સહજ ભાવે થાય તે થાઓ' એમ વિચારી સ્વભાવમાં મગ્ન રહે.

જેથી જીવ ધર્મમાં જોડાય, તે જ ધર્મદેશના છે.

**મિથ્યાદૃષ્ટિ** અંધ છે, તેથી ધર્મને પોતાના આત્માથી અન્ય સ્થાનમાં શોધે છે.

**જ્ઞાન** અને સુખથી ભરપુર ધર્મની સત્તા પોતાના આત્મામાં જ છે, એમ પ્રથમ સમ્યક્ત્વ પામે ત્યારે જીવને અતિશય આનંદ ઉપજે છે.

**રાગદ્વેષ** પ્રશસ્ત પરિણામરૂપ હોય તો કારણમાં કાર્યના ઉપચારથી વ્યવહાર ધર્મ કહેવાય.

**નિશ્ચયનયે** રાગદ્વેષ વિભાવ છે, તે મોટી વ્યાધિરૂપ છે. ઉપાધિ બધી કર્મથી હોય છે, તેથી ઉપાધિને સ્વભાવ કેમ કહેવાય? જ્યાં કર્મજનિત વિકાર નથી, ત્યાં વ્યવહાર નથી. ઉપાધિ તે કર્મથી હોય છે.

**મોક્ષ** સુખ પામીએ ત્યાંસુધી અંશે ધર્મવૃદ્ધિ પામતા પૂર્ણ ધર્મ ચૌદમા ગુણઠાણાના છેલ્લે સમયે હોય.

**જ્ઞાન**, દર્શન વિના કેવળ બાહ્યક્રિયાથી અર્થ સરે નહિ.

**પરદોષ** દૃષ્ટિ ટાળી આત્માને વિષે આત્માની ખોજ કરે તો ધર્મ પામે.

**આત્માના** અજ્ઞાનથી એટલે પુદ્ગલમાં આત્માનો ભ્રમ ધારણ કરવાથી આઠ પ્રકારનાં કર્મની પ્રકૃતિઓ સમયે સમયે બંધાય છે અને તેથી જીવ સંસાર પરિભ્રમણનાં દુઃખ પામે છે.

**પ્રત્યાખ્યાન** પરિજ્ઞારૂપ આકરી આત્મજ્ઞાન દશા, તે જ ચારિત્ર છે. નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનોપયોગ દશામાં જ કર્મનું આવવું થતું નથી.

**ભાવથી** આત્મભાવ રૂપ જ ચારિત્ર કહ્યું છે. દ્રવ્યથી ત્યાગ, તે ઉપચારથી ચારિત્ર છે. મુખ્ય અર્થને સ્પર્શ્યા વિના ઉપચાર ન સંભવે.

**બાહ્યદૃષ્ટિ** એટલે પુદ્ગલ સંગ ઉપાદેય માનવાથી મન બાહેર દોડે છે. અંતરદૃષ્ટિ એટલે સર્વ પુદ્ગલ સંગ હેય જાણવાથી ચિત્ચમત્કાર માત્ર વિશ્રાંત થતાં જીવ અક્ષયપદ પામે છે.

**જ્ઞાનકૃત** મનશુદ્ધિ એ જ ચારિત્રનું લક્ષણ અને મોક્ષનું કારણ છે.

**આત્મદૃષ્ટિ** રહિત સર્વ દ્રવ્યક્રિયા તુચ્છ છે.

**પુદ્ગલ** ભાવનો 'હું કર્તા' એમ, જેમ જેમ અજ્ઞાની જીવ જાણે છે, તેમ તેમ કર્તૃત્વાભિમાન જનિત કર્મો બંધાય છે.

**કર્તૃત્વાભિમાન** રહિત એકલો જ્ઞાયકભાવ એ જ સુખનું સાધન છે. કહ્યું છે કે, 'કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મને જે જૂએ છે, તે જ બુદ્ધિમાન છે અને તે જ કૃતકૃત્ય છે'.

**જ્ઞાન** ચેતના એ જ આત્મ સ્વભાવ છે. તેનો અનુભવ કરવો એ આત્માનુભવ છે.

**રાગદ્વેષાદિ** દોષો રહિત એકજ્ઞાન સ્વભાવે થવું તે જ શુદ્ધ આત્મદશા છે. તે જ આત્મશક્તિનો પ્રકાશ છે.

**જ્ઞાનરૂપ** આત્મદયા વિના બાહ્ય પ્રાણ રક્ષણરૂપ દયા પરમાર્થે નથી. જેને આત્મદયા નથી, તેને પરજીવો ઉપર પણ અનુકંપા નથી.

# સુવાકયોની ફુલમાળ

શ્રી હીરાલાલ જી. શાહ

**મુ**નિવરોની દેશના, અનેક જીવોના ખૂનીને પણ વૈરાગ્યનો ધુની બનાવે છે.

**નિ**ષ્પક્ષપાતી માનવો સાચા–ખોટાનો ન્યાય તોલી શકે છે.

**રા**ત અને દિવસ ધન અને ધાન્ય પાછળ ગાંડા–ઘેલા થઈને ફરનારા ધર્મની કિંમતને સમજ્યાજ નથી.

**જ**ર, જમીન અને જોરૂ એ ત્રણ વસ્તુ સિવાય જગતમાં મોટે ભાગે અન્ય કોઇ ઝઘડાનાં કારણો નથી.

**શ્રી**મંત મનુષ્યોને ગરીબોના દુઃખનો અનુભવ હોતો નથી; માટેજ તેઓ તેમનાં દુઃખો દૂર કરવામાં બેદરકાર રહે છે.

**'મર'** એટલું બોલવા માત્રથી પણ જીવને દુઃખ થાય છે તો પછી મારવાથી તો કેટલું દુઃખ થતું હશે એનો હિંસક આત્માઓએ ખ્યાલ કરવો જરૂરી છે.

**હિ**મ્મત, હોંશ, શ્રદ્ધા, અને ધીરજ એ કોઈ પણ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવા માટેનાં સુંદર સાધનો છે.

---

આત્મગુણોનો ઘાત કરનારો પરજીવોની રક્ષા ક્યાંથી કરવાનો ?

**જ્ઞા**નયોગ અનુભવ સ્વરૂપ છે, તેથી તેને સર્વ આચારમય કહ્યો છે. અનુભવ યોગથી જ કષાય મોહનીય અને નોકષાય મોહનીય શમે છે. તેથી તેનો દૃઢ આદર કરવો.

**સૂ**ત્રાક્ષર પરાવર્તના રૂપ 'કર્મયોગ' સરસ શેલડી જેવો છે. અર્થ–આલંબનરૂપ 'જ્ઞાનયોગ તેનો સ્વાદ છે.

**આ**ત્માનો અનુભવ અને પર પરિણતિનો ત્યાગ, શ્રી જૈનશાસનનો સાર છે. —ચાલુ

**મા**રૂં મારૂં કરનારા આત્માઓજ આ જગતમાં વારંવાર જન્મ મરણ કરી રહ્યા છે.

**વિ**નય અને વિવેક વિનાના મનુષ્યો શૃંગ અને પુચ્છ વિનાના પશુઓ છે.

**જ**લ્દી કરવા લાયક ધર્મ કર્તવ્યોને કાલ-મુલતવી રાખનારા કાળની ફાળથી કદી મુક્ત થવાના નથી.

**ય**તિધર્મની પ્રાપ્તિ સિવાય કદી મોક્ષ પ્રાપ્તિ થઈ નથી, થતી નથી અને થવાની નથી.

**મ**નોરથો કરવા માત્રથી કશું જ વળવાનું નથી તે દિશામાં ઉદ્યમ કરવો જરૂરી છે.

**હા**જી હા કરનારાઓએ આ જગતના જીવોનું સત્યાનાશ વાળ્યું છે. માટે કડવું પણ હિતકારક કહેનારાઓની જરૂર છે.

**રા**ગ અને દ્વેષ સિવાય જૈનશાસનમાં આત્માનો કોઈ અન્ય શત્રુજ નથી.

**જ**ળથી તો માત્ર શરીરની શુદ્ધિ થાય છે. આત્મા સાથે લાગેલા કર્મમેલને ધોવા માટે વીતરાગની વાણી રૂપ પાણીના ધોધની જરૂર છે.

---

નિગોદાદિ સંસાર દુઃખ વર્ણન ગર્ભિત–

## સીમંધર જિન વિનતિ

**[ વિવેચન સહિત ]**

સાત ઢાળો ઉપર વિસ્તૃત વિવેચન પૂ૦ મુનિરાજશ્રી માનતુંગવિજયજી મહારાજે કર્યું છે.

ક્રાઉન સોળ પેજી ૨૨૪ પેજ લુગડાનું પાકું બાઈન્ડીંગ મૂલ્ય ૧–૪–૦

**સોમચંદ ડી. શાહ**

**પાલીતાણા** [ કાઠીયાવાડ ]

# મેં દીઠું એ શહેર....જ્યાં....

**શ્રી અજ્ઞાત**

**પૂ. વડિલ ભાઇશ્રી**......ની સેવામાં, પ્રણામ. તા. ૧૧ મીના દિવસે આપની પાસેથી નીકલી, હું મુંબઇ આવ્યો છું. હું મુંબઇ આજે બીજી વેળા આવું છું. પહેલાં કરતાં મુંબઇ શહેરમાં આજે ઘણો જ ફેરફાર થયો છે. મુંબઇની મ્હોટી ગંજાવર મકાનોની લાઇનો જોઇ, કોઇ અજાણ્યો જરૂર મુંઝાઇ જાય. મુંબઇમાં મકાનો છે, માણસોનો મહેરામણ મુંબઇમાં હું તો જોઈ–જોઇને થાકયો, પણ મને માનવોમાં વસેલી માનવતાનાં દર્શન જવલ્લે જ થતાં.

વિશાલકાય મ્હેલાતોમાં મ્હાલતા, મોટરોમાં બેસી ધરતી ખૂંદતા માલેતૂજાર શ્રીમાનો જોવાનો મને જે અવસર અહિં મળે છે, તે રીતે ફાટયા કપડાં, મેલું ધૂળ રગદોળાયેલું શરીર અને બબ્બે દિવસની ભૂખથી જેના પેટમાં ઉંડા ખાડા પડયા છે. આવા દરિદ્ર-નારાયણોનાં દર્શન પણ આ જ શહેરમાં મને થયાં. ભાઇશ્રી ! ૧૫ મી ઓગષ્ટનો મહોત્સવ હું જોઇ–જોઇને થાકયો. શહેરમાં લાખ્ખોની રોશની, ભભકો અને શણગાર જોઇ મને પેલા દીન, કંગાલ આપણા દેશબાંધવોની પેલી રોતી સુરત યાદ આવી.

મને થયું કે, આ બધા મોજશોખ, રંગરાગો અને જલસાના ખાલી ભપકાઓ પાછળ આપણે આપણા ક્રોડો દેશબાંધવોને ભૂલી જઇએ છીએ એનું કેમ ? મુંબઇ જેવા શહેરમાં પુણ્ય–પાપ આ બન્નેના સારા–નરસા પરિણામો જોઈ મને કર્મના વિષમ પરિણામો, જે જૈનશાસ્ત્રોમાં વર્ણવ્યા છે, એનું સ્મરણ થયું.

સ્વાતંત્ર્ય ડે'ની ઉજવણી, મુંબઇએ સારી રીતે કરી, પણ ત્યારપછીના દેશભરનાં તોફાનોના સમાચારે આ ઉજવણીના રસને લૂંટી લીધો. બ્રિટીશ સત્તા વિદાય થાય છે, એ જેટલું સાચું છે એનાં કરતાં એ સત્તા પોતાના મુત્સદ્દીતાના છેલ્લા દાવ અજમાવીને 'પીવું નહિં પણ ઢોળી દેવા.' ની ચાલબાજી રમી ઉપડી જાય છે.

હિંદને સંસ્કૃતિહીન કરી મૂકી, મોજશોખ ને વિલાસોમાં પાગલ બનાવી એ પરદેશી લોકો વિદાય થાય છે, પણ શા માટે ? શું આ હિંદની રસકસ ભરી ભૂમિ, આ લોકોને ગમતી નથી એમ કે ? પૂ. ભાઇશ્રી ! હું ભૂલતો ન હોઉં તો આપે જ મને કહ્યું હતું કે, 'હિંદ સ્વતંત્ર બને તે બ્રિટનના લોકોને કોઇપણ રીતે પાલવે નહિ' વાત સાચી છે. મને આજની આઝાદીમાં શક રહે છે. હું ખોટો પડું તે ઇચ્છી રહ્યો છું, પણ હાલ આમાંનું કશું જણાતું નથી. હાલ કોટની ઓફીસમાં શેઠ......ને ત્યાં હું જોડાયો છું. ઘેર સર્વને પ્રણામ. એજ

લિ......ના વંદન.

[ ૨ ]

**પૂ. વડીલ ભાઇશ્રી**......ની સેવામાં. આપનો તા. ૫ મીનો પત્ર મલ્યો. હિંદના ગવર્નર જનૅલ માઉન્ટબેટન અહિં આવીને ગયા. પોતાના દેશબાંધવોને વળાવવા માટે એ આવ્યા હતા, એમ છાપાઓના લખાણો પરથી મેં જાણ્યું. આપણા લોકો માને છે કે, "પરદેશી લોકો વિદાય થતા જાય છે' કોંગ્રેસનો આ કેવો વિજય !" પણ ભાઇશ્રી ! મને આ સાંભળતાં જરૂર હસવું આવે છે. આ મહાન પ્રજા, કોઇ દિવસે હારી, નાસપાસ થઇ કે આશા છોડી, પરાજિતની વેદનાને અનુભવતી જોઈ સાંભળી છે કે ? ત્યારે એ કેમ જાય છે ? એના દેશમાં એની જરૂર પડી છે. એની માભોમ ધરતીનો એને સાદ પડયો છે, માટે પોતાના દેશને સમૃદ્ધ કરવા, પેટે પાટા બાંધીને, કાળી મજૂરી કરી એ પોતાના દેશને ફરી પાછો ટટાર કરશે, આ કારણે આ ગોરી ચામડી હિંદમાંથી વિદાય લઈ રહી છે. ભાઈશ્રી ! કલકત્તાનું તોફાન શમ્યું કે, પંજાબ, સરહદ પ્રાંત, દીલ્હી, સિંધ આ બધા દેશોમાં ભયંકર દાવાનલ ફાટી નીકળ્યો છે. લાખ્ખો માણસો પોતાની વ્હાલી જન્મભૂમિને ત્યજી, જીવન જીવવા ખાતર અજાણ્યા પ્રદેશોમાં જઈ રહ્યા છે.

કોંગ્રેસ સત્તા પર ભલે આવી પણ આજે ચારે બાજુ એની સ્હામે તોફાનો શરૂ થયાં છે. કોંગ્રેસ અને તેના લોકપ્રિય નેતાઓની પહેલી ભૂલ, હિંદના ભાગલા સ્વીકારવાની બ્રિટીશ યોજનાને નમતું આપવામાં થઈ છે, બીજી ભૂલ, ભાગલા પહેલાં વસ્તીની ફેરબદલી ન કરવામાં થઇ છે, જેના પરિણામે લાખ્ખો માનવોની જીંદગી ભયમાં મૂકાઇ ગઇ.

હાલ તેની ત્રીજી ભૂલ, થતી રહે છે, તે એ કે, મુસ્લીમોને પાકીસ્તાનમાં અને બીનમુસ્લીમોને હિંદુસ્તાનમાં આ વહેંચણી થવી જોઈતી હતી, તેમાં કોંગ્રેસના માનનીય નેતાઓ શા માટે સંમત નહિ થતા હોય ? ખરે, આજે એ મ્હોટા ગણાતા માનવોના હાથે જે કાર્યો થઇ રહ્યાં છે, એ ઘણાં જ કમનશીબ તેમજ લોકોના જીવન વ્યવહારોમાં પારાવાર મુશ્કેલીઓ ઉભી કરનારાં છે.

ભાઈશ્રી ! ગઇકાલ રવિવાર હોવાથી ઓફીસમાં રજા હતી. એ રજા માણવા હું ચોપાટી ગયો હતો, તે વેળા આશરે ૫ નો સમય હશે, પણ ચોપાટીનો દરીયાકાંઠો માનવોના કીડીયાળાંથી ઉભરાઇ ગયો હતો. મોંઘવારી, બેકારી કે એવું બીજું કાંઇ મને ન જણાયું. મોટરોની લાંબી કતારો ત્યાં ખડકાતી હતી. તે વેળા મારા જેવાને એક રસ્તાથી બીજો રસ્તો લંઘવો હોય તો લગભગ અડધા કલાક સુધી, ત્યાં ઉભા રહેવું પડે. મને થયું કે, આ બધા મોટરવાળાઓને આ રસ્તા પર બીજાના માર્ગને વિઘ્નરૂપ બનીને ફરવાનો હકક શો છે ? જે ધરતી એમને સ્થાન આપે, તેની છાતી પર આવા રાક્ષસી યંત્રોથી તેને ખુંદી નાંખવી તે શું આ લોકોનો જુલમ નહીં કે ?

પણ મને કોણ સાંભળે ? અરે, હિંદ દેશે પોતાની પ્રતિષ્ઠા ગૂમાવી. વિલાસી ને રંગરાગમાં ગાંડા-ઘેલા બનેલા આ હિંદને સ્વતંત્રતા મલી એનો અર્થ શો ? જ્યાં પોતાના દેશબાંધવોને પેટપૂરતું ખાવા પણ ન મળતું હોય ત્યાં આવાં ઇંદ્રિયોનાં ઉચ્છ્રંખલ તોફાનોમાં આટ-આટલો પૈસાનો ધૂમાડો કરવાનું આ માનવોને કેમ સૂઝતું હશે ?

ચોપાટીથી ઉપર બાગમાં આવ્યો ત્યાં પણ પુરૂષો અને સ્ત્રીઓની લાંબી લાંબી ભીડ જામેલી હતી. થોડીવાર આંટો મારી, હું નીચે ઉતર્યો. પાછા વળતાં લેમીંગ્ટન રોડ થઇ, કૃષ્ણ સીનેમા આગળ મેં જોયું તો માણસોની લાઇનો ઉભી હતી. મુંબઈ જેવા શહેરમાં આર્યસંસ્કૃતિ કે તેના આદર્શને જાણે કે સ્થાન નથી એ જાણી મને ઘણું જ દુઃખ થયું.

ભાઇશ્રી ! ઓફીસમાં મને ફાવી ગયું છે. મારા અંગેની ચિંતા કરશો નહિ. બે-ચાર દિવસ ઓફીસના કાર્ય અંગે કદાચ મારે કલકત્તા જવાનું થશે, હજુ નક્કિ નથી. એજ- લિ... . ના પ્રણામ.

[ ૩ ]

**પૂ. માનનીય વડીલ ભાઈશ્રી** ......ની સેવામાં, આપનો પત્ર, આ વેળા ઘણો મોડો મલ્યો. શેઠ હજુ દેશમાંથી નહિ આવવાને કારણે મારે કલકત્તા જવાનું હાલ બંધ રહ્યું છે. એકાદ અઠવાડીયા બાદ જવાનું થશે. ભાઇશ્રી આ પખવાડીયામાં મુંબઇમાં ઘણા નવા બનાવો બની ગયા. આપણા પર્યુષણ મહાપર્વ બેઠા ને ઉઠી પણ ગયાં. હું મ્હોટે ભાગે મને નજીક પડતું હોવાથી ગોડીજીના ઉપાશ્રયે જતો હતો. લાલબાગ, સેન્ડહર્સ્ટ રોડ, આદીશ્વરજીના ઉપાશ્રયે, કોટ, દાદર, માટુંગા, પાર્લા, અંધેરી, શાંતાક્રુઝ, ઘાટકોપર આ બધાય સ્થાનોમાં પર્વાધિરાજની ઉજવણી થઇ હતી.

આશ્ચર્ય તો એ હતું કે, આટ-આટલા સ્થાનોમાં પૂ. મુનિવરોની હાજરી હોવા છતાં, ગીરગામ-વિઠ્ઠલભાઇ પટેલ રોડ પર આવેલા 'આનંદભુવન' માં મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય હેઠળ, પર્યુષણ પર્વના નામે, નવું ધાંધલ ઉભું કરવામાં આવ્યું હતું; આમાં જૈન સમાજના જૂના અને જાણીતા સોલીસીટર મોતીચંદભાઇ અને તેમના બંધુ પરમાણંદભાઈ મુખ્ય હતા. મોતીચંદભાઈ, ગોળમાં ને ખોળમાં પગ રાખનારા શાણા આગેવાન છે. ગોડીજીના ઉપાશ્રયે પણ તેઓ વ્યાખ્યાન સાંભળવા આવતા જ્યારે ' આનંદભુવન ' માં પણ તેમના વ્યાખ્યાન સમયે તેઓ હાજર રહેતા. શ્રીયુત પરમાણંદ કાપડીયાનું વ્યાખ્યાન, ભાદરવા શુદિ ૧ ના દિવસે હતું. હું પણ તે સાંભળવા ત્યાં ગયો હતો. ભ. શ્રી મહાવીર અને મહાત્મા ગાંધીજી આ બન્નેની સરખામણી કરવાનો બાલીશ પ્રયત્ન તેઓએ કર્યો હતો. પણ એમાં એઓ નિષ્ફળ ગયા હતા ને સાંભળનારાઓ ઉપર જોઇએ તેવી છાપ પાડી શકયા ન હતા.

પર્વાધિરાજની ઉજવણી બાદ, મુંબઇમાં 'જુનાગઢની આરઝી હકુમત' ની સ્થાપનાનો પ્રસંગ બની ગયો. એ દિવસે માધવબાગમાં ગંજાવર માનવમેદની જામી હતી. તેમાં કાઠીયાવાડ–ગૂજરાતના માણસો મુખ્ય હતા. આશરે પાંચ હજાર માણસો હશે, તે દિવસે ત્યાં 'આરઝી હકુમત' ની સ્થાપના થઈ હતી. જગતના ઇતિહાસમાં આ પહેલો જ પ્રસંગ હતો, શ્રી શામળદાસ ગાંધીએ જોરદાર ભાષણ કર્યું હતું. ત્રીજે દિવસે 'બોમ્બે સેન્ટ્રલ' પર તેઓને વિદાયમાન મલ્યું હતું.

સૌરાષ્ટ્રના જૂના જોગી અમૃતલાલ શેઠે, શામળદાસ ગાંધીને રાષ્ટ્રધ્વજ અને તલવાર આપી હતી. એ વેળા શામળદાસ બોલ્યા હતા કે, 'જુનાગઢના નવાબને રાજ્યપરથી પદભ્રષ્ટ કરીશું. જે કોઇનું કાંઇ પણ ગયું હોય તો અમને જણાવે, તો જુનાગઢની તીજોરીમાંથી, નવાબની બેગમના દાગીના, જરજવેરાત વગેરેમાંથી પ્રજાને ગયેલી વસ્તુ અમે પાછી આપીશું" એમ આરઝી હકુમતના પ્રમુખ તરીકે શ્રીયુત ગાંધીએ જણાવ્યું હતું. આગળ વધતાં તેઓએ કહ્યું હતું કે, "હું વૈશ્ય છું, મેં કોઇ દિવસ તલ્વારથી લડત કરી નથી, અત્યારસુધી હું કલમથી લડતો આવ્યો છું. આજે હું તલ્વાર હાથમાં ઝાલું છું, હું કેમ લડીશ? તે કૃપા કરી મને પૂછશો નહિ. ભગવાને મારા કાનમાં કહ્યું છે કે, 'વિજય તમારો છે.'

વડિલશ્રી! ભાઇ શામળદાસનું સમગ્ર ભાષણ ઝનુની હતું. મને આશ્ચર્ય એ થાય છે કે, તમામ શસ્ત્રાસ્ત્રોથી સજ્જ બ્રિટીશ સરકારને અહિંસક યુદ્ધથી હરાવવાની વાતો કરનારા આ લોકોને, જુનાગઢની સરકારને જીતવા માટે હવે શસ્ત્રો કેમ લેવાં પડે છે? અહિંસાનો સિદ્ધાંત કયાં ગયો? જુનાગઢની સરકાર, મુંબઇમાં સ્થપાય છે, આ કેવી હવાના બાચકા જેવી વાતો છે?

આ આરઝી હકુમતે રાજકોટ જઇ, હજુ કાંઇ કર્યું નથી, ફક્ત જુનાગઢનો બંગલો જે રાજકોટમાં હતો તેનો કબ્જો લીધો છે.

ભાઇશ્રી! મુંબઈ શહેરમાં મને આ અઠવાડીયે ડો. રાધાકૃષ્ણજીના ભાષણને સાંભળવાનો અવસર મલ્યો. એ દિવસ શનિવારનો હતો, એટલે બોરીસમાંથી વ્હેલો આવી હું તેમનું ભાષણ સાંભળવા ગયો હતો. ડો. એસ. રાધાકૃષ્ણજી હિંદના અનેક તત્ત્વવેત્તાઓમાંના એક છે. યુરોપ જેવા રાષ્ટ્રોએ પણ આ વિદ્વાનનો સારો સત્કાર કર્યો છે. અહિં તેઓ ખાસ પ્રસંગ ઉપર આવ્યા હતા. તેઓની ભાષા ઇંગ્લીશ હતી. છતાં એમનું ઇંગ્લીશ સરળ હતું. તેમણે વર્તમાન વાતાવરણની સારી સમીક્ષા કરી હતી.

એસ. રાધાકૃષ્ણજીનું આ ભાષણ ઘણુંજ મનનીય અને વેધક હતું. તેઓએ કહ્યું હતું કે, 'હિંદુસ્તાન સ્વતંત્ર બન્યું તે અવસરે આપણે હલકા ઠર્યા છીએ. મહાન મુત્સદ્દી ચર્ચીલે જે કહ્યું હતું કે, 'હિંદમાં લોહીની નદીઓ વ્હેતી થાશે,' એ સાચું પડયું છે. આજે માનવોમાં સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ રહી નથી. બીજાઓએ શોધેલા સિદ્ધાંતો આપણે ઝટ માની લઇએ છીએ.' જગતમાં જે કાંઈ પ્રગતિ થઇ રહી છે, તે આત્મબલવાળા માનવોએ જ કરી છે. સ્વતંત્ર આત્મબળ એ જ સંસ્કૃતિની પ્રગતિનું મૂળ છે. આજે હિંદમાં સ્વતંત્રતાના આગમનની સાથે લોહીની સરિતાઓ વહી રહી છે, માનવો મરી રહ્યા છે, તેના કરતાં વધુ શોચનીય તે છે કે, 'હિંદ જેવા દેશમાં માનવતા મરી રહી છે' આગળ બોલતાં તેઓએ જણાવ્યું હતું કે, 'આજે તો લોર્ડ એકટનના કહેવા મુજબ સત્તા માનવને બગાડે છે, અને સંપૂર્ણ સત્તા માનવને સંપૂર્ણ રીતે બગાડે છે. આર્થિક અને રાજકીય સત્તા અમુક માણસોના હાથમાં ન હોવી જોઇએ, નહિતર પ્રજાશાસન ન ચાલી શકે. જેમાં નિઃસ્વાર્થી માણસો હોવા જોઇએ. આજે એવા માણસો કયાં છે?

વધુમાં શ્રીયુત રાધાકૃષ્ણજી એમ બોલ્યા હતા કે, 'આજ સુધી આપણે અંગ્રેજોને ચુસણનીતિ માટે દોષ દેતા હતા જ્યારે આજે આપણે કોને દોષ દેશું? આજે અનેક પ્રકારની મુક્તિની વાતો થઇ રહી છે, પણ સહુથી મહાન મુક્તિ સ્વાર્થવૃત્તિથી દૂર રહેવામાં રહેલી છે.' છેવટે તેમણે દુનીયાના માનવોને ઉદ્દેશીને કહ્યું હતું કે, 'માનવતાનાં મૂલ્ય આંકતાં શીખો! માનવતાનું ખૂન ન કરો.'

આ અંકે આ લેખમાળાનો છેલ્લો હપ્તો પૂર્ણવિરામ તરફ જઇ રહેલ છે.

# દ્રવ્યગુણપર્યાયનો રાસ

પૂ૦ મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ

[ શ્રી કાનજીસ્વામીનાં એક પક્ષીય પ્રતિપાદનો સામે યોગ્ય માર્ગદર્શનને ચીંધતી અને જૈનધર્મના મર્મને સ્યાદ્વાદશૈલિએ નિરૂપણ કરતી આ લેખમાળા આ અંકે પૂર્ણવિરામને પામે છે. પૂ. મહારાજશ્રીએ અથાગ પરિશ્રમ સેવી નિયમીત લેખો એ વર્ષ પર્યંત મોકલી આપ્યા છે તે બદલ તેમનો ઋણી છું. લેખમાળાને પુસ્તક આકારે છપાવવા વિચાર ચાલી રહ્યો છે. **સં૦** ]

જૈનશાસનના નયવિશારદ એવા સમર્થ શ્રુતધરો ફરમાવે છે કે, વ્યવહારનય, જો નિશ્ચયની અવગણના, તિરસ્કાર કે ખંડન કરતો હોય તો તે અસદ્ વ્યવહાર છે અને દુર્નય સ્વરૂપે છે. એજ નય જો પોતાની વાતનું સમર્થન કરી, પોતાથી જુદીજ વસ્તુને સાપેક્ષ દૃષ્ટિએ સમજાવનાર નિશ્ચયનયનું ખંડન કે મંડન ન કરતો હોય તો તે નયસ્વરૂપે કહેવાય છે અને નિશ્ચયની વાતને કબુલ રાખી પોતાની વાતને અમુક અંશમાં પુષ્ટિ કરતો હોય તો તે વ્યવહારનય પ્રમાણ સ્વરૂપ કહેવાય છે. યદ્યપિ; નિશ્ચયનય એ નયાધિરાજ હોવા છતાં બીજા નયોના ખંડનમાં જ જો ઉતરી પડે તો તે પોતે એકલો અને અટુલો પડી જવાથી કોઇના ઉપર આધિપત્ય ભોગવી શકતો નથી. તેમજ સ્વયં પણ એકાંગી માન્યતાવાળો હોવાથી દુર્નય સ્વરૂપે બને છે. જે લોકો એમ કહે છે કે, વ્યવહાર છે ખરો પણ માન્ય નથી; તે લોકો પોતાના જ કથનથી વ્યવહારનયના ઉચ્છેદક બની; પોતે માનેલા કપોલકલ્પિત એવા નિશ્ચયનયને પણ દુર્નય સ્વરૂપે બનાવી, જાણે-અજાણે તેના ઉચ્છેદક જ બને છે. ધ્યાનમાં રાખવું કે, જેમ એકલો વ્યવહાર એ આંધળો છે, તેમ એકલો નિશ્ચય એ પાંગળો છે.

જૈનશાસનરૂપી ગરૂડની,-વ્યવહાર નિશ્ચયરૂપી બે પાંખોને સજીવન રાખી ઉર્ધ્વગતિરૂપ આકાશમાં ઉડ્ડયનને જે લોકો વાંચ્છી રહ્યા છે તે આત્માઓ ઇષ્ટ સિદ્ધિરૂપ પરમાત્મદશાને, જ્ઞાની કથિત પ્રયત્નદ્વારાએ અવશ્ય પામી શકે છે, પણ જે અજ્ઞાનો બે પાંખ રૂપ વ્યવહાર-નિશ્ચયમાંથી એકને છેદી ઉડવાનો બાલીશ પ્રયત્ન કરે છે તે તો ખરેખર ગરૂડ રૂપ જિનશાસનને ઘાયલ કરી પોતાની જાતને પણ ઘાયલ કરે છે. આથી એ વાત નિશ્ચિત જ છે કે, વ્યવહારનયનું અસ્તિત્વ સ્વીકારી તેને માનવામાં જે લોકો અખાડા કરે છે, તે લોકો જાણે-અજાણે સ્વચ્છંદી બુદ્ધિના ભોગ થઇ પડેલા છે. આવાઓ પોતાના માર્ગને સન્માર્ગ તરીકે જાહેર કરવા ગમે તેટલાં બણગાં ફૂંકે કે વાજીંત્રો વગાડે પણ તેમનો તે અવાજ ફુટેલા ઢોલ કરતાં જરા પણ અધીક નથી.

અહિં કોઇ વાંચકે એવી કલ્પના લેશમાત્ર પણ કરવી નહિ કે, અમે નિશ્ચયનું મુલ્યાંકન સ્વલ્પ આંકીએ છીએ. વ્યવહારને સાથે રાખી નિશ્ચયને હૈયામાં સ્થાપનારા તો પ્રભુશાસન રૂપ આકાશમાં ચમકતા તારાઓ છે. જ્યારે એકલા વ્યવહારનયને જ મહત્ત્વ આપી નિશ્ચયની હાંશી કરનારા તો ગતાનુગતિક એવા ગાડરીઆ પ્રવાહ તુલ્ય છે. પણ સાથે એ વાત પણ ભૂલવા જેવી નથી કે, વ્યવહાર છે ખરો પણ માન્ય નથી; એવું છડેચોક બોલનારો અને લખનારો વર્ગ એકલા નિશ્ચયને જ માનનારો છે. શાસનના પ્રેમીએ એ વાત કદી પણ ભૂલવા લાયક નથી કે, એકલો નિશ્ચય એ ત્રણ કાલ, ત્રણ લોકમાં જૈનશાસન તરીકે પ્રમાણભૂત નથી.

---

મોટાભાઇ ! શ્રીયુત રાધાકૃષ્ણનો આ બોધપાઠ આજે હિંદે, અને તેમાં પણ કોંગ્રેસના આગેવાનોએ વ્હેલામાં વ્હેલી તકે હૃદયમાં ઉતારવા જેવો છે. બીજુ; ભાઇશ્રી ! આપે જે પૂછાવ્યું કે, ' મહાત્મા ગાંધીજીનું સ્મારક થવાનું હતું તેનું શું થયું ? ' આપના આ પ્રશ્નનો જવાબ હું બીજા પત્રમાં આપીશ. કેમકે હવે મારે ઓફીસે જવાનો ટાઇમ થાય છે. સ્નાન, પૂજા કરીને સામાયિક કરવા બેસતો હતો ને આપના પત્રનો જવાબ આપવાનું બાકી હોવાથી એ કામ પતાવવા બેઠો, હજુ જમવાનું બાકી છે. એજ સર્વને સ્નેહવંદન -લિ. આપનો આજ્ઞાંકિતના પ્રણામ

વ્યવહારનય, આત્માને કર્મનો કર્તા, ભોક્તા અને એ કર્મનેજ અંગે સંસારમાં ભટકનારો માને છે. વિશેષમાં સકલ કર્મોનો નિર્મૂળ ક્ષય થએ, આત્માને મુક્ત તરીકે પણ ઓળખાવે છે.

જૈનશાસન ગરૂડની એક પાંખ રૂપ વ્યવહારનું આ જાતિનું પ્રતિપાદન જોરશોરથી કરે છે; ત્યારે બીજી બાજુ સોનગઢના સ્વામીજી આ પાંખનું મૂળથી છેદન કરતાં કહે છે " અરે ! ભાઇઓ ! તમે સમજો, તત્ત્વને જરા ઝીણવટથી સમજો. કર્મ અને આત્મા બે દ્રવ્યો એકાન્તિક અને આત્યંતિક ભિન્ન છે. કર્મ જડ છે, આત્મા ચેતન છે. કર્મના ગુણ-પર્યાય જુદા છે. અને આત્માના ગુણ–પર્યાય જુદા છે. કર્મ આત્માનું કંઇ કરી શકે એ માનવું એ પણ મિથ્યાત્વ છે." આના જવાબમાં હું એમ કહું છું કે, મગનલાલ નામના એક માણસે પુણ્ય ક્રિયાથી સ્વર્ગને અનુકૂળ એવાં આયુષ્ય કર્મનાં દળીઆં બાંધ્યા અને છગનલાલ નામના એક માણસે ઘોર પાપક્રિયાથી નરકગતિને અનુકૂળ એવાં કર્મનાં દળીઆં બાંધ્યાં. હવે જ્યારે આત્મા અને કર્મો બન્ને એકાંતે ભિન્ન જ છે. બન્નેના ગુણ–પર્યાયો પણ જુદા જ છે, તેમજ એક બીજા એક બીજાનું કાંઇ કરી શકતાજ નથી, તેમજ પરસ્પર સહાયક પણ નથી. તો નરકગતિને અનુરૂપ દળીઆં જેણે બાંધ્યાં છે તેને નારકીય શરીરનો જ સંબંધ કેમ થાય છે અને સ્વર્ગીય શરીરનો સંબંધ કેમ નહિ ? એજ રીતે સ્વર્ગીય આયુષ્યનાં દળીઆં જે મગનલાલે બાંધ્યાં છે તેને નારકીય શરીરનો સંબંધ કેમ નહિ ? ધ્યાન રાખવું કે, અહિં ભિન્નત્વ સમાન હોવાથી મગનલાલને સ્વર્ગીય શરીરનો જ સંબંધ થાય અને છગનલાલને નારકીય શરીરનો જ સંબંધ થાય એ નિયમ રહેતો નથી. અહિં પૂર્વપક્ષવાદી પોતાના મતે સમાધાન કરતાં કદાચ એમ કહેશે કે, નારકીય શરીરનું ઉપાદાન કારણ નારકીય આયુષ્યનાં દળીઆં છે અને સ્વર્ગીય શરીરનું ઉપાદાન કારણ, સ્વર્ગીય આયુષ્યનાં દળીઆં છે. માટે જ્યાં ઉપાદાન કારણ હોય ત્યાં ઉપાદેય કાર્ય થાય. આની સામે પણ સિદ્ધાન્તવાદી પૂછી શકે છે કે, સ્વર્ગીય શરીરમાં, સ્વર્ગીય કર્મો જ્યારે કારણ છે તો, તે સ્વર્ગીય શરીરમાં નારકીય કર્મ બાંધનાર આત્મા કેમ ન સંચર્યો ? અને સ્વર્ગીય કર્મ બાંધનારજ આત્મા કેમ સંચર્યો ? ધ્યાન રાખવું કે, નારકીય કર્મથી, નારકીય કર્મને બાંધનાર આત્મા જેમ ભિન્ન છે; તેમ સ્વર્ગીય કર્મ બાંધનાર પણ ભિન્નજ છે. બન્નેમાં ભિન્નત્વ અવિશેષ પણે રહેલું હોવાથી અમુકજ આત્મા (સ્વર્ગીય કર્મને બાંધનારજ આત્મા ) સ્વર્ગીય શરીરથી જોડાય એ વાત, કર્મ અને આત્માને એકાંતે ભિન્ન મનાવનારના જાતે તેમજ એક બીજા, એક બીજાનું કાંઇ કરી શકતાજ નથી, તેમજ સહાયક પણ પરસ્પર થતા નથી એવું માનનારના મતે કોઇ રીતે ઘટતી નથી. સિદ્ધાન્તપક્ષ તો વ્યવહારનયનું આલંબન લઈ સાફ-સાફ જણાવે છે કે, જે જીવે, જે ગતિને અનુરૂપ આયુષ્ય બાંધ્યું હોય, તે જીવ તેજ ગતિમાં જાય. કારણ કે જીવ, જેમ કર્મનો કર્તા છે, તેમ ભોકતા પણ છે.

ઉપરોકત તર્કનો શાસ્ત્રીય ઉત્તર આપવાની સાચી તેવડ નહિ હોવાથી. કાનજીસ્વામીએ પોતાના પંથ–વાડાને ચલાવવા એક નવો બુટ્ટો ગોઠવી કાઢયો છે. તે એ છે કે, " જે કાલે જે દ્રવ્યનો જેની સાથે જોડાવાનો સંબંધ હોય તે કાળે તે દ્રવ્ય તેનીજ સાથે જોડાય. એમાં કર્મ–બર્મ કંઇ કારણ નથી". પ્રસ્તુતમાં પોતાના મતે ઘટાવતાં એ કહેશે કે, "સ્વર્ગીય શરીરની સાથે જોડાનાર આત્માનો એ કાલે એવોજ સંબંધ લખાયેલો માટે એમ બન્યું પણ એમાં કર્મની કારણતા, જરા પણ માની શકાય નહિ. " આ રીતે સમાધાન કરનાર કર્મની નિમિત્ત કારણતાને તરછોડવા જાય છે પણ અજાણપણે કાલની નિમિત્ત કારણતાનો પોતે સ્વીકાર કરી લે છે એવું પણ પોતાને ભાન રહેતું નથી.

નિમિત્ત કાંઇ કરી શકતુંજ નથી. પણ ઉપાદાન કારણજ કાર્યમાં કારણ તરીકે ભાવ ભજવી શકે છે. એ વાત કાનજીસ્વામીજી ચાલુ ચાલના ભાદરવાના [ આત્મધર્મ: માસીક ] અંકમાં અનેક, મુદ્દાઓ ઉભા

કરી, ખોટી રીતે સાબીત કરવા મથી રહ્યા છે, પણ ખેદની વાત છે કે, આ પત્રના સંચાલક શ્રીયુત જમનાદાસ રવાણીને હૈયે પણ એ વાત સ્વામીજી ઠસાવી શકયા નથી. જો એ વાત શ્રીયુત રવાણીના હૈયામાં ઠસી હોત તો એજ પત્રના અંતિમ પૃષ્ઠના અંતમાં નીચેનો પેરેગ્રાફ લખવાની શ્રીયુત રવાણી કદી પણ ભૂલ ન કરત આ રહ્યો એ પ્રેરેગ્રાફ.

"છાપખાનામાં મશીન તેમજ માણસોની, તકલીફને કારણે તથા ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતાનું મેટર મેળવવામાં ઢીલને કારણે આ અંક ઘણો મોડો પ્રગટ થયો છે. તે માટે આપ સૌની ક્ષમા ચાહુ છું"

જો શ્રીયુત રવાણીએ એ અંક ધ્યાનપૂર્વક વાંચ્યો હોત; તેમજ તેમની શ્રદ્ધા પણ તેમાં અવિચલિત હોત તો ઉપરોકત લખાણ લખવાની ભૂલ તેઓ હરગીજ ન કરત. કેમકે એ પત્રમાં ઉપાદાનજ કાર્યમાં કારણ છે અને નિમિત્ત તો બિચારૂં કાર્ય કરવામાં રાંકડું છે, એને અંગે લગભગ બાવન મુદ્દાઓ આપ્યા છે. ખરેખર રવાણીની ઉપર આપેલી ચારજ લીટી, પેલા બાવન મુદ્દાઓ ઉપર હડતાલ ફેરવે છે. આશા છે કે, અંકમાં આપેલા બાવન મુદ્દાઓને અબાધિત રાખવા પણ રવાણી નીચેનું લખાણ લખશે.

"છાપખાનામાં માણસો તેમજ મશીનનો પર્યાય મોડો જન્મવાનોજ લખાએલો હોવાથી, તેમજ ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતાનું મેટર કાળવિલંબેજ મળવાનું લખાએલું હોવાથી, આ અંકરૂપ પર્યાય મોડો પ્રગટ થયો છે. [ એ પણ તે કાળેજ પ્રગટ થવાનો લખાએલો હોવાથી ] તે માટે મારો ક્ષમારૂપ પર્યાય હું તમને આ તકે જણાવું છું."

ઉપરનું લખાણ લખી, નિમિત્ત કારણની મુખ્યતાને પ્રતિપાદન કરનારૂં લખાણ જો રવાણી પોતાની ભૂલ સાથે ભુંસી નાખશે તો સ્વામીજીના નિમિત્ત-ઉપાદાનની સ્વતંત્રતાના મેટરવાળા અંકને એક નાનું કલંક લાગતું અટકી જશે.


આજેજ મેમ્બર બનો

# સરસ્વતિ સાહિત્ય રત્નગ્રંથાવલિ

ની

# યોજના

| | |
|---|---|
| કાયમના સભાસદના | રૂા. ૧૨૫–૦–૦ |
| છ વર્ષના મેમ્બરના | રૂા. ૫૦–૦–૦ |
| વાર્ષિક મેમ્બરના | રૂા. ૧૦–૦–૦ |

**વર્ષનાં ત્રણ પુસ્તકોમાં લગભગ આશરે હજાર પાનાનું વાંચન આપવામાં આવે છે.**

મેમ્બર થવા આગ્રહભરી વિનંતિ છે.

## અમારાં પ્રકાશનો

| | |
|---|---|
| અનુપમા દેવી | રૂા. ૫–૦–૦ |
| પાટમદે | નથી |
| આબરૂની ભીતર | રૂા. ૩–૦–૦ |
| મહામંત્રી શકટાળ | રૂા. ૪–૮–૦ |
| દેવકુમાર [ આવૃત્તિ ૨ જી ] | રૂા. ૩–૦–૦ |
| પુરૂષાર્થ | રૂા. ૪–૦–૦ |
| શ્રીપાળ રાજાનો રાસ | રૂા. ૫–૦–૦ |
| મેવાડના અણમોલ જવાહિર | રૂા. ૧૦–૦–૦ |
| ડગમગતું સિંહાસન [ઐતિહાસિક] | રૂા. ૪–૦–૦ |

લખો—

કવી ભોગીલાલ રતનચંદ

રતનપોળ, પીંપળાવાળો ખાંચો

અમદાવાદ

સોલ એજન્ટ

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

પાયધુની, ગોડીજીની ચાલ

મુંબઈ ૨

જેમાં પુણ્યભૂ ગુર્જરરાષ્ટ્રની તેજદીપ્તિ પોતાનાજ રાજાની આંધળી પ્રવૃત્તિથી ઓલવાઇ જાય છે.

# આતતાયી:

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ

[ વિક્રમની ૧૨૩૨ ની સાલ ચાલી રહી છે. અષાડ માસની મેઘલી રાત જામી છે. આકાશમાં વાદળીઓની ભૂલભૂલામણી રચાતી જાય છે. ઝંઝાવાત સાથે વિદ્યુતના ઝબકારા વધી રહ્યા છે. વરસાદ શરૂ થયો છે.

એ સમયે કેટલાક માનવ–પડછાયા પૌષધશાળા તરફ આગળ વધી રહ્યા છે. એમાંથી એક જુવાન કાંઇક જુદો તરી આવે છે. એની વિશાળ છાતી, તેજસ્વી આંખો, દિવ્ય ભાલ અને સશક્ત દેહયષ્ટિ વિદ્યુતના તેજ લીસોટામાં ઝળકી રહે છે.

પૌષધશાળાનાં સિંહદ્વારમાં દ્વારપાળ ઉભા છે. પેલો જુવાન પરિચિત હોવાથી કોઇ તેમને અટકાવતું નથી. અંદર આચાર્ય રામચંદ્રસૂરિ, મંત્રીશ્વર આમ્રભટ્ટ અને કેટલાક શ્રાવકો બેઠા છે. પેલો જુવાન આચાર્યના પગમાં પડી નમન કરે છે. ]

આચાર્યઃ [ વાર્તાલાપ છોડી ] 'કોણ વાગભટ્ટ ?'

વાગ: [ હાથ જોડી ] 'જી હા, ગુરૂદેવ !'

આચાર્ય: ' કહો શા સમાચાર છે ? '

વાગ: (નીચે બેસી) ભગવન્ ! જિનમંદિર તુટયાની વાત સાચી છે. મુશકવિહાર અને બીજા મંદિરો ઉપર પણ ભય તોળાઇ રહ્યો છે. મહારાજાની જુલ્મગારીથી પ્રજાજનો ભડકી ઉઠયા છે. '

આચાર્ય: ( આંખો ઢાળી ) ' અફસોસ, કયાં એ સુવર્ણયુગ ? જ્યારે ગુરૂદેવની પ્રેરણા નીચે પરમાર્હત મહારાજા શ્રી કુંમારપાલદેવે ગુર્જરરાષ્ટ્રની કીર્તિધ્વજા ફરફરાવી હતી જૈન અને શૈવની સહિષ્ણુતાએ ગુર્જરીનાં ઘર આંગણે ફુલવાડી મ્હેકાવી હતી. એના મંત્રદ્રષ્ટાઓએ પોતાના તેજ શૌર્યથી એનું ગૌરવ જગાવ્યું હતું. '

આમ્ર: ' ભગવન્ ! આજે તો એ સમય બદલાઇ ગયો છે. અજયપાળના ઉન્માદથી માતૃભોમ ગુજરાતની વિજયપતાકા નીચે ઉતરી ગઇ છે. એની ઘાતકી પ્રવૃત્તિથી અણહીલપુર ઉપર વિનાશની છાયા ઉતરી રહી છે. પાટણનો રાજા, અમાત્યો અને મંત્રીઓની કત્લ કરે છે, મંદિરો અને મૂર્તિઓનો ધ્વંસ કરે છે. પ્રજાપર અમાપ સીતમ ગુઝારે છે. એની અબૂઝ ક્રુરતા આનર્તને નિર્જન–વેરાન બનાવી રહી છે,

આચાર્ય: ' ગુર્જરધરાની આથી કેવી કમનશીબી હોઇ શકે ? '

વાગ: ' દેવ, વળી એક બીજી બીનાપણ જાણવામાં આવી છે. રાજમંત્રી કપર્દીનો પત્તો નથી ! '

આચાર્ય: ( ચમકી ) શું કહો છો ?

[ પૌષધશાળામાં હિમ પડયા જેવો ભાસ થઇ રહે છે. ]

વાગ: ' સાચી વાત છે. '

આમ્ર: ' હું જાણું છું ત્યાંસુધી તો પાટણનો એ રણવીર યોદ્ધો નાસી જાય નહિ. નક્કી એ જુલ્મગાર શાસકે પોતાના ખપ્પરમાં એનો ભોગ લીધો હશે ! '

આચાર્ય: 'અજયપાળની સત્તા જેમ જેમ જામતી ગઇ, તેમ તેમ એની જુલ્મગારી દમ–બ–દમ બઢતી રહી. એની બાજી, મહાજનો અને ઋષિવરોનું નિકંદન કાઢતી રહી ને જૈનોનાં સારસ્વતગૃહો અને સંસ્કૃતિકેંદ્રોને ભસ્મસાત્ કરવાની એની ખ્વાહિશ જાગતીજ રહી. મંત્રીજી! મુશકવિહાર અને બીજા જિનમંદિરો માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે ?.'

આમ્ર: ' ગુરૂદેવ, આપે હવે નિશ્ચિંત રહેવું. એ માટે સંપૂર્ણ પ્રબંધ કરી લેવામાં આવ્યો છે. વાગ્ભટ અને મારા વિશ્વસ્થ સાથીઓને ત્યાં રોકી લેવામાં આવ્યા છે. જે પોતાના અતુલ સામર્થ્યથી એનું રક્ષણ કરશે. અમારા દેહમાં જ્યાંસુધી લોહીનું છેલ્લું બિંદુ રહ્યું હશે ત્યાંસુધી જિનમંદિરોના ઉત્તુંગ શિખરો પરની ધ્વજા નીચી ઉતારવા નહિ આપીએ. ઉદાયનના વીરપુત્રો પોતાના અફાટ–જુસ્સાથી ધર્મઝનુનીઓને પહોંચી વળશે '.

વાગ: ' ભગવન્! અમારી અતૂલ શક્તિમયી ભૂજાથી પાટણના દુશ્ચેષ્ટિત રાજાના દુષિત મનોરથો ધૂળ કરીશું. ધર્મમંદિર અને પ્રજાના મુક્તપ્રાણ માટે કેવળ મશગૂલ રહીશું. ભગવન્! ને અત્યારે જ મુશકવિહારના મેદાનપર ખડકાઇ પાર્શ્વનાથના ખોળે મૃત્યુ કબૂલ કરીશું '.

[એનો હાથ યમજિવ્હાસમી અસિ ઉપર ફરી રહે છે]

આમ્ર: (સભાને ઉદ્દેશી) 'કુળદીપકો! સાંભળજો, અજયપાળના ધર્મઝનુની હાથથી મોંઘેરાં જિનમંદિરોનું હવે રક્ષણ કરવાનું છે. કર્તવ્યની હાકલ પડતાં જ સંગઠિત બની યાહોમ આગે ધસવાનું છે. ધર્મસત્તાનું રણશીંગડું વાગતાં આત્મિક સ્વાર્પણથી યુદ્ધની પર્વણી ઉજવવાની છે. ધર્મસંરક્ષણના અમ્મર કાજે હૈયામાં જોમ અને જવાંમર્દીના પૂરભરી અન્યાયની દીવાલો ભેદી નાંખવાની છે.'

[એની આંખમાં અંગાર વરસી રહે છે]

વાગ: (ઉભો થતાં) 'ચિન્તા નહિ; હું જાઉં છું ભગવન્!'

[વાગભટ્ટ સૈનિકો સાથે મંદિરરક્ષાર્થે ઉપડી જાય છે]

દ્વારરક્ષક: (હાથ જોડી) 'ભગવન્! સેનાનાયક આવ્યા છે. આપને મળવાની રજા માગે છે.'

આમ્ર: આવવા દે.

સેનાનાયક ત્યાં આવી પહોંચે છે. આમ્રભટ્ટને જોઇ સ્હેજ કંપ પામે છે.

આચાર્ય: 'સજ્જન! અત્યારે ક્યાંથી?'

સેના: (જરા ખંખારી) 'મહારાજા અજયપાળ આપને બોલાવે છે.'

આચાર્ય: 'મેં ધારી જ લીધું હતું, પણ અત્યારે?'

સેના: 'હા.'

આમ્ર: (સાશંક) 'પાટણપતિને એવું તે શું કામ હશે? સજ્જન, તમે જાણો છો કે, નિર્ગ્રંથ મુનિવરો રાત્રિએ કે વર્ષાટાણે બહાર જતા નથી.'

સેના: 'એ હું ન જાણું.'

આચાર્ય: 'સજ્જન! એ પ્રહર ખમી જા! પ્રાત:કાળે—'

સેના: (વચમાં) 'નહિ, મહારાજ અત્યારે જ આપને મળવા માંગે છે. આપને આવવું જ જોઇશે.'

આમ્ર: (કડવું હસી) 'અને ન આવે તો?'

સેના: (જરા અધીરાઇથી) 'તો, દેવની આજ્ઞા હોવાથી મારે એમને બળજોરીથી પણ લઈ જવા રહેશે.'

[એનું વદન ભયથી અંકિત બને છે. બોલતાં એના ગળામાં તર બાઝે છે]

આમ્ર: (ટટ્ટાર બની) 'એમ? તો સમજી લેજે કે, એ આત્મરત સાધુને અડકતાં પહેલાં જ તારૂં શિર્ષ ઉડી જશે! લોહીના ફૂવારા છૂટી જશે!'

સેના: 'સરદાર! આપ ગુર્જરેશ્વરની આજ્ઞા ભંગ કરો છો. એનું પરિણામ કેવું ભયાનક આવશે તે જાણો છો? કપર્દીનું મ્હોત—'

આચાર્ય: (ચમકી) 'કપર્દીનું મ્હોત?'

સેના: 'હા, દેવની સર્વોપરિતા ને તિરસ્કારવાથી એને ઉકળતા તેલમાં નાંખી—'

આમ્ર: (વચ્ચે) 'ત્હારો રાજા એ દેવ નથી પણ માનવ રાક્ષસ છે. જૈન સંઘ પરની છીટમાં એને નિજ ધર્મનો ઉદ્ધાર દેખાય છે. સજ્જન! પણ ધર્મસ્વાતંત્ર્યની રક્ષા કરતાં યુદ્ધમાં ખપી જવું અમને વધુ પસંદ છે.'

[સમોવડીયાના મૃત્યુ સમાચારે એનું વજ્ર હૃદય પણ દ્રવીભૂત બની રહે છે]

સેના: (ઝીણી નજરે) 'સરદાર! આપનું સામર્થ્ય અજાણ નથી. પણ આપનાં કુંફાડા પાટણના રાજાની સામે ચાલી શકનાર નથી. ગુજરાતના સર્વસત્તાધીશની વતી મારે આપની સ્હામે શસ્ત્ર ઉંચકવા રહેશે.'

[કમ્મરેથી શમશેર કાઢી ખણખણાવી રહે છે]

આમ્ર: 'એમ? તો ચાલ ચોગાનમાં! હોશિયાર!'

[બંને પૌશધશાળામાંથી બહાર આવે છે. સજ્જનના છુપાવી રાખેલા સુભટો કીડીઆરાની જેમ ઉભરાઇ રહે છે. આમ્રભટ્ટની પડખે એનું સેવક દળ ગોઠવાઈ જાય છે. બંને વચ્ચે જંગ મચી રહે છે. સેનાનાયકના સુભટો વધારે હોવાથી આમ્રભટ્ટના સુભટો વીંધાઈ જાય છે]

આમ્ર: (સજ્જન ઉપર કુદી) 'લે! જો!'

[ખડ્ગની તિક્ષ્ણધાર એના દેહમાં જોરથી ખૂંપી દે છે. સજ્જન ભોંય પર ઉછળી પડે છે. એના દેહમાંથી રક્તનો પ્રપાત છૂટી રહે છે. શત્રુઓને ડામતું આમ્રભટ્ટનું અટ્ટહાસ્ય સંભળાય છે.]

સેના: (ચીસ નાંખતો) 'અંહ, આમ્રભટ્ટ! (દેહ ખંખેરતો) જો! આ તાકાતભરી ભૂજા! હા...હા...!'

[ સેનાનાયક તૈયાર થઇ જોરથી તલવારનો ઘાવ કરે છે. પણ આમ્રભટ્ટ સાવધ બની ઘાવ ઝીલી લે છે. એના વદન પર ક્ષાત્રતેજ ઝળકી રહે છે. યુદ્ધની ઝડપ વધતાં આમ્રભટ્ટ આવેશમાં આવી કેઈ સુભટોને યમસદન પહોંચાડી દે છે. પણ પાછળથી કોઈ સુભટ આવી એ રણધીર યોદ્ધાના મસ્તક ઉપર ઘાવ લગાવી દે છે. આમ્રભટ્ટ એને વીંધી શોણિત-સ્નાનમાં ફસડાઈ પડે છે. એ પછી સેનાનાયક પૌષધશાળામાં ધસી આચાર્યને જબરદસ્તીથી ઉપાડી અજયપાળ પાસે લાવી મુકે છે. ]

અજય: ( કોપજ્વાલાથી ) 'શયતાન સાધુ !' ગુર્જરેશ્વરની આજ્ઞા ભંગ કરી, ત્હેં ભયંકર રાજદ્રોહ કર્યો છે. વળી આજે મારા સેંકડો સુભટોનો ભોગ પણ લીધો છે. કહે શી સજા કરૂં ?'

આચાર્ય: ( ગંભીરતાથી ) 'યોગ્ય લાગે તે.'

અજય: ( જરા ધીમો પડી ) કવિ કટારમલ્લ ! 'જરા બરાબર સાંભળ ! હજી ત્હારે માટે જીવન સંરક્ષાનો એક માર્ગ બાકી છે. જો ! તું બાલચંદ્રને સૂરિપદ અર્પણ કરી તારો મનોનિર્ણય ફેરવવા કબૂલાત આપે તો ત્હારા સન્માનને માટે યોગ્ય પ્રબંધ કરૂં !'

આચાર્ય: 'એ નહિ બને. ગુરૂદેવની આજ્ઞા નહિ લોપાય !

અજય: ( ફીકકું હસી ) 'ચાહે તો મારી પાસે રાજ્યગુરૂનું વરવું પદ માગી લે ! તું કહેશે તો રાજદ્રોહની ક્ષમા આપી 'પ્રબંધ શતકર્તા' તરિકેની તારી કદર બુઝીશ. બોલ !'

આચાર્ય: 'તને ખબર નથી અજયપાળ ! અમને ભરમાવતાં પહેલાં તો તારે યુગો બરદાસ્ત કરવા પડશે. સામ્રાજ્યનાં પ્રલોભન કે કારાગારની નિર્વાસિતતાથી નિર્ગ્રંથ મુનિવરોને ચળાયમાન કરી શકાતા નથી. તારી પીંખાવટ જિનશાસનનું પ્રાબલ્ય ઘટાડી શકવાની નથી. રાજન ! ક્યા સ્વાર્થ સારૂ ધર્મસ્થાનકોને તારે ખંડેર કરવાં પડે છે ?'

અજય: ( ધૃષ્ટતાથી ) 'મંદિરોની શી ખોટ છે ? બે-ચાર મંદિરો તુટયાં એમાં—'

આચાર્ય: 'પાટણના રાજા ! હું આંખ મીંચું છું તો મને ગૂજરાતનું ભાવી કેવળ અંધકારમય ભાસે છે. ત્હારાં ગુન્હાહિત કૃત્યો ગુર્જર રાષ્ટ્રની તેજસ્વિતા ભસ્મીભૂત કરશે. એની અવનતિનાં અગોચર અંધાર શરૂ કરશે અને દેવી ગુર્જરીની પવિત્ર કાયા પરદેશીઓની એડી નીચે ખુંદાવશે. 'ત્હારૂં મ્હોત—'

અજય: ( પગ પછાડી ) 'બસ કર તારી વાહીયાત વાતો !'

આચાર્ય: 'જાલિમ રાજા ! રાંકડી રૈયતનો પુણ્ય-પ્રકોપ ભભૂકી ઉઠતાં, એની પ્રજ્વાલિત આગમાં કેઇ સલ્તનતો બળી ભસ્મસાત બની ગઈ છે. પ્રજાનો અંતરાત્મા ધુંધવાતાં એની પ્રગટતી જ્વાલામાં કેઇ સિતમગરો ખાક થઇ ગયા છે. રાજન ! ત્હારાં કૌતુકોથી ગુર્જરિનું અમર સિંહાસન જગરાષ્ટ્ર વચ્ચે મહિમાહિન થશે. એના મર્ત્યની ઉજાણી માટે પરદેશી સમળાંઓ ઉલટી પડશે'.

[ તેજ લીસોટા કરતી વીજળીથી આચાર્યનો દેહ પ્રકાશી રહે છે ]

અજય: 'આટલું બધું અભિમાન ?'

આચાર્ય: 'એ જ છે ત્હારૂં અજ્ઞાન'.

અજય: ( હાથ લાંબો કરી ) 'સુભટો ! આ ગુમાની સાધુનું શિર્ષ શમશેરની ધારથી ઉડાવી દો. એનો રકત નીંગળતો દેહ સમળાંઓને માટે ફંગોળી દો !'

[ સુભટો કૃપાણ લઈ ધસી જાય છે. પણ સાધુની નિશ્ચલતાથી ચૂપચાપ પાછળ હઠી જાય છે ]

અજય: ( ધૂંઆંપુઆં થઇ ) 'બેઈમાન સુભટો ! મારી હુકમદારીનો અનાદર કરનારનો શિરચ્છેદ કરવામાં આવશે. જલ્દી કરો ! આ રાજદ્રોહી સાધુને સખ્ત નસીહત આપો. ને એની ઉઘાડી પીઠ, કોરડા ફટકારી છૂંદી નાંખો !'

[ હતા તેટલા જોરથી અને દાઝથી એ દાંત કચકચાવી રહ્યો. ]

આચાર્ય: ( શાંતિથી ) 'સુભટો ! શા સારૂ ડરો છો ? રાજઆજ્ઞા માન્ય કરો, ને એની કોપ-જ્વાલાથી બચી જાવ ! જય કે ફનાગીરી સંસાર ત્યાગીઓને સતાવી શકતાં નથી ભાઇ !'

લાટના બ્રાહ્મણ ગૂજરાતની પ્રાચીન જૈનપુરીને ભ્રમમાં રાખી ભલે છેતરી ગયા હોય પણ મેવાડની જૈનપુરીએ લાટના બ્રાહ્મણને જરાપણ મચક આપી નથી.

# શ્રી કેશરીયાજી તીર્થ અને મુન્શીનું બંધારણ

—શ્રી પ્રશમ

'કલ્યાણ' માસિકના આસો મહીનાના અંકમાં 'કેટલાંક સંસ્મરણો' એ હેડીંગના લેખાંક બીજામાં શ્રી કનૈયાલાલ મુન્શીએ જૈનશાસન અને તેના મહાપુરૂષ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાન જેવાનો પણ ઉપહાસ કરેલ અને તેમનાજ હાથે પાટણ જેવી ગુજરાતની પ્રાચીન જૈનપુરીમાં તે મહાપુરૂષના નામથી અંકિત જ્ઞાનમંદિરનુંજ ઉદ્ઘાટન તેમના હાથે કરાવી, જૈનો સન્માને એ જૈન સમાજને શરમાવનારૂં કૃત્ય ગણાય, પણ તે કૃત્યનો હીસ્સો સમાજના શીરે જાય છે કે, અમુક વ્યક્તિઓના કૃત્યથી સમાજને નામે ચઢે છે, તે પણ જોવાનું રહે છે.

શીલાલેખમાં બતાવ્યા પ્રમાણે આ કાર્યમાં પુરી જહેમત ઉઠાવનાર અને પ્રેરક, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, અને તેમના શિષ્યો શ્રી ચતુરવિજયજી અને શ્રી પુણ્યવિજયજી આદિ છે. જૈનકોમ એતો વેપારી કોમ છે, અને પ્રાચીન કાળથી વર્તમાન કાળ સુધીમાં પણ સુક્ષ્મદ્રષ્ટીએ વિચારીએ તો સાધુ-મુનિવરોના ઉપદેશને અનુસરીને કર્તવ્ય કરનાર છે. એટલે આ જ્ઞાનમંદિરને વ્યવસ્થિત કરનાર ઉપદેશક મુનિવરો કે જે સાહિત્ય ગવેશક ગણાય છે, અને શ્રી પુણ્યવિજયજી તો આજે પણ સંશોધક વૃત્તિના અને તેવાજ કાર્યમાં જીવન વ્યતીત કરી રહેલ છે. તેઓશ્રી પણ મુન્શીથી અજાણ હતાજ નહીં, અને તેઓએ આ ઉદ્ઘાટનમાં સંપૂર્ણ ભાગ લીધેલ છે, એટલે મુખ્ય જવાબદાર તે મુનિવર્ગ છે. સાથે સાથે તે વખતે પાટણ શ્રીસંઘ આનો વિરોધ કરો, અને વિરોધ ધ્યાનમાં ન લેવાય તો તે સમારંભનો અસહકાર કરો તેવા પ્રકારનો પ્રચાર અને ઉપદેશ બીજા મુનિવરોએ કરવાની જરૂર હતી, અને તે મુજબ ઓછા-વત્તા પ્રમાણમાં થએલ છે, અને પાટણ-શહેરના સંઘના સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ તેમાં ભાગ પણ લીધો નથી.

આવા સન્માનને પામેલા મુન્શી ભૂલ સુધારવાને બદલે 'પંદર વર્ષ પહેલાંનો હું તેનો તેજ મુન્શી છું' એમ તે વખતે બોલી શકે છે, અને ફાવટમાં આવેલ તે મુન્શીએ તાજેતરમાં મેવાડ ગવરમેન્ટના આશ્રયતળે જૈનોનું સારૂં એ દ્રવ્ય પબ્લીક વિદ્યાલય આદિના ઉપયોગમાં લઇ લેવા અને જૈનોનું સંસ્કૃતિધન જાહેર જનતાની હવાલે કરવા કમર કસી હતી, પણ મુન્શીને ખબર નહીં હોય કે, આ ખીચડી ખાઉ દાલ-ભાત શાકમાં રાચનારા ગુજરાતી નથી, પણ કટ્ટર રાજપુતમાંથી જૈન બનેલા, ઓસવાળના જૈન વીરપુત્રો છે.

હકીકત એમ હતી કે, કેશરીયાજી ધ્વજા—

---

અજય: (ખૂબ ઉશ્કેરાઇ) 'સૈનિકો ! તીક્ષ્ણ ખડ્ગથી એની ચામડી ઉતરડી નાંખો. એનાં અંગેઅંગમાંથી લોહીનાં ફૂવારા છોડી રહો. (લાલચોળ બની) પેલી તાંબાની પાટ ધખાવી એ ધીખતા અંગાર ઉપર એ અભિમાની સાધુને બેસાડો!

[ એની નીતરતી જુલ્મગારીના પડઘા પડયા, ને આકાશ ફાટી જાય એવા કડાકાથી મેઘ મા'રાજની ભયાર્ત ગર્જના સંભળાઇ રહી ]

---

* આચાર્ય રામચંદ્રની પ્રચંડ કાવ્ય શકિતથી મુગ્ધ બની સિદ્ધરાજ જયસિંહે તેમને 'કવિકટારમલ્લ' ના બિરૂદથી નવાજ્યા હતા. તેમણે તત્ત્વજ્ઞાન, નાટક, સાહિત્ય, અલંકાર વિગેરે જુદા જુદા વિષયો ઉપર સો ઉપરાંત ગ્રંથો રચ્યા હતા.

દંડ કેસમાં દીગંબરીના વકીલ થઇને શ્રી મુન્શી પધારેલા ત્યારથી આ તીર્થ અને તેની મિલ્કત વિગેરે તેમની દાઢમાં હતી. ફરી વિદ્વત્તાને બહાને હિંદી સાહિત્ય સંમેલનના પ્રમુખ તરીકે ઉદેપૂરમાં આવી, અત્રેના ધર્મિષ્ઠ, ઉદાર-દિલના કૃપાલુ મહારાણા ભુપાલસિંહને સદરહુ હકીકત જણાવી, અને નિવેદન રૂપે બહાર પાડી, ત્યાં તો જૈનોનો ચોમેરથી મક્કમ રીતે સખ્ત વિરોધ ઉઠયો,

મેવાડના મહારાણાઓ તો વંશપરંપરાથી ચુસ્ત હિંદુ, તપગચ્છના શ્રાવકને અને ધર્માવલંબી પ્રજાને સંતોષનારા હતા, અને છે. ભામાશાહ અને પ્રતાપરાણાના અખુટ ત્યાગ બલથી મુસલમાની રાજ્ય જેવા ભયંકર આક્રમણો સામે પણ પોતાની ટેક અખંડ રાખનાર પ્રજાને સંતોષવા ઉદારદિલનાજ હોય એટલે મહારાણાશ્રીએ વર્તમાનમાં જે પ્રજાતંત્ર રાજ્ય વહિવટનો વંટોલ ફુંકાએલ તેને સંતોષવા દરબારશ્રીએ મી. મુન્શીને સલાહકાર નીમી બંધારણ ઘડવાનું કામ સોંપ્યું.

બંધારણમાં પહેલેજ ઝપાટે મેવાડના ગૌરવ સમ–કીર્તિવંત ઝળહળતા હિંદુ અને જૈનતીર્થો શ્રી એકલીંગજી, જગદીશજી, શ્રી કેશરીયાજી આદિ મંદીરોની મીલ્કતથી પ્રતાપ વિશ્વ વિદ્યાલય ઉભું કરી, શ્રી માલવીયાજીએ બનારસ હિંદુવિશ્વવિદ્યાલય કરી, અથાગ પ્રયાસ સેવી યશ ખાટી ગયા, તેવો સસ્તો યશ ખાટવા બધી મિલ્કતો પ્રતાપવિશ્વવિદ્યાલયને કલમની શમશેરથી હવાલે કરી દીધી, શ્રી મુન્શીજી જાણતા હશે કે, મેવાડની પ્રજા એટલે અજ્ઞાન, ગાડરીયા ટોળાંની માફક અણુસમજુ છે. એટલે ઇંગ્લીશમાં બંધારણ તૈયાર કરી બહાર પાડયું છતાં જો કોઇ બબડશે તેની શું ગણત્રી ?

ચારે બાજુથી વિરોધ ઉઠ્યો, એકલાં જૈનોનો નહીં, પણ મેવાડની સમસ્ત પ્રજાનો, કે અમારે તો મેવાડના હાથનો સુકો રોટલો ભલે હોય, પણ પરદેશી આવી, અમારી સંસ્કૃતિને નાશ કરનારૂં ભપકાબંધ બંધારણ નહિ જોઇએ.

મહારાણાશ્રીએ પણ ધર્મીપ્રજાનો વિરોધ ધ્યાનમાં લઈ તા. ૧૧–૧૦–૪૭ ના રોજ વિધાનમાં સુધારો કરી, ધર્મવિરૂદ્ધ દેવ અને ધર્માદા દ્રવ્યનું જે જે ખાતાનું હશે, તેજ મુજબ ખર્ચાશે અને સંરક્ષણ થશે, તેમ જાહેર કરી સાચી ધર્મપ્રિયતા બતાવી આપી છે.

આ બાજુ બંધારણના આધારે મુન્શીજી ફાઇનલ કોર્ટના વડા જડજ થઇને અગાઉથી નક્કી કરી રાખ્યા મુજબ તા. ૧૫–૧૦–૪૭ ના અગીઆર વાગ્યાની ગાડીમાં પધારે છે. ઉતારો લેતાંની સાથે એક્ષ્ટ્રા ઓરડીનરી ગેઝેટથી, પોતાનું કરેલા પર પાણી ફરી ગયું, એટલે સીધા રાજકુમાર સાહેબ પાસે અને દરબારશ્રી પાસે પહોંચી ગયા, પણ હવે દરબારશ્રીને આ બંધારણ રૂચતું ન હતું એટલે શ્રીયુત મુન્શી પાંચ–છ કલાક ઉદેપુરમાં રહી સાંજની ટ્રેને પાછા ફર્યા. અંતે ' ધર્મનો જય અને પાપનો ક્ષય ' એ ઉકિત ચરિતાર્થ બની, અને મેવાડના ધર્મ પ્રતાપી મહારાણાએ, મેવાડની ધર્મભૂમિમાંથી પોતાના સલાહકાર તરીકે છૂટા કર્યા અથવા તો થયા.

આ રીતે હાલતો શ્રી કેશરીયાજી તીર્થનું પ્રકરણ સંકેલાયું છે, પણ જૈન સમાજે ઉંઘમાં રહેવાનું નથી. હજુ તીર્થ સંબંધિ ઘણા વાંધાઓ ઉભા છે તેનો વહેલીતકે ઉકેલ લાવી, શ્રી કેશરીયાજીતીર્થના હક્કો જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજકના સાબુત અને કાયમ રહે તેવાં પગલાં લેવાં જોઇએ.

# નારીસ્વાતંત્ર્યનો પ્રશ્ન

—શ્રી પ્રબોધ ઝવેરી

માનવી આજે સંજોગોનો દાસ બની જાય છે. સંજોગોને પોતાના દાસ બનાવનાર, ગમેતેવી મૂંઝવણોમાં પણ પોતાના શુદ્ધ આદર્શોને ન ત્યજનાર કોઇક વીરલાજ હોય છે. કવીશ્રી વીરવિજયજીએ નવાણું પ્રકારની ત્રીજી પૂજામાં દ્રવ્યને ભાવનું કારણ દર્શાવતાં, 'નિમિત્તવાસી આત્મા' કહ્યો છે અને લોકવાયકા પણ 'સોબત તેવી અસર' એ ઉપલા કથનને ટેકો આપે છે. વર્તમાન સમાજના ઝેરી વાતાવરણમાં ધર્મભાવના, તેના આદર્શો, અને તેનું યથોચિત પાલન કરવું એ પારસમણિની પ્રાપ્તિ જેવું દુર્લભ છે. છતાંયે હજુએ નિર્ગ્રંથ ગુરૂઓ સત્યની સેવાનું કાર્ય અનુપમ રીતે કરી રહ્યા છે. જગતમાં ઉલ્ટા માર્ગે જનારાઓને 'રેડ સીગ્નલ' ધરી રહ્યા છે. આજના સુધારકોના પવનવેગી ઘોડાઓને ભલે 'રેડ સીગ્નલ' બહુ અસર ન કરે, પણ એથી અફસોસ કરવાનો નથી. સુધારકો પોતાના વિચારો ન ફેરવે તેથી વીતરાગના સાચા સેવકને તો જરાપણ ગુમાવવાનું નથી, પણ સુધારકોના પ્રચારથી આજના ઘણા અજ્ઞાન માનવીઓ ગાડરીયા પ્રવાહની જેમ એમના પ્રચારમાં તણાઈ રહ્યા છે, તેઓને આ રેડ સીગ્નલ કંઇક અસર કરે ! પોતાને સુધારક કહેવડાવનાર વર્ગ તરફથી ઘણા ધિક્કાર પાત્ર કાર્યો આજે સમાજમાં પ્રગતિના નામે થઈ રહ્યાં છે અને ભોળી જનતા તેને વધાવી રહી છે. એવો એક પ્રશ્ન નારી સ્વાતંત્ર્યનો પણ હમણાં ખૂબ ખૂબ ચર્ચાઇ રહ્યો છે.

નારી સ્વાતંત્ર્યના પ્રશ્નમાં પ્રથમ વિચારવા જેવું એ છે કે, આજના યુગમાં ક્રાંતિના નામે તણાઇ આપણે કેટલી બરબાદી કરી રહ્યા છીએ. સર્વજ્ઞ ભાષિત સિદ્ધાન્તો—એ ઉત્તમોત્તમ આદર્શો અને એ તરફનું ઉચિત આચરણ તદ્દન વિસરાઇ રહ્યું છે. ગાડરીયા પ્રવાહમાં તણાવાની જરાપણ આવશ્યકતા નથી. નારીઓ માટે શિયળનો માર્ગ નિષ્કંટક રાખી સ્વતંત્રતા માટે જે માંગણીઓ થતી હોય તો તે ઉચિત લેખાય. આજે સ્વચ્છંદીઓ, સ્વચ્છંદતા પોષવાની માગણીઓ કરી રહ્યા છે અને તેને જબરદસ્ત ટેકો એમની ટોળીમાં ભળનારાઓ તરફથી મળી રહ્યો છે.

યુગ પલટાયો, જગત પલટાયું, બધાં જ વાતાવરણો પલટાયાં તો આપણે પણ જગતની સાથે પલટાવું જોઇએ; પણ જે કાર્યોથી આપણી ઉન્નતિ રૂંધાતી હોય, એટલું જ નહિ પણ અવનતિના માર્ગે દોટ મૂકાઈ રહી હોય તો તેમાં આપણે પલટાઇ શકીએ શી રીતે ?

પ્રશ્ન એ છે કે, "શું સ્ત્રીઓ મનુષ્ય નથી ? જ્યારે પુરૂષો માટે હરવા-ફરવા માટે સર્વ હક્કો, મનફાવતી મોજ ઉડાવી શકે અને સ્ત્રીઓ માટે બધામાંજ અંકુશ એ કેટલું બધું પક્ષપાતી ગણાય?" સામાન્ય બુદ્ધિશાળી પણ એમ ચોક્કસ કબુલે છે કે, સર્વ મનુષ્યોનું કાર્યક્ષેત્ર એકસરખું હોતું નથી અને એમ માનીએ તો જીવો પણ બધાજ સરખા છે. તોપછી આટલા ભેદો શામાટે? સર્વને એકજ ગણવા જોઇએ, આપણી દરેકપળની ક્રિયાઓ તરફ પણ દૃષ્ટિ કરીશે, તો જરૂર જણાશે કે, સર્વનું કાર્યક્ષેત્ર એક જ હોતું નથી, સ્ત્રીઓમાં પણ માતા, પત્ની અને ભગીની તરફના વ્યવહારો તદ્દન ભિન્ન જ હોય છે. આપણી વર્ષોની પ્રણાલિકા પ્રમાણે, પુરૂષનું કાર્યક્ષેત્ર વ્યાપારાદિનું અને સ્ત્રીઓનું ગૃહકાર્યનું છે. એકજ વ્યક્તિ સર્વ કાર્યોમાં પ્રવીણ હોય એવું બનતું નથી, અમુક પ્રકારની કાર્યશક્તિ, અને યોગ્યતા હોય છે, અને તેથીજ તે કાર્યો, તેઓ માટે નિયત થયેલાં હોય છે. જ્યારે નારીઓ પોતાના કાર્યક્ષેત્રને ઉલંઘે છે ત્યારે સમાજની કઈ સ્થિતિ થવા પામે છે ? તેનાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો આજે આપણને જોવા મળે છે. પિતાને બીજી સ્ત્રીઓ સાથે ફરવાની ટેવ, અને માતાને બીજાઓ સાથે નાચવાના ઉમળકાઓના કારણે પુત્રોની ધાવમાતાઓ યાતો આશ્રમમાં થતી અવસ્થા તો કલ્પવી જ રહી. ક્યાંથી જડે ત્યાં સુસંસ્કારો ? જે નારી સમસ્ત જગની વિધાતા છે, એ સ્વકાર્ય ત્યજે ત્યારે દુર્દશાનું દૃશ્ય ખોળવા જવું પડે તેમ નથી. વિધાતાના ઉચ્ચ પદે બિરાજતી જગના પ્રાણરૂપી નારીઓ ઉત્તમ આદર્શોને તિલાંજલી આપશે તો ભાવિ પ્રજાનું શું ?

બીજી દૃષ્ટિયે સ્ત્રીઓને બહાર હરવા-ફરવાની મના નથી હોતી, મનાઈ છે પરપુરૂષો સાથે ખલે-

ખભા મેળવી કાર્ય કરવાની. નારીને પોતાના શિયળમય સુઆદર્શોની પ્રગતિ ઇંધનાર સાચા પતિઓ, પિતાઓ યાતો વડિલો નથીજ; પણ આજે વડિલોને દોષ દેનારાના જીવનો ઉંડી નજરે તપાસવા જેવાં છે. વિષયથી ચકચુર ચાર આંખો મળી એટલે પ્રેમઃ નથી ત્યાં હોતો ગુણાવગુણનો વિવેક કે નથી હોતો સુઆદર્શોનો સુમેળ. આવા કાર્યોમાં આડી દિવાલરૂપી વડિલોની આજ્ઞાથી મુક્ત થવામાં—મનફાવતું જીવન જીવવામાં આજની બહેનો સ્વતંત્રતા માની રહી છે, એ ખરેખર દુર્ભાગ્યનો પ્રસંગ છે અને આ દુર્ભાગ્યને નોતરનાર પાશ્ચાત્ય સંસ્કૃતિનું અંધ અનુકરણજ છે.

“ સ્ત્રીઓએ શું ઘરની ચાર દિવાલોમાંજ ગોંધાઈ રહેવું ? શું તેઓને કોઇ કાર્યસાધના જ નથી ? ” સાચેજ સત્યથી દૂર—દૂર છીએ. ભગિનીઓ, તમારે તો ૬૪ કળાઓની સાધના સાધવાની છે, પણ આજે તો એ સાધના તો બહુ દૂર રહી છે. જેની સાધના માટે નારી પ્રબલ છે, તે કળાની સાધના તેમને ઇષ્ટ હોવાને બદલે કંઇક અંશે અનિષ્ટ ભાસે છે, તેનું કારણ પરપુરૂષોનો વિશેષ સહવાસ છે. લોઢું લોહચુંબકની નજીકમાં ન આવે એજ ઇચ્છનીય છે. કારણકે લોહચુંબક તેનો લોહાકર્ષણનો જાતીય સ્વભાવ ત્યજનાર નથી; માટે નારીઓ, નારી સાથેના સંસર્ગો ત્યજી, પરપુરૂષોની સંપર્કતા સાધે એ અનિષ્ટ જ છે. પૂર્વ કાળમાં પણ વિદ્યાભ્યાસ માટે વસ્તીથી દૂર દૂર ઋષિ આશ્રમોમાં મોકલવાનું કારણ પણ સંપર્કતાના અભાવનુંજ હતું. એ કાળમાં બ્રહ્મચર્યની મહત્તા હતી. શીયળ પ્રધાન લેખાતું. જ્યારે આજે શીયળનું લીલામ ભરબજારોમાં થઇ રહ્યું છે. આજે સ્વદારાસંતોષ અને પરપુરૂષના ત્યાગી વ્રતધરો ભાગ્યે જ હશે. જે કારણે આપણી શારિરીક, માનસિક અને આર્થિક ત્રણે દષ્ટિયે ક્ષીણતા પ્રત્યક્ષ દેખાઇ રહી છે.

“ પતિને આર્થિક સહાયક સ્ત્રીઓએ શામાટે ન બનવું ? ” પ્રથમ તો પુરૂષોને આર્થિક સહાય કઇ રીતે આપવી જોઇએ ? તે વિચારવા જેવું છે. આજે ઘણા કિસ્સાઓ એવા પણ બને છે, જેમાં પુરૂષો સ્વકાર્યમાં ઉત્સાહ રહિત—નિરાશાવાદી બની જાય છે, જે કારણે મૂંઝવણો વધે છે. એ મૂંઝવણોમાં નારીઓએ આશાનું બહોળું સામ્રાજ્ય ખડું કરાવી, પ્રેરણાથી, ઉત્સાહીત બનાવવા જરૂરી છે; છતાં પણ આર્થિક જરૂર જણાય તો તેમના ક્ષેત્રોમાં ઘણી જ સુંદર રીતે સહેલાઇથી—સ્વમાનભેર અને પોતાના ગૃહકાર્યોમાં પરવારી ફુરસદના સમયે પણ મુંઝવણો દૂર કરી શકે, પણ સ્ત્રીઓ સ્વકળામાં પ્રગતિશાલી હોય તો જ. આજે સહશિક્ષણના નાદે ડીગ્રીઓના મોહે, વાસ્તવિક જ્ઞાન આપવાને બદલે ‘ બોલો પોપટજી રામ રામ ’, જેવું શિક્ષણ અપાઇ રહ્યું છે. વિનય અને વિવેકાદિ ગુણો તો હવામાં ઉડી જ ગયા છે. જે માતાઓ પારણાંમાં પોઢતા બાળકોને પણ હાલરડાં ગાઇ શુરવીરતાના, ઐકયતાના અને ઉન્નતિના સુઆદર્શોનાં જે બીજો રોપતી માતાઓ આજે ભીંત ભૂલી કયાં અથડાય છે ?

આજે સમાજમાં પ્રગતિવાદી ગણાતા સુધારકો સમાજને અવળે માર્ગે દોરી રહ્યા છે, ત્યારે સાચા સમાજ સેવકો પ્રમાદમાં ને પ્રમાદમાં સ્વશક્તિઓ ક્ષીણ કરતા જાય છે. આજે આપણા સમાજમાં વિધવા બહેનોનું જીવન આપણી ઉંડી વિચારણા માંગી લે છે. ત્રણ—ચાર પુત્રાદિ હોય, આર્થિક મુંઝવણનો પાર ન હોય, એ મૂંઝવણો સાંભળનાર કોણ ? વિધવાવિવાહનો પતિતપંથ તો પ્રાણાંતે પણ ન ઇચ્છતી હોય, આ બહેનો માટે સમાજે ગૃહોદ્યોગો, સહાયક ફંડો અને નારીસંઘો સ્થાપવાની ખાસ આવશ્યકતા છે, કે જેથી તેઓના શીયળમય જીવનમાં જરા પણ આંચ આવ્યા વિના—પોતાના આદર્શો પરઘેર નેવે મૂકયા વિના આદર્શમય જીવન જીવી શકે.

શીયળને તેમનું સર્વસ્વ માની, ધર્મ આદર્શોને ન ભૂલી, સ્વક્ષેત્રમાં પ્રગતિ કરવામાંજ એમની ઉન્નતિ છે, તેમાંજ તેમની સ્વતંત્રતા વસેલી છે. પુરૂષોએ પોતાની ગુલામડી યાતો ખરીદી આણેલી દાસી જેવી સ્વપત્નીઓને ન માનતાં, અર્ધાંગિની માની તેમનાં પ્રગતિશાલી જીવનમાં સહાયક બનવું જરૂરી છે. અંતમાં યથોચિત ત્યાગને જીવનમાં ઉતારી નારીસમાજ ધર્મશીલ સુખસાગરનું મોજું બનો ! એજ અભિલાષા.

માનવ જગતને સંસ્કારનું અમીપાન કરાવનાર જગત ઉપકારી સાધુ-સંસ્થા જ છે.

## દુઃખે પેટ અને કુટે માથું

———————— શ્રી પ્રકર્ષ

થોડા મહિના અગાઉ 'પ્રબુદ્ધ જૈન' માં શ્રી દલસુખભાઈ માલવણીયાએ પ્રભુ મહાવીર અને શ્રીયુત્ ગાંધીજીની મિથ્યા સરખામણી કરી હતી. ત્યારબાદ હમણાં જ ૨૩ મી સપ્ટેમ્બર ૧૯૪૭ ના 'જૈન' પત્રના અંકમાં "સન્યાસ માર્ગ: ઉત્થાન, પતન અને પરિવર્તન" શિર્ષક લેખ તેમણે લખ્યો છે.

આજકાલ જૈનસમાજમાં શ્રદ્ધાથી ભ્રષ્ટ; ક્રિયાકાંડના અપલાપી અને માત્ર કોરા ભાષાજ્ઞાનને ધારણ કરનારા પંડિતોનો પાક ઠીક-ઠીક પ્રમાણમાં ઉત્પન્ન થયો છે. વીતરાગ પ્રરૂપિત સિદ્ધાન્તો પ્રત્યેની તેમની બેવફાદારીના કારણે તેમનું શિષ્ટ જૈનસમાજમાં સ્થાન રહ્યું નથી અને તેથીજ તેઓ કદી મૂર્તિ ઉપર, કદી દેવદ્રવ્ય ઉપર; કદી શાસ્ત્રો ઉપર, તો કદી સાધુસમાજ ઉપર ગલીચ હુમલાઓ કરી, દુઃખે પેટ અને કૂટે માથું એ કહેવતને ચરિતાર્થ કરી રહ્યા છે. જો કે "હાથી ચાલે બજાર અને કુતરા ભસે હજાર" એ ઉક્તિ મુજબ મૌન રહેવું એ જ ઉચીત ગણાય તથા આવા લેખોનો જવાબ આપી લેખકની આડકતરી રીતે મહત્તા વધારવી એ પણ અનુચીત ગણાય; છતાં તે પ્રશ્નની ઉપેક્ષા કરીને પણ ભોળી જનતા આવા ઉટપટાંગ લેખકોની જાળમાં નહિ ફસાય એ ઉદ્દેશથી લખવામાં આવે તો તે સ્થાને જ ગણાશે.

લેખના ચોથા કોલમમાં શ્રી દલસુખભાઈ જણાવે છે કે-

"પરિણામ એ આવ્યું કે, મહાત્મા ગાંધીજી જેવા આ જમાનાના ઉત્કૃષ્ટ ત્યાગી કરતાં ઢોંગીઓ પોતાનું સાધુપદ ઉંચું સમજે છે અને સમજાવે છે અને ભોળી જનતા તેમના ઉપદેશથી ભરમાઇને વસ્તુતઃ એમ માને છે કે, સર્વસ્વ ત્યાગી રાષ્ટ્રનેતાઓ કરતાં એ ઢોંગી સાધુઓનું સ્થાન ઉંચું છે".

દારૂના નશામાં ચકચુર બનેલો માનવી જેમ યદ્વાતદ્વા બકે જાય છે, તે જ મુજબ ઉપરોક્ત લખાણમાં પણ શ્રી દલસુખભાઇએ મિથ્યાત્વરૂપ મદિરાના પાનના નશામાં મસ્ત બની સારાસારનો વિચાર કર્યા વિના માત્ર ધોળા ઉપર કાળું કરવાનું જ લક્ષ્ય રાખ્યું છે. કારણકે તેમના લખવા મુજબ કોઈપણ સુજ્ઞ રાષ્ટ્રનેતાએ પોતાની જાતને ઉત્કૃષ્ટ ત્યાગી માનવા-મનાવવાને હજુસુધી પ્રયત્ન કર્યો હોય એમ જાણમાં નથી, તેમ સાધુઓને ઢોંગી કહેવાની બાલીશતા તેઓએ કરી નથી. અરે, ખૂદ મહાત્મા ગાંધીજી તો અનેક વખત કહેતા આવ્યા છે અને કહે છે કે, હું પુરો અહિંસક નથી. મારી અહિંસા માત્ર માનવ પુરતી સંકુચિત જ છે. કારણકે, એઓશ્રી તો હડકાયા કુતરા, રીબાતા વાછરડા, વાંદરા. સર્પો આદિ અનેક પશુઓના વધમાં માત્ર માનવોના હિતની ખાતર ધર્મ માનતા આવ્યા છે અને માને છે. કહો દલસુખભાઈ! માત્ર માનવોની અહિંસાને માને તે ઉત્કૃષ્ટ ત્યાગી કે ત્રસ અને સ્થાવર, નિર્દોષ કે સદોષ સમસ્ત જગતના પ્રાણીઓનું પ્રાણના ભોગે પણ રક્ષણ કરે તે ઉત્કૃષ્ટ ત્યાગી? રાષ્ટ્રનેતાઓના નામે નાહક રીતે સાધુઓનો દ્વેષ કરી તમારી હલકાઇ શા માટે પ્રગટ કરો છો? સાધુપદ ઉંચું છે અને સદાને માટે ઉંચું રહેવાનું. તે પછી તેઓ લખે છે કે-

"પરન્તુ બીજી બાજુ જેમ જેમ શિક્ષણ વધતું ગયું....તેમ તેમ લોકોના માનસમાં પણ વિકાસ થતો જ ગયો છે અને વિચારવા લાગ્યા છે કે, આ સંસ્થા હવે ભારભૂત છે. એમાં કાંતો ધરમૂળથી પરિવર્તન થવું જોઇએ અથવા એનો નાશ જ થવો જોઇએ".

ઉપરના લખાણમાં દલસુખભાઈ જણાવે છે કે, " જેમ શિક્ષણ વધતું ગયું " પરન્તુ સાચું શિક્ષણ કોને કહેવું ? અને તેની વ્યાખ્યા શી ? એટલું જો તેઓ સમજ્યા હોત તો આજકાલ ઉચ્છૃંખલ લખવાની અને બોલવાની કળાને તેઓ શિક્ષણ કહેત જ નહિ. રાજકોટ કોલેજમાં આજની કેળવણી ઉપર શ્રી ખેરે બોલતાં જણાવ્યું હતું કે, " અંગ્રેજી જાણનારને સુશિક્ષિત કહેવામાં આવે છે એ વિચિત્ર ઘટના છે. માત્ર વાંચવા-લખવાની આવડત એ કાંઈ સાચી કેળવણી નથી ". (પ્રતાપઃ ૨૭-૬-૪૭) માટે શ્રીયુત્ ખેરના લખવા મુજબ તમારા શિક્ષણની અને માનસવિકાસની તો કશીએ કીંમત જણાતી નથી.

આગળ જતાં તેઓ જણાવે છે કે, ' આ સંસ્થા હવે ભારભૂત છે ' તો દલસુખભાઇને અમે પૂછીએ છીએ કે, સાધુ સંસ્થા શ્રદ્ધાળુ જૈન-સમાજને ભારભૂત છે, કે તમારા જેવા પાંચ-પચ્ચીશ માનવીઓને ભારભૂત થઇ પડી છે ? આજસુધી તમોએ કયાં તેમની જ્ઞાન, દર્શન અને ચારિત્રની આવશ્યક સામગ્રીઓને પુરી પાડી છે ? દાતારી દાન દે અને ભંડારી પેટ કૂટે એના જેવું જ કરી રહ્યા છો ને ? વળી જગતમાં ભારભૂત કોણ છે ? તેનો પણ તમને ખ્યાલ નથી !

સાંભળો, હું જણાવું: જગતમાં જે માનવીઓ પોતાના પાપી પેટના ખાતર છએ જીવનિકાયના આત્માઓનો નાશ કરવામાં જરાપણ અચકાતા નથી. જુઠ, ચોરી, જારી અને પરિગ્રહના પાપમાં રાત અને દિવસ રક્ત બની રહ્યા છે. ઇર્ષ્યાના વશે દેવ, ગુરૂ અને ધર્મનો પણ જે દ્રોહ કરી રહ્યા છે, ભોળી જનતાને ઉંધું સમજાવી ગધેડાને ઘોડું અને ઘોડાને ગધેડું મનાવવાની મૂર્ખાઈ કરી રહ્યા છે, તેઓ જ જગતને ભારભૂત છે. બાકીના માનવીઓ આ જગતમાં સારભૂત ગણાય છે.

વળી શ્રી દલસુખભાઈ લખે છે કે, " આ સંસ્થામાં પરિવર્તન થવું જોઇએ કાંતો તેનો નાશ થવો જોઇએ ".

દલસુખભાઈ ! જે સંસ્થામાં પરિવર્તન કરવા જેવું હશે તે તો તે સંસ્થાના નાયકો કરી લેશે. તમારે વણ માંગી સલાહ આપવાની જરૂર નથી. વળી સાંભળે છે પણ કોણ ?

સંસ્થાનો નાશ કરવો એ કાંઈ તમારા હાથની બાજી નથી. ભગવાન મહાવીરનું શાસન તો એકવીશ હજારવર્ષ સુધી અખંડ ચાલવાનું જ છે. એનો નાશ તો છઠ્ઠા આરામાં થશે. હજુ તો પાંચમો આરો ચાલે છે. ભગવાનનું શાસન તો કાયમ જ છે. બીલાડીને કુદરતે પાંખ નથી આપી તેમાં પણ ઉંદરનું સદ્ભાગ્ય જ છે, તે જ મુજબ તમારા હાથમાં તે સંસ્થાનો નાશ કરવા માટે હજુ કોઈ સત્તાનો દોર નથી આવ્યો તેમાં પણ જૈનોનું સદ્ભાગ્ય જ ગણાય. લ્યો બસ.

---


## નવા વર્ષની ખૂશ ખબર
## અમારાં નવાં પ્રકાશનો

**શ્રી સિદ્ધહેમલઘુવૃત્તિ** નું છઠ્ઠું પાદ, અવચુરિ પરિષ્કાર સહિતનું કારકોનું વિસ્તૃત વિવેચનાપૂર્વકનું બહાર પડી ચૂકયું છે. કારક એ વ્યાકરણનો પ્રાણ છે. અપૂર્વ સંસ્કરણ તુરત મંગાવો. છૂટક નકલનો એક રૂપીઓ.

**પ્રાચીન સ્તવનાવલી**: લગભગ બસો પ્રાચીન સ્તવનોનો સંગ્રહ પોકેટ સાઈઝ : પેજ ૩૫૦ : પાકું બાઈન્ડીંગ, પોસ્ટેજ સાથે રૂા. ૧-૧૨-૦

**શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા.**
**ગારીઆધાર** ( વાયા દામનગર ).

પંચમ અને છઠ્ઠા આરાના ભાવોને જાણવા માટે આ લેખ વાંચવો જરૂરી છે.

# કાળની વિષમતા: પૂ૦ આચાર્યદેવશ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

માનવ પ્રાણીને કાલનો પ્રભાવ અજબ અસર કરે છે. ચોથા આરામાં પણ આજ પ્રાણીઓ હતા અને પાંચમા આરામાં પણ એ જ આત્માઓ છે. ચોથા આરામાં કાલ લબ્ધિના પ્રતાપે આત્મા, પોતાનું વીર્ય ફેરવીને સંપૂર્ણ કર્માવરણોને દૂર કરી આત્મજ્ઞાન પેદા કરે છે અને મોક્ષને મેળવીને અવ્યાબાધ સમૃદ્ધિના શાશ્વત સુખને મેળવે છે. પંચમ કાલમાં કાલ લબ્ધિનો પ્રભાવ લુપ્ત થયો એટલે આત્માઓ પરિપૂર્ણ આત્મજ્ઞાન નથી મેળવી શકતા. મોક્ષગતિમાં જઈ શકતા નથી. **'कृतस्न कर्म क्षयो मोक्षः'** એ ઉક્તિ આ વાર્તમાનિક સમયમાં યથાર્થ રીતે સાધ્ય બનતી નથી. કારણકે સકલ કર્મનો નાશ કરવા માટેનાં સાધનો અને પરિબલ આજે ક્ષીણ થતાં ગયાં છે.

કરોડો જીવોના હૈયાના સ્વામી ભગવાન વર્ધમાન વિચરતા રાજગૃહી નગરીના ઉદ્યાનમાં પધાર્યા. લાખો હૈયાંઓએ પ્રભુને હર્ષ ઉર્મીઓની માલાઓથી અર્ધ્યો સમર્પ્યાં, પ્રભુની પુણ્ય પ્રકૃતિના પ્રબલ પ્રતાપે કેટલાક અધર્મીઓ આપોઆપ ધર્મ તરફ વળ્યા. નાસ્તિકોએ આદર્શનાં અમી પીધાં.

પ્રભુએ ભાવીકાલનું દર્શન કરાવતાં જણાવ્યું કે, આ કાલ ચોથા આરાનો છે. મ્હારા નિર્વાણ પછી ટુંક સમયમાં પાંચમો દુઃષમ આરો શરૂ થશે. ચોથા અને પાંચમા આરામાં ફરક કેટલો? ચોથા આરાની કેટલીક સમૃદ્ધિઓ લોપાશે. પાંચમા આરાની શરૂઆતથી કંઈક નવી નવી યાતનાઓ ઉભી થશે. માનવ પ્રાણીઓને સુખ-સંપત્તિ, ગુણ, ધર્મ, સામગ્રી વગેરે પ્રાપ્ત થવી મુશ્કેલ બનશે.

જનવર્ગનાં હૈયાં મલિન બનશે, શરીર શક્તિઓ, આત્મબલ, પુણ્ય પ્રકૃતિઓ પણ ઘટતી જશે. વિગેરે પ્રભુએ પાંચમા આરાના ભાવોને યથાર્થરીતિએ દર્શાવેલ છે.

ચોથા આરાનાં જ્યારે ત્રણ વર્ષ, આઠ મહીના બાકી હતા ત્યારે વર્ધમાન સ્વામીનું નિર્વાણ થયું. પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણ બાદ ત્રણ વર્ષ અને આઠ મહિના પછી ચોથા આરાનો અંત થયો અને પંચમ આરાનાં પગરણ મંડાયાં. પ્રભુના નિર્વાણ બાદ ગૌતમ ભગવાનને કેવલજ્ઞાન પ્રગટયું અને બાર વર્ષ કેવલી પર્યાયમાં રહીને નિર્વાણ પદને પામ્યા. સુધર્માસ્વામીને શિષ્ય પરિવાર સુપરત થયો: કારણકે, તેઓશ્રીનું આયુષ્ય દીર્ઘ હતું. તેઓશ્રી આઠ વર્ષ કેવલજ્ઞાનનો પર્યાય પાળીને મોક્ષે પધાર્યા. બાદ જંબૂસ્વામીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને ૪૨ વર્ષ સુધી કેવલપર્યાય પાલીને મોક્ષે પધાર્યા. પ્રભુ નિર્વાણ બાદ ૬૪ વર્ષ સુધી કેવલજ્ઞાન અને મોક્ષગમન રહ્યું. બાદ કેવલજ્ઞાન અને મોક્ષ ગમનનો વિચ્છેદ થયો.

ચોથા આરામાં જન્મેલા પ્રાણીયોને પાંચમા આરામાં કેવલજ્ઞાન અને મોક્ષગમન થઇ શકે છે. જંબૂસ્વામીના મોક્ષગમન પછી નીચેની દશ વસ્તુઓનો વિચ્છેદ થયો.

૧ પરમ અવધિજ્ઞાન, ૨ મનઃપર્યવજ્ઞાન, ૩ કેવલજ્ઞાન, ૪ ત્રણ ચારિત્ર (પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ચારિત્ર) ૫ પુલાક લબ્ધિ, ૬ આહારક શરીર, ૭ ઉપશમશ્રેણી, ૮ ક્ષપકશ્રેણી, ૯ મોક્ષગમન, ૧૦ ક્ષાયિક સમ્યકત્વ.

ચોથો આરો ઉતરતાં પાંચમા આરાના દેખાવ શરૂ થયા. પદાર્થના વર્ણાદિક પર્યાયો, અનંત પર્યાય હીન થતા ગયા. પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષની અવધિનો છે. આરાના પ્રારંભમાં સાત હાથની કાયાનું માન હતું અને ઉતરતાં એક હાથનું દેહમાન રહેશે. વધારેમાં વધારે આયુષ્ય ૨૫૦ વર્ષનું હતું, ઉતરતાં ૨૦ વર્ષનું રહેશે. પ્રભુએ બાર પ્રકારની પર્ષદામાં બિરાજી જ્ઞાનનેત્રથી જેવું જોયું-જાણ્યું તેવું સ્વરૂપ પંચમકાલનું પ્રરૂપ્યું છે.

પંચમ કાલના ભાવો કેવા રહેશે એનું વર્ણન કરતાં જ્ઞાનીઓ જણાવે છે કે, પ્રાણીઓને દિવસમાં અનેકવાર આહાર કરવાની ઇચ્છા રહે અને શરીરના માપ પ્રમાણે આહાર કરે, લીધેલો આહાર સત્ત્વરૂપે પરિણમે નહિ, ભૂમિના રસ-કસો ઓછા થતા જાય. આરો ઉતરતાં કુંભારના નિભાડાની છાયા જેવી

નિરસ જમીન થઈ જશે. મહાન નગરો ગામડાના રૂપમાં ફેરવાઇ જશે. આજે નાનાં ગામડાં ગણાય છે તેઓ સ્મશાન જેવાં શૂન્ય થઈ જશે, ઉંચા કુલના પુત્ર–પુત્રીઓ, દાસ–દાસીપણું કરીને આજીવિકા ચલાવશે. રાજાઓ, યમદંડ જેવા બની ચૂસી-ચૂસીને પ્રજાને દુ:ખી કરશે, પ્રધાનો મહા લાલચુ અને સ્વાર્થી થશે. ઉંચા કુલની સ્ત્રીઓ મર્યાદા–લાજ છોડીને વેશ્યા જેવી સ્વચ્છંદી બનશે. મોટા કુલના છોકરાઓ પણ વિનયહીન અને પોતાના છંદે ચાલશે. શિષ્યો, ગુરૂઓના અવર્ણવાદ બોલીને પોતાની ભૂલોને ઢાંકશે. દુર્જન અને પાપી લોકો સુખી દેખાશે. સજ્જનો અને ધર્મીઓ દુ:ખી દેખાશે. દારૂણ દુકાળો પડશે. ઉંદરો, સર્પો વગેરેની દાઢો વધારે થશે. બ્રાહ્મણો, સ્વાર્થી અને અર્થવાન, લાલચુ થશે. નામધારી મહાત્માઓ પણ હિંસાધર્મના પ્રરૂપક બનશે. એકજ ધર્મના ઘણા ફાંટાઓ પડશે. મિથ્યાત્વી દેવોની પૂજા–સન્માન વધશે. મિથ્યાત્વીઓની સંખ્યા વધશે. દેવોનાં દર્શન દુર્લભ થશે. મંત્રો, તંત્રો, વિદ્યાઓનો પ્રભાવ ન્યુન થશે. ગોરસ ઘી વિગેરે પૌષ્ટિક પદાર્થોની સરસાઇ ઘટી જશે. બળદ વિગેરે જાનવરોનાં બળ–આયુષ્ય ઓછાં થશે. સાધુઓ તથા શ્રાવકોની પ્રતિમાઓ વિચ્છેદ જશે. સાધુસાધ્વીઓને ચાતુર્માસ કરવા યોગ્ય ક્ષેત્રો ઓછાં થશે. ગુરૂઓ, શિષ્યોની હિતચિંતા ઓછી કરશે. ભણાવવામાં પ્રમાદી બનશે. શિષ્યો, અવિનીત, કજીયાખોર અને ગુરૂઓને કંટાળો ઉપજાવે તેવા અયોગ્ય થશે. અધર્મી, ઝઘડાખોર, નાસ્તિક માણસોનો જન્મ થશે. આચાર્યો, પોતપોતાના ગચ્છોની જુદીજુદી સમાચારી પ્રવર્તાવશે. સત્યનો વિરોધ થશે. મૂઢ જનોને મોહવાસમાં ફસાવી દૃષ્ટિરાગી બનાવી, કુપથમાં રંગીલા બનાવશે. ઉત્સૂત્ર ભાષણ કરશે. સ્વપ્રશંસાના પ્રેમી બનશે. પરનિંદાના વ્યસની બનશે. ધર્મી, સરલ, પરગુણાનુરાગી પ્રામાણિક પુરૂષો ઓછા જ રહેશે. અન્યાય, અધર્મ, દુર્વ્યસનોમાં રાચીમાચી રહેલો વર્ગ ઝાઝો દેખાશે. આર્યરાજાઓ અલ્પ ઋદ્ધિવાળા અને અનાર્યરાજાઓ બહુ ઋદ્ધિવાળા રહેશે. આ બતાવેલ બત્રીશ લક્ષણો પાંચમા આરાનાં પ્રચંડ અને મુખ્ય ચિહ્નો છે.

પંચમઆરાની પૂર્ણાહુતી થતાં લગભગ સર્વ ધાતુઓનો નાશ થશે. ફક્ત લોઢાની ધાતુ, તે પણ જ્વલેજ દેખાશે. ચામડાની મ્હોરો ચાલશે. સવાશેર કાંસુ જેના ઘરમાં રહેશે તે ધનવાન ગણાશે. એક ઉપવાસ, એક માસક્ષમણ જેટલો કઠીન થશે. શાસ્ત્રો અને બોધ વિચ્છેદ જશે. પૂરો આરો થતાં શ્રી દશવૈકાલીક સૂત્રનાં ૪ અધ્યયનો રહેશે. તેટલા જ અવલંબનથી ચાર પુરૂષો એકાવતારી થશે. તેનાં નામો દુપ્પહસૂરિ, ફલ્ગુશ્રી સાધ્વી, નાગીલ શ્રાવક, સત્યશ્રી શ્રાવીકા, અષાડ સુદી પૂર્ણીમાના દિવસે શક્રેન્દ્રનું આસન કંપશે. ઉપયોગ મૂકીને જાણશે કે, આવતી કાલે પંચમ આરો પૂરો થાય છે; આ જાણી પોતે ભરતક્ષેત્રમાં આવશે અને ચાર પુરૂષોને મલશે અને કહેશે કે, આવતી કાલે છઠ્ઠો આરો બેસે છે તો સર્વ પરસ્પર ખમાવીને આલોયણા લઇને નિ:શલ્ય થાઓ. પરસ્પર ખમાવી નિ:શલ્ય બનીને ચારેય જીવાત્માઓ અનશન કરશે અને કલ્યાણ પથના પથિકો બનશે.

સંવર્તક વાયરો વાશે, પર્વતો, વાવો, કુવાઓ, સરોવરો વિગેરે પૂરાઈ જશે. વૈતાઢ્ય પર્વત, ગંગા નદી, સિંધુ નદી, ઋષભ કુટ, લવણ સમુદ્રની ખાડી આ સિવાય સર્વે નામશેષ બની જશે.

તે ચાર આત્માઓ સમાધિભાવે રહીને એકાવતારી સ્વર્ગે સીધાવશે. પછી પહેલા પહોરે જૈનધર્મનો બીજા પહોરે ૩૬૩ પાખંડીઓનો મિથ્યાધર્મ, ત્રીજા પહોરે રાજનીતિનો અને ચોથા પહોરે બાદર અગ્નિકાયનો વિચ્છેદ થશે. આ રીતે પાંચમો આરો સમાપ્ત થશે.

છઠ્ઠો આરો શરૂ થતાં વર્ણાદિના અનંત પર્યાયો હીન થશે. દુ:ષમા–દુ:ષમા નામનો એ છઠ્ઠો આરો ભયંકર દુ:ખમય હશે. પાપોદયથી જીવોને જોવાનો રહેશે. તેનું પ્રમાણ ૨૧૦૦૦ વર્ષનું રહેશે. શરૂઆતમાં માણસોનું દેહમાન ૨ હાથનું રહેશે. આયુષ્ય ૨૦ વર્ષનું, ઉતરતાં મુઢા બે હાથનું પ્રમાણ અને ૧૬ વર્ષનું આયુષ્ય રહેશે. ૬ વર્ષની બાળાઓ ગર્ભાધાન કરશે. માણસો રોગી, ક્રોધી, ક્રુર, ઘણા જ મોટા કેશવાળા, ભયંકર અનાડી હશે. કુતરાની જેમ મોટો પરિવાર સાથમાં ફેરવનાર અને સ્નેહ વિનાના, મહા માયાવી,

બનશે. ગંગા અને સિંધુ નદીના ચાર–ચાર કાંઠા છે. એક એક તટ ઉપર નવ–નવ બીલ છે. એ વૈતાઢયના ૫ડખે ૭૨ બીલમાં બીજ માત્ર માનવ જોડલાં રહેશે અને તિર્યંચો રહેશે.

ગંગા-સિંધુનો પટ ૬૨II યોજનનો રહેશે. ગાડાની ધરી બુડે એટલું ઉંડું પાણી રહેશે. તેમાં મચ્છ વગેરે જલજંતુઓ ઘણા જ રહેશે. ૭૨ બીલના માનવો તેમાંથી મચ્છ વગેરે નદીના કિનારાની રેતીમાં નાખીને સૂર્યના તાપથી પકવશે. ઘણી જ ઠંડી પડતાં તેને સીઝવીને આહાર કરશે. માનવોની ખોપરીમાં પાણી પીશે. તિર્યંચો હાડકાં વિગેરે ચાટીને જીવશે. ભાઇ, બહેન, બાપ, માનો, વિવેક વિસરાશે. માત્ર જાનવર જેવાઓ જ વસ્ત્રહિન, નિર્લજ્જ, કઠોર, ભાષી એ જીવો બીજ માત્ર જ રહેશે.

પંચમ આરાના અને છઠ્ઠા આરાના ભાવો સંક્ષેપમાં લખ્યા છે. ભાગ્યવંતો શ્રદ્ધા રાખીને જાણશે અને ઉચ્ચ આરાધના કરીને ઉચ્ચ ગતિના ભાગીદાર બનશે તો આરાઓની ભયંકર વેદનાથી બચી જશે.


ધાર્મિકસ્થાનોમાં પ્રભાવના કરવા યોગ્ય
**છેલ્લાં–પ્રકાશનો**

**શ્રી મહાપ્રભાવિક નવસ્મરણાદિ સંગ્રહ**
૧૦૦ નકલના ૩૦–૦–૦

**કલ્યાણકાદિ સ્તવન સંગ્રહ**– સુંદર ગાયનો ગરબાઓ વિગેરે. ૧૦૦ નકલના ૩૧–૦–૦

**લઘુસંવાદ સંગ્રહ** ૧૦૦ ના ૨૦–૦–૦

**વીતરાગ ભક્તિ પ્રકાશ.** ૧૦૦ ના ૨૫–૦–૦

**સામાયિક–ચૈત્યવંદન** તથા ગુરુવંદનાદિ વિધિસાથે સૂત્રો અને ભાવાર્થ સહિત. ૧૦૦ ના ૧૫–૦–૦

**શ્રી જિનેન્દ્ર નૂતન સ્તવન મંજુષા**
૧૦૦ ના ૫૦–૦–૦

**શ્રી જિનેન્દ્રગુણ મણિમાલા** ૧૦૦ના ૭૫–૦–૦

**શ્રી નવપદની અનાનુપૂર્વી સચિત્ર.**
૧૦૦ ના ૮–૦–૦

પ્રાપ્તિસ્થાન–**માસ્તર જસવંતલાલ ગિરધરલાલ**
૧૨૩૮ રૂપાસુરચંદની પોળ–**અમદાવાદ.**

અનેક જ્યોતિષ ગ્રંથોના કર્તા
શ્રી હિમ્મતરામ મહાશંકર જાનીએ સંપાદિત કરેલાં

**જૈન સામુદ્રિકશાસ્ત્રના પાંચ ગ્રંથો કિંમત રૂા. ૧૬–૦–૦**

**ત્રિરંગી તથા સાદાં ઘણાં ચિત્રો સહિત [ એકજ વૉલ્યુમમાં ]**

આ એક અમૂલ્ય સંગ્રહ છે. જેમાં (૧) શ્રી મેઘવિજય ઉપાધ્યાયકૃત હસ્ત સંજીવનમ્ (૨) નર-તુરગ-હસ્તિ પરીક્ષાશાસ્ત્રના પ્રણેતા પ્રાગ્વાટ કુલભૂષણ કવિવર દુર્લભરાજ પ્રણીત સામુદ્રિક તિલક (૩) પ્રાચીન જૈનાચાર્ય પ્રણીત સામુદ્રિકશાસ્ત્ર (૪) શ્રી પાર્શ્વચંદ્રસૂરિ કૃત હસ્તકાંડ અને (૫) વસંતરાજ શાકુન ઈત્યાદિ અનેક ગ્રંથોએ પ્રમાણ માનેલા ચુડામણિશાસ્ત્રનો સારગ્રંથ અર્હચ્ચુડામણિસાર એમ પાંચ ગ્રંથોનો સમાવેશ કરેલો છે.

સરલ ભાષાન્તર, શુદ્ધ સંપાદન, વિષયને સ્પષ્ટ કરનારાં સામુદ્રિક લક્ષણ સૂચક ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી રવિશંકર રાવળ પ્રણીત એકરંગી તથા ત્રિરંગી ચિત્રો સાથે ઉંચા આર્ટ પેપર ઉપર આ ગ્રંથસંપુટ છાપવામાં આવેલો છે.

સામુદ્રિકશાસ્ત્રનો અભ્યાસ કરવા ઇચ્છતા જિજ્ઞાસુને શાસ્ત્રીયજ્ઞાન, પોતાની મેળે પોતાનાં અંગલક્ષણોની પરીક્ષા કરવા ઇચ્છનારને સાચો સહાયક અને સામુદ્રિકશાસ્ત્રના રસિકોને સાચું રસદર્શન, ત્રણે વસ્તુ આ એક જ સંગ્રહ આપી શકશે.

**સારાભાઈ મણિલાલ નવાબ** : નાગજી ભૂદરની પોળ : **અમદાવાદ**



# નવી નજરે

**શ્રી સંજય**

**તાજેતરમાં** યૂરોપના વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું છે કે, 'શબ્દો એક સેકંડમાં ૧૧૩૦ ફીટના વેગથી માર્ગ કાપે છે. પાણીમાં અવાજનો વેગ ચારગણો છે, લોખંડમાં એનાથી સાડાત્રણગણો અધિક વેગ છે; જ્યારે વિદ્યુત્ પ્રકાશનો વેગ દર સેકંડે ૧૮૬૦૦૦ માઈલનો ગણાય છે. એક સેકંડના લગભગ બાર અબજના ભાગ જેટલા સમયમાં પ્રકાશ, એક ઇંચ જેટલું અંતર કાપે છે.

—રૂટરની વૈજ્ઞાનિક સર્વીસ.

જેને આજનું વિજ્ઞાન છેલ્લામાં છેલ્લી શોધ કહે છે, તે જૈનશાસનની પહેલી શોધ કહેવાય છે. વિજ્ઞાન હજીપણ અપૂર્ણ છે. જૈનશાસ્ત્રોની શોધ સંપૂર્ણ હોય છે. જૈનશાસ્ત્રોમાં શબ્દની ગતિ ચોથા સમયમાં સંપૂર્ણ લોકવ્યાપી ગણાય છે. છદ્મસ્થ વૈજ્ઞાનીકોની શોધ પણ શ્રદ્ધા સિવાય સ્હમજી શકાતી નથી. તો જૈનશાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન પૂર્ણ શ્રદ્ધા વિના સ્હમજવા ઇચ્છનારા ખરેખર હવામાંજ બાચકા ભરે છે.

**હિંદની** સરકાર હવે સત્તા પર આવી છે. પરદેશી સત્તા હિંદમાંથી ઉચાળા ભરીને વિદાય થઇ ગઈ. કોંગ્રેસના નાયકો પ્રાંતીય ગવર્નરોના સ્થાને આવ્યા છે. તે લોકોનો, વાર્ષિક પગાર ૭૨ હજારનો નક્કી થયો છે, અને તે પણ સરકારી ટેક્ષ વિના. જ્યારે હિંદના પ્રદેશ પર યૂરોપીય ગવર્નરો હતા, ત્યારે એ લોકોનો પગાર કરમુકત જો ગણવામાં આવે તો લગભગ ૫૨૦૦૦ નો કહેવાય છે.

—એ. પી. નો સંદેશ.

જે દેશમાં માણસદીઠ વાર્ષિક આવક ૧૦ રૂ. ની ગણાય છે, તે દેશમાં કરોડો દરિદ્રનારાયણોની પ્રતિનીધિ ગણાતી કોંગ્રેસ, સત્તા પર આવ્યા પછી, આ રીતે જો દેશનો પૈસો વેડફી દેશે તો પેલા ભૂખ્યા અને નાગા ફરતા કરોડો ગરીબ પ્રજાજનોનું શું થશે? હા, પરદેશી સરકાર સત્તા પર હતી ત્યારે આ ધોળા હાથીઓ પાછળનો ગજબ ખરચો કદાચ સંભવી શકે, પણ જે મહાસભાએ કરાંચીમાં ઠરાવ કરીને રૂ. ૫૦૦) નો પગાર લેવાનું નક્કી કર્યું હતું તે આજે આ રીતે ફેરવી તોળે તે કોઈપણરીતે વ્યાજબી ન ગણાય. જે માણસને વાર્ષિક આવક ૭ લાખ, ૬૧ હજારની હોય તે માણસ, યુદ્ધકર, ઈન્કમ અને સુપર ટેક્ષો જતાં ૭૨ હજાર મેળવી શકે છે. એટલે આ ગણત્રીથી એમ કહી શકાય કે, યુદ્ધ દરમ્યાન યૂરોપીય ગવર્નરોને ૮ લાખનો પગાર મળતો હોત તો પણ કોંગ્રેસના પ્રાંતીય ગવર્નરો કરતાં તે ૨૦૦૦૦ હજાર જેટલો ઓછો ગણાત.

**યુરોપમાં** બધા દેશો કરતાં બ્રિટનને યુદ્ધ પછી, ઘણી જ કફોડી સ્થિતિમાં મૂકાઈ જવું પડયું છે. શાંતિના સમયમાં બ્રિટનને જે સૈન્ય રાખવું પડતું તેના કરતાં આજે તેમાં ઘણો વધારો કરવો પડયો છે. ભૂમાર્ગનું સૈન્ય આજે ચારગણું બન્યું છે. વિમાની દળ પહેલાં કરતાં આજે ત્રણગણું છે. આવકનું હાલ સાધન નથી. ઉત્પાદન વધારવા માટે ફાજલ પડતા માણસો નથી. ૮ લાખના સૈન્યમાંથી જર્મની ઓસ્ટ્રેલીયા, મધ્યપૂર્વના દેશો, પેલેસ્ટાઇન, અને હિંદમાં, આ બધા દેશોમાં તેને ૫ લાખ માણસો રાખવા પડે છે, પણ આ માણસોને પોષવાની તાકાત તેનામાં રહી નથી, આથી ૪ લાખ ૨૦ હજાર માણસોનો ઘટાડો કરવાનું વડાપ્રધાન એટલીએ જાહેર કર્યું છે.

—રૂટરના સમાચાર.

દુનીયાના બધા દેશોમાં વધુ મુત્સદ્દી દેશ તરીકે બ્રિટનની ગણના થાય છે. આ દેશના મુત્સદ્દી લોકો જ્યારે હિંદ જેવી કામધેનુને આ રીતે ફડચામાં છોડીને ચાલ્યા જાય છે, એમાં જરૂર કાંઇક ભેદ હોવો સંભાવ્ય છે. જે ઉપરના સમાચારથી જવાબ મળી જાય છે. બ્રિટીશ સામ્રાજ્યનો પક્કો જાદુગર ચર્ચીલ જ્યારે હિંદની સત્તા સોંપણીના કાર્યમાં સમ્મત થાય છે, તે હકીકત બ્રિટીશ સામ્રાજ્યની નબળી પરિસ્થિતિને પૂરવાર કરે છે. હિંદના ભોળા આગેવાનો માને છે કે, 'હિંદ આઝાદ થયુ'. પણ ખરીવાત એ છે કે, 'બ્રિટીશ સત્તાશાહીને ન છૂટકે હિંદનો કબ્જો છોડવો પડયો છે. પાકીસ્તાન અને હિંદુસ્તાન આ રીતે આપણી માભોમ હિંદમૈયાના ટૂકડા કરીને, આજે એ લોકો આપણા ગુલામી માનસની મજાક ઉડાવી રહ્યા છે, આ હકીકત ભૂલી શકાય તેમ નથી.

**છેલ્લા વિશ્વયુદ્ધ પછી, પોતાના ભારને હળવો કરવા બ્રિટને અમેરીકા પાસેથી લોન લઇ, પોતાના દેશને સમૃદ્ધ કરવાની યોજના ઘડી કાઢી છે, પણ ત્યાંની પ્રજાએ એ નાણાંનો ઉપયોગ તમાકુ, સીનેમાની ફીલ્મો, મોજ–શોખમાં હદ ઉપરાંત કરી નાંખ્યો છે. આથી પોતાનું દેવું પતાવવા માટે તેને ઉત્પાદન વધારવાની જરૂર છે. આ માટે નાણાં અને માણસોની ત્યાં આજે ઘણી જ સંકડામણ છે. બ્રિટનનું ખર્ચ લડાઈ કરતાં આજે ૫૦ ક્રોડ પાઉંડનું વધી ગયું છે.**

**—પાર્લામેંટના નાણાશાસ્ત્રીની ફરીયાદ.**

'પડી ટેવ તે કેમ જાયે ટળી' એ જુની લોકકહેવત મુજબ યૂરોપની પ્રજા હજુપણ પોતાની આ સાહેબશાહી આદત ભૂલતી નથી, એ ગજબ કહેવાય. યૂરોપની અનાર્ય પ્રજા કેવળ મોજશોખ, વિલાસ, સ્વેચ્છાચાર, ને નાચ–ગાનતાનમાંજ પોતાના જીવનનું ઇતિકર્તવ્ય માની બેઠી છે, એની રોગી હવા છેલ્લા કેટલાયે દશકાથી હિંદના ત્યાગ પ્રધાન પવિત્ર વાતાવરણને પણ મલીન કરી રહી છે. છતાં યૂરોપની શાણી પ્રજા પોતાના દેશ પર ઉતરી આવેલી આફતનો સંગઠિત બની જરૂર સ્હામનો કરી, ફરી પાછું પોતાનું ગૌરવ જ્હેલાસર પ્રાપ્ત કરી શકશે. જ્યારે હિંદની પ્રજાનાં એ કમનશીબ છે કે, નાશને આરે ઉભેલી એ મહાન પ્રજા આજે કુસંપ, કોમીવૈર ને સ્વાર્થના સંકુચિત વમળમાં અટવાઇને પોતાના દેશ, સમાજ તેમ જ ધર્મને કલંકિત કરી રહી છે. રે હિંદ ! ત્હારૂં નશીબ.

**જૈન ઇતિહાસના પાનાઓમાં આજથી ૨૪૦૦ વર્ષ પહેલાંનો પ્રસંગ જે રીતે નોંધાયો છે. તે આજે યાદ કરવા જેવો છે. જ્યારે મગધરાજ શ્રેણિકના પુત્ર કોણિક અને મહારાજા ચેટકની વચ્ચે યુદ્ધ ખેલાયું હતું, કે જે યુદ્ધ મહાયુદ્ધ ગણાયું છે. તે યુદ્ધમાં ૧ ક્રોડ અને ૮૦ લાખ માણસો માર્યા ગયા છે. આમાં ૧૦ હજાર મનુષ્યો મરીને મત્સ્યયોનિમાં જન્મ્યા છે. ૧ મનુષ્ય થયો છે અને ૧ દેવ બને છે. જ્યારે બાકીના તિર્યંચ તથા નરકમાં ઉત્પન્ન થાય છે. —જૈન ઇતિહાસની નોંધ.**

ભૂતકાલને ભૂલી જવાનું કહેનારા આજના કહેવાતા સભ્ય લોકોએ આ ઐતિહાસિક હકીકતની સ્હામે આંખમીંચામણાં કરવાં હવે પાલવે તેમ નથી. 'યુગ ક્રાંતિનો છે, પ્રગતિનો જમાનો આવી રહ્યો છે.' આમ બડી બડી વાતો કરનારાઓએ સ્હમજવું જોઇએ કે, ભૂતકાલનો યુગ, માનવતાનો હતો, જ્યારે વર્તમાનયુગ દાનવોનો છે. છેલ્લા વિશ્વયુદ્ધે એ પૂરવાર કર્યું છે કે, માનવજાત અધઃપતનની ઉંડી ખીણમાં ધકેલાઈ રહી છે. 'યુદ્ધ દરમ્યાન પાંચ ક્રોડ ૫૦ લાખ માનવો મર્યા છે. ૧ ક્રોડ ૫૦ લાખ ગંભીર ઇજા પામ્યા છે. તેમજ દશપરાર્દ્ધ ડોલરનો ખર્ચ આ લડાઇમાં થયો.' સંયુક્ત દેશોની યુદ્ધયાદી એમ કહી રહી છે કે, આજના સુધરેલા આદમીઓ, સુધરેલા દાનવોની પુનરાવૃત્તિ છે. પ્રભો ! આ લોકોને રક્ષણ આપ ! જેઓને ખબર નથી કે તેઓ પોતે શું કરી રહ્યા છે.

**પાકીસ્તાનના ગવર્નર જનરલ શ્રીયુત ઝીણાએ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે પોતાની પ્રજાને ઉદ્દેશીને, જણાવ્યું હતું કે, 'તમે તમારા મંદિરો, દેવળો અને મસ્જીદમાં જજો! રાજકાજ સાથે ધર્મ, જ્ઞાતિ યા કોઈ પણ માન્યતાને નિસ્બત નથી.'**

—તા. ૧૧-૮-૪૭ **જામેજમશેદ.**

શ્રીયુત જીણા, જ્યારે કાંઇપણ બોલવાને જીભ ઉપાડે છે, ત્યારે વાણીમાં તેઓ મીઠાશથી શબ્દોની મધલાળ પીરસી જાણે છે. તેઓ કહે છે તે મુજબ બરોબર છે કે, રાજકાજ સાથે કોમ, મજહબ કે ધાર્મિક મતભેદોને સ્થાન નથી, પણ આપણે તેઓને પૂછીશું કે, તમે હવે આ બધું જે કહી રહ્યા છો, તે સિદ્ધાંત, આવતીકાલ માટેનો છે, કે ગઈકાલ સુધીનો હતો? જો આમજ હોય તો હિંદના જે બે ભાગલા પાડવાનું તમે સ્વીકાર્યું, તે કઇ દૃષ્ટિયે? તેમાં કયો સિદ્ધાંત? હાથીનાં દાંત બોલવાના જુદા અને ચાવવાના જુદા, એ આજની મુસ્લીમ લીગની તમામ પ્રવૃત્તિઓનો બોધપાઠ ભૂલવા જેવો નથી.

**લગ્ન જીવનના પોતાના હક્કોનો ભોગવટો થતો ન હોવાથી અમદાવાદમાં રાજનગર સોસાયટીના ભાસ્કર ભટ્ટે, પોતાની સ્ત્રી ઉર્મિલા ભટ્ટની સાથે લગ્ન-જીવનમાંથી મુક્ત થવાને અરજી કરી છે. આવી કેટલીયે અરજીઓ અમદાવાદની કોર્ટોમાં થઈ છે, હાલ આવા કેસો ૧૨ આવ્યા છે.**

—તા. ૧૦-૮-૪૭ **પ્રજાબંધુ.**

આર્ય સંસ્કૃતિનો પૂજક આર્યદેશ આજે કઇ નીચ હદે પહોંચી ગયો છે, સ્ત્રીઓને વેશ્યા જેવી સ્થિતિમાં મૂકનારી આજના સુધરેલા દેશોની સભ્યતાએ પોતાની સંસ્કૃતિને કલંકિત કરી મૂકી છે, પુરૂષો કેવળ વાસનાભૂખ્યા બની પવિત્ર આર્યદેશની રમણીને પોતાની વાસનાનું રમકડું બનાવી દેવા માંગે છે. આજનો આર્યસંસાર, આ બધા સ્વાર્થ, વિલાસ, અહંતાના પાપોથી ચોમેર ભડકે બળી રહ્યો છે. આવા ભાસ્કરભટ્ટો જો 'સહવું અને ગમવું' સિદ્ધાંત ભૂલી જશે તો તેઓ આ રીતે કેટ-કેટલી નિર્દોષ અબળાઓનાં જીવનને સળગાવીને ખાખ કરી દેશે, એ ન કહી શકાય અને ન સહી શકાય તેવી કમનશીબ ઘટના છે.

**વડોદરાના શહેરીઓએ વડોદરાના મધ્ય ભાગમાં મહાત્માજીની પ્રતિમાજી ઉભી કરવાનો નિર્ણય કર્યો છે. ને આ માટે ૫૦૦૦૦ હજારનું ફંડ કરવામાં આવશે. તેજ રીતે મુંબઇમાં ૧૫૦ ફીટ ઊંચી મહાત્માજીની પ્રતિમા ગેટ વે ઓફ ઇન્ડીયાના દરવાજાની નજીકમાં ઉભી કરવામાં આવશે, અને તે માટે ૧૦ લાખ રૂા. નું ફંડ ઉભું થશે. —એ. પી. પ્રેસ**

આનું નામ ઘેલછા નહિ તો બીજું શું? પોતાના ધર્મસંપ્રદાયના ધર્મનાયકોની મૂર્તિને પૂજનારાઓની મશ્કરી કરનારા સુધારકો, ગાંધીવાદમાં ઘેલા બની કેટલી હદે નીચે ઉતરી જાય છે. જેઓ હજુ જીવંત છે, તેઓની જન્મ-જયંતી ઉજવવી, તેઓનાં બાવલાઓ ઉભા કરવા એ બુદ્ધિવાદ, ડહાપણ અને શ્રદ્ધાની મશ્કરી છે. સારૂં થયું કે, મહાત્માજી, આ ચેપી રોગચાળાને સ્હમજી ગયા અને એમણે ચોકખું કહી દીધું કે, 'મારી પ્રતિમા ઉભા કરનારા મને ઓળખતા નથી, મારા કાર્યને અનુસરો એજ મારૂં સાચું સ્મારક છે.' છતાં હિંદના ભોળા અને અંધશ્રદ્ધાળુ ગાંધીવાદીઓ હજુ પણ નહિ સ્હમજે તો એનો કાંઇ ઉપાય નથી.

**કલકત્તાના માજી વડાપ્રધાન એચ. સુહરાવર્દી અને કલકત્તાના માજી મેયર એસ. એમ. ઉસ્માન, ઇદ-મુબારક કરવા મહાત્માજી પાસે ગયા હતા અને મહાત્માજીના માણસોએ તેઓને હાર-તોરા એનાયત કર્યા હતા.**

**—મુંબઇ સમાચાર** તા. ૨૦-૮-૪૭

કલકત્તાના આ બધા માજીઓ હવે કેમ ગાંધીજીની સેવામાં આવતા હશે? 'સો સો ચુઆ મારકે

બિલ્લીબાઇ હજ પઢનેકું ચલી' એના જેવું તો આ નહિ હોયને ? એક વખતે કલકત્તા જેવા શહેરને કોમી દાવાનળની અગ્નિજવાળાથી ભડકે બળતું કરી, અનેક નિર્દોષોનો સંહાર કરાવવામાં જેઓનું નામ લોકજીભે બોલાતું હતું તે આ સુહરાવર્દી, હવે તો શહીદ બની ચૂકયા છે અને ગાંધીજીના માણસો ખુદ એમને ફૂલહાર અર્પણ કરે છે. આ પણ વિધિની વિચિત્રતા જ છે ને ? કોણ કહે છે કે, સુહરાવર્દીમાં હૃદયનો પલટો થયો છે, આ તો એક ચાલબાજી છે. હોદ્દા પરથી ઉતર્યા પછી, જાતને આગળ લાવવા અને પોતાના જાતભાઇઓનાં રક્ષણ માટેનું આ દૂરદેશીપણું છે. કોઈપણ દિવસ, એકપણ મુસલમાન હિંદુને મળે કે કોંગ્રેસમાં ભાગ લે તો સ્હમજવું કે, લાલીયો લોટે છે ખરો પણ એમાં કાંઇ કાળું છે. કોમ અને મજહબનો પ્રશ્ન આવ્યો એટલે આ મુસ્લીમભાઇઓ બધા ઝીણાનાજ ભાઇબંધો બની જવાના એ ભૂલવા જેવું નથી.

**બ્રિટનની કામદાર સરકાર છેલ્લા કેટલાયે મહિનાઓથી કસોટીમાં છે. ડોલરને અંગે અમેરીકાની રાજદ્વારી આગેવાનો બ્રિટનને ચેતવણી આપી રહ્યા છે કે, ' જો કામદાર સરકાર રાષ્ટ્રીયકરણનો કાર્યક્રમ ચાલુ રાખશે તો, અમેરીકા કોઇપણ પ્રકારની મદદ બ્રિટનને નહિ આપી શકે. —ટાઇમ્સ ઓફ ઇંડીયા.**

બ્રિટન જેવો દેશ એક વેળા યૂરોપમાં નામાંકિત ગણાતો આજે એ ચોમેરથી ભીંસમાં આવી ગયો છે. અમેરિકાનું એ દેવાદાર છે. હિંદ એની પાસે ક્રોડો ઉપરાંત પૌંડ માંગે છે. રશીયા એને સાણસામાં લેવા તલપાપડ છે. આ સ્થિતિમાં એના ડાહ્યા મુત્સદ્દીઓએ હિંદ, બર્મા, પેલેસ્ટાઇન વગેરે પરની પકડ ઓછી કરવા માંડી છે. છતાં ' ભાગલા પાડીને રાજ કરવું ' એ એમની નરી પુરાણી રીત મુજબ દરેકે દરેક દેશોને પરસ્પર લડાવી મારવાનો છેલ્લો દાવ ફેંકીને એ લોકો આજે દેશમાં બેઠા બેઠા પોતાના વિજયને ગંભીરતાથી હસી રહ્યા છે, ત્યારે અમેરીકનો તેમને મુસ્કેલીમાં મૂકવાના દાવ ખેલી રહ્યા છે. રે શાહીવાદ ! જ્યાં ત્યાં જુજવારૂપે તું તે તું જ છો.

**શેઠ અંબાલાલ સારાભાઇની પુત્રી ભારતીએ લંડન ખાતે એક યૂરોપીયન સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું છે. એ યૂરોપીયનનું નામ ડેનીસસ્ટોલ છે. ડેનીસ જ્યારે એશીયાઇ પરિષદમાં દીલ્હી ખાતે આવ્યા હતા, ત્યારે ભારતીનો મેળાપ થતાં બન્નેની તારમૈત્રી થઇ હતી. ભારતી, અંબાલાલ શેઠની બીજી પુત્રી છે.**

—એક સમાચાર

હિંદ દેશમાં આ પ્રેમલગ્નોનું તોફાન હવે ખૂબ ફાટી નીકળ્યું છે. જાત, ભાત કે સંસ્કારને જોયા વિના કેવળ પતંગીયાની માફક રાગના ભડભડ સળગતા ગ્યાસલેટીયા દિવામાં હોમાઇ જવું એ નરી મૂર્ખતા છે. આજે આવાં અનિષ્ટ રોગનો ભોગ જ્યારે આવા શ્રીમાનોની પુત્રીઓ થાય છે ત્યારે તે જરૂર હિંદને માટે શરમાવનારૂં ગણાય. દેશનાયકોએ હવે દેશને આવાં ભયસ્થાનોમાંથી ઉગારવા માટે યોગ્ય માર્ગદર્શન આપવું પડશે. મહાત્મા ગાંધીજીના અનુયાયી અંબાલાલ શેઠના ઘરમાં જ્યારે આવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય એ ઘણું જ કમનશીબ કહેવાય. સંયમ, ત્યાગ, ઉદારતા અને ધર્મભાવના વિનાની આઝાદી હિંદ દેશના ધર્મવાસીત વાતાવરણને કોઈપણ રીતે ન જ શોભે.

**મોસ્કો રેડીયો** તા. ૨૩–૧૦–૪૭ ના **બોલે છે કે, ' બ્રિટીશો અને અમેરીકનો હિંદ પર રાજદ્વારી અને આર્થિક કાબુ રાખવાના પ્રયત્નો કરે છે. માટે હિંદ અને પાકીસ્તાન વચ્ચે કાયમી શત્રુતા રહે એ વસ્તુ બે સંસ્થાનો ખાતેના પ્રત્યાઘાતીઓને ફાવતી આવે છે; કારણકે આથી હિંદની જનતા બ્રિટીશ સંસ્થાનિક મંડળોની સ્હામે લડવામાંથી દૂર રહે ' તદુપરાંત એ રેડીયો જણાવે છે કે, ' હિંદના હિંદુઓ અને મુસ્લીમોને ઝઘડવા કરવાનું કાંઈ કારણ નથી. એ લોકોની પરસ્પરની શત્રુતાનાં**

## આપણું કર્તવ્યઃ — શ્રી મફતલાલ સંઘવી

હું જૈન–શ્રાવક છું; દેવ, ગુરુ અને તીર્થંકર પ્રણિત સદ્ધર્મની વ્યાપક પવિત્ર છાયામાં મહામૂલું માનવજીવન વ્યતીત કરવું, તે મારી પવિત્ર જીવનનીતિ હો !

નાના–મોટા કોઇ જીવની મારે હાથે જાણતાં–અજાણતાં પણ હિંસા ન હો ! મારા નિમિત્તે અન્ય કો માનવીને હિંસક કૃત્ય કરવું પડે તેવું પણ મારૂં જીવન ન હો ! કોઇ પણ હિંસક માનવીની પીઠ થાબડવાનો પ્રસંગ મારા જીવનમાં ઉપસ્થિત ન થાઓ !

અસત્ય કે જેની ઝેરી છાયા તળે જીવને અશાતા ઉપજે છે. તે મારા જીવનમાંથી સદંતરપણે અલોપ થાઓ ! મુજ અંતર–મનને જીહ્વાગ્રે સદૈવ સત્યનો વાસ હો ! જ્યાં કેવળ અસત્યનો પ્રચાર વર્તતો હોય, ત્યાં લાખો–કરોડો રૂપિયાની કમાઈ થતી હોય તો પણ મારાં પગલાં ન પડો. મારા જીવન–ગગને દિન–રાત સત્યનો સૂરજ અજવાળાં પાથરતો રહે, એવી શુદ્ધ ને સત્ત્વવંતી મુજ ભાવના હો !

હું શ્રાવક છું, પ્રભુશ્રી મહાવીરનો નમ્ર ભકત છું. તેમને ભજવા માટે, મારે મારી સઘળી પવિત્ર જીવનશકિતઓને એકી સાથે કામે લગાડવી જોઈએ ને જેવું પ્રભુજીનું જીવન હતું, તેવુંજ જીવન–દેશ કાળ પ્રમાણે જીવવાને સત્પ્રયાસો આદરવા જોઇએ. શ્રી મહાવીર અને તેમણે પ્રરૂપેલા ધર્મનો સાચો ભકત તેજ અનુયાયી ગણાય, જેને જોતાંજ શ્રી મહાવીર-પ્રભુની યાદ તાજી થાય અને ધર્મને અનુરૂપ પવિત્ર કાર્યો કરવાની દિવ્ય પ્રેરણા પ્રગટે.

એટલું જરૂર કે, ' મહાવીર ' ' મહાવીર ' બોલવાથી પણ ભાવોમાં કંઈક અંશે શુદ્ધિ દાખલ થાય, પણ ' મહાવીર ' ' મહાવીર ' નો જાપ જપવાની સાથે–સાથ તેઓશ્રીએ પ્રગટાવેલું તેવુંજ મહાવીરત્વ પ્રગટાવવાની દિશામાં શુદ્ધ ભાવપૂર્વક ક્રિયાઓ કરાય, તો ' મહાવીર ' જાપની સાર્થકતા થઇ લેખાય.

જેના જેવું થવું હોય, તેના જ જીવનમાં આપણે લીન થવું જોઇએ ! અને તે એટલી હદ સુધી કે, નિજના અસ્તિત્વનું ભાન પણ ભૂલાઈ જાય; અને આત્મા કેવળ આત્માથી જ વાતચીત કરતો થાય.

જે સન્માર્ગે થઇને પ્રભુશ્રી મહાવીર મુકિતમંદિરે પહોંચ્યા એજ માર્ગ પર મારા પગલાં પડો. તે સિવાયના સઘળા માર્ગો પ્રત્યે તે ગમે તેટલા રળીઆમણા અને આકર્ષક હોય છતાં મને પ્રીતિ ન ઉપજો ! કારણ કે, હું શ્રાવક છું, શ્રાવકને સદા એવીજ ભાવનાઓ ભાવવાની હોય.

શ્રાવક સદા એજ ચિંતવે કે; ' મારૂં

---

બીજ બ્રિટીશ શાહીવાદીઓએ અત્યાર અગાઉ રોપ્યાં છે અને જેને પાણી પાયું તેમાંથી ફુટતી કુંપળો સમી છે '.

—મોસ્કો, તા. ૨૪–૧૦–૪૭

અર્ધ ફાસીઝમ વલણ રાખનારા રશીયાને હમણાં હમણાં હિંદ પર ખૂબજ હેત ઉભરાઈ આવે છે. આમાં બ્રિટન અને અમેરીકા સ્હામેનો તેજોદ્વેષ હોવો સંભળાય છે. છતાં મોસ્કો રેડીયા પરથી તેના વિવેચકે ઉપરોકત જે કાંઇ કહ્યું છે તે અક્ષરશઃ સાચું છે, પાકીસ્તાન ઉભું કરવામાં ઝીણા કરતાં બ્રિટન અને અમેરીકાના શાહીવાદીઓનો પડદા પાછળનો દોરી સંચાર વધારે પડતો હતો. જેથી આજે હિંદ સ્વતંત્ર બનવા છતાં, પોતાનાં તેજને ખોઇ બેઠું છે. પ્રાણ-વિનાના ખોળાના જેવી સ્થિતિમાં શાહીવાદી દેશોએ આજે હિંદને મૂકયું છે.

કોઈ નથી, હું કોઇનો નથી, માતા-પિતા, ભાઈ-બ્હેન, પતિ-પત્ની, સગાં-સંબંધીઓ વિગેરે કર્મની જ માયા છે. કર્મની તે લીલાને સંકેલ્યા વિના શુદ્ધ આત્મસ્વરૂપનું દર્શન મારા માટે શકય નથી જ.

મેં અનેક જન્મે અનંત કર્મો બાંધ્યાં, હવે તેવાં કર્મો મારા હાથે ન બંધાઓ !

મારૂં છે તે સઘળું મારી પાસેજ છે, બીજા કોઇની રિદ્ધિ-સિદ્ધિ મારે કોઇ કામની નથી. મારે સદા મારા આત્મ સ્વભાવમાં જ મગ્ન રહેવું જોઇએ.

આજે હું જે દેશમાં છું, તે ગઈ કાલની મારી ભાવનાઓ અને ક્રિયાઓમાંથી પરિણમેલ કર્મોનું પરિણામ છે, અને બીજાઓ આજે મને જે સ્થિતિમાં દેખાય છે, તે પણ, તેમનાં તે તે પ્રકારનાં કર્મોના પરિણામ મુજબ છે.

જેવાં મારાં પરિણામ હશે, તેવોજ બંધ પડવાનો છે, અને જેવો બંધ પડશે, તે પ્રમાણે જ હું ઘડાઇશ. તો પછી મારે મારાં પરિણામ શા માટે કૂણાં અને પવિત્ર ન રાખવાં કે જેને પરિણામે ખોટા બંધભારે મારે મૂંઝાવું ન પડે !

મારે સદા પરમ પુરૂષને પંથે ચાલવાની જ ભાવના ભાવવી જોઇએ. સારાઓનો દાખલો લે, તે સારા થવાને, મને સદા ત્રિવિધે શ્રી મહાવીરપ્રભુનું શરણ હો ! જેને ગોશાલક બનવું હોય, તે ભલે તેના રાહે ચાલે !

મુકિત સિવાયની અન્ય સકલ ઝંખનાઓ તે ઝંખનાઓ નહિ, પણ કેવળ મોહ-માયા છે. ઝખના કરવી શોભે તો તે કેવળ મુકિતની જ. મને તે સિવાયની અન્ય ઝંખનાઓ ન છબો !

હું માનવશ્રેષ્ઠ છું, દેવોને પણ લોભાવે એવું મારૂં નિત્યજીવન હોય, મારો એક પણ વિચાર કેવળ સ્વાર્થના અંધારા કુવામાંથી પ્રગટ થતો ન જ હોય, કારણ કે, હું પ્રભુ મહાવીરનો અનુયાયી છું !

પ્રભુ મહાવીરનો અનુયાયી જેવો તેવો ન હોય. સંસારના એક સશકત યોદ્ધાને પણ શરમાવે તેવું દઢ તેનું મનોબળ હોય અનેકવિધ કષ્ટો સામે ટક્કર ઝીલતાં તે જરા પણ પાછી પાની ન કરે. તેની જીવનવેલી-પ્રભુ મહાવીરના શુભનામ આશ્રયે સદાકાળ વિકસતી રહે.

શ્રાવક પદ જેટલું ઉચ્ચ, એટલીજ જવાબદારીઓ ત્યાં વિશેષ, જેનાથી એ જવાબદારીઓનો બોજો ન ઉંચકાય, તે ઉચ્ચ શ્રાવકપદથી ખસતો-ખસતો અધોભૂમિ તરફ ખેંચાઇ જાય. મહાન બનવાને મોટી જવાબદારીઓ અને કડક નીતિનિયમોનું પાલન કરવું તે અનિવાર્ય હકીકત છે. તે સિવાય વ્યક્તિ, સમાજ કે સંઘની મહત્તા ચીરંજીવી ન બની શકે.

'હું જૈન છું' એમ બોલતાંની સાથે જેના જીવનમાંથી એક પ્રકારની દિવ્ય ઝલક પ્રગટ ન થાય, તેને હું શુદ્ધ શ્રાવક કહેતાં જરૂર અચકાઉં.

સ્વભાવથી જ 'જૈનત્વ' એ મહાન પવિત્ર, અને વ્યાપક ગુણધર્મોનું સૂચક છે. એટલે જે તેની ત્રિવિધે આરાધના કરે તેનામાં તે-તે પ્રકારના સદ્‌ગુણો પ્રવેશવા લાગે, અને જે પ્રમાદી બને, તેનો સંસ્કાર પ્રવાસ નિષ્ફળ નિવડે. એટલું કહી વીરમું છું.

# કેટલાંક સંસ્મરણો

## પૂ૦ મુનિરાજ શ્રીમદ્ કનકવિજયજી મહારાજ

વિ. સં. ૨૦૦૦ ના માગશરમાં જ્યારે અમે પાટણ આવ્યા ત્યારે પાટણનું વાતાવરણ તદ્દન શાંત હતું. આ પહેલાં બે વેળા પાટણ આવવાનું મારે માટે બન્યું હતું. ૯૦ નું ચાતુર્માસ અમદાવાદ કરી, પૂ. સ્વર્ગીય પરમગુરૂદેવ આચાર્ય મહારાજશ્રીની સાથે ૯૧ ના માહમાં પાટણ આવવાનું મારે બન્યું હતું. ત્યારબાદ તે ચાતુર્માસ પણ પૂ. પરમગુરૂદેવ આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં મેં પાટણ ખાતે કર્યું હતું. તે વેળાનું પાટણ બે પક્ષોમાં વ્હેંચાયેલું હતું. અનેક ઝંઝાવાતોથી તે શહેરનું વાતાવરણ ત્યારે લગભગ ખળભળેલું હતું. પત્થરની બે ફાટોની જેમ તે સમયે સંઘમાં ભાગલા પડયા હતા. આજે જો કે એ દુઃખદ ભૂતકાલ ભૂલાઇ ગયો છે. જેથી ફરી એને તાજો કરવાની જરૂર નથી. છતાં એમ કહેવું જોઇએ કે, છેલ્લા ત્રણ દશકાથી સમાજની સ્થિતિ કુસંપના અગ્નિથી ધૂંધવાતી રહી છે. એમાં પણ છેલ્લા દશ વર્ષથી શાસનપક્ષમાં ઉગ્ર મનોભેદનું રૂપ પકડયું છે. આથી સિદ્ધાંતરક્ષા અને શાસનપ્રભાવનાનાં કાર્યો આજે ખોરંભે ચડયાં છે. સંઘશક્તિ વેરવિખેર થઈ રહી છે અને ધર્મની સ્હામે આક્રમણો આવતાં આપણે બધા એક થઇ શકતા નથી. આ કેવી કમનશીબ પરિસ્થિતિ!

આજે હું એ અઢાર વર્ષ પહેલાના પાટણને સ્મૃતિપટમાં યાદ કરૂં છું, ત્યારે તે વેળાની વેરવિખેર થઈ ગયેલી પાટણની જાહોજલાલીની દુઃખદ ઘટના મારા હૃદયને કંપાવી રહી છે. ગૂજરાત–મહાગૂજરાતની પ્રાચીન પુણ્યભૂમિએ કેટકેટલાં પરિવર્તનો અનુભવ્યાં છે. એ એના ઇતિહાસ પરથી આપણને જાણવા મળે છે.

વનરાજ ચાવડાની રાજધાનીનું પાટણ એક વેળા સમસ્ત જગતમાં પહેલી પંક્તિનું શહેર ગણાતું. કલિકાલસર્વજ્ઞ આચાર્ય મહારાજ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજીના તીર્થક્ષેત્ર આ પાટણે, આ સૂરિપુરંદરની શાસન પ્રભાવનાઓ જોઈ છે. પરમાર્હત કુમારપાળ મહારાજાનો ધર્મવૈભવ, આ શહેરે જાણ્યો–માણ્યો છે. એનાં અવશેષો છે, આજે એ વાતની સાક્ષી પૂરી રહ્યાં છે.

વિક્રમના ૯ મા શતકના છેલ્લા વર્ષોમાં વનરાજે પાટણ શહેર વસાવ્યું હતું. વનરાજ પર જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિ મહારાજનો અનહદ ઉપકાર હતો. જ્યારે કાન્યકુબ્જનો ભુવડ, જયશિખરી ઉપર ચઢાઇ લાવ્યો ત્યારે વનરાજની ગર્ભવતી માતા, રૂપસુંદરીને કેવળ વનરાજની ખાતર ગૂજરાતના જંગલો ખૂંદવાં પડયાં હતાં. ઉત્તર ગૂજરાતના વઢીયાર પ્રદેશની ધરતી પર એ ગૂજરાતની મહારાણી આવી પહોંચી. પંચાસરાના ઉદ્યાનમાં એણે વનરાજને જન્મ આપ્યો. વિહાર કરતાં આચાર્ય મહારાજશ્રી શીલગુણસૂરિજી ત્યાં પધાર્યા. લક્ષણવંતા એ ભાગ્યશાળી બાળકને જોઇ, તે સૂરિદેવે પંચાસરના શ્રાવકોને આ હકીકત જણાવી. પંચાસરના શ્રાવકોએ બાળક વનરાજને પાળ્યો, પોષ્યો અને મ્હોટો કર્યો. આમ બનવામાં આચાર્ય મહારાજને જૈનશાસનનું હિત હૈયે વસ્યું હતું. વનરાજે પાટણ શહેર વસાવ્યા પછી તે પૂ. જૈનાચાર્યની શુભપ્રેરણાથી શ્રી પંચાસરા પાર્શ્વનાથનું સુંદર અને વિશાલકાય જિનમંદિર બંધાવ્યું હતું. જેની પ્રતિષ્ઠા આચાર્ય મહારાજશ્રી શીલગુણસૂરિજીએ કરાવી હતી.

વનરાજના જીવનમાં જેમ એક મહાન જૈનાચાર્યનો અનહદ ઉપકાર હતો, તેમ એક સત્ત્વશાલી શ્રાવકનો પ્રભાવ પણ અવશ્ય કારણ હતો, તે શ્રાવકનું નામ ભીમરાજ હતું. વનરાજ જ્યારે એના મામા સુરપાલની સાથે ગૂજરાતમાં બ્હારવટે નીકળ્યો હતો, તે વેળાયે એની સાથે ત્રણ સાથીદારો હતા. રસ્તામાં પરિશ્રમ લાગ્યો અને જમવાના સમયે એ બન્ને મામા–ભાણેજ ભોજન લેવા બેઠા. ભોજન લુખું હોવાથી તેને ભાવ્યું નહિ. એણે પોતાના સાથીદારોને કહ્યું: 'જ્યાં હોય ત્યાંથી, જેનું હોયે તેનું ઘી લઇ આવો'. વનરાજનો આદેશ મળતાં એ ત્રણેય જણાં ઘી લૂંટવા નીકળ્યા. એટલામાં સ્હામેથી માથે ઘીની કુડલી લઈ ભીમો ત્યાં થઇને જતો, તેને આ લોકોએ જોયો. જાણે ગોળનું ગાડું મલી ગયું હોય તેમ માની તે લોકો આનંદમાં આવી ગયા.

ભીમાને વાણીયો જાણી વનરાજના માણસોએ તેને કહ્યું; 'એ વાણીયા, ત્હારા માથા પર ઘીની કુડલી છે, તે અમને સોંપી દે'. ભીમો વાણીયો હતો પણ આ બ્હારવટીઆઓથી ગાંજ્યો જાય તેમ નહોતો, તેનામાં ક્ષાત્રવટનું જોમ હતું. તેણે પોતાની પાસે રહેલાં પાંચ બાણોમાંથી બે બાણો ભાંગી નાંખ્યાં અને બાકીનાં ત્રણ બાણોમાંથી એક બાણને કામઠા પર ચઢાવતો તે બોલ્યો, 'એક વાર સ્હામા આવી જાઓ, અને પછી ઘીની કુડલીની વાત કરો!' વનરાજના એ ત્રણે સાથીદારો ભીમાનો આ પડકાર સાંભળતાં જ થીજી ગયા. ભીમાએ કહ્યું, 'મારી પાસેનું એક બાણ તમને પહોંચી વળે તેમ છે; છતાં મેં તમારા ત્રણ માટે ત્રણ બાણ રાખી, વધારાનાં બે ભાંગી નાંખ્યાં છે.' ભીમાના પરાક્રમ અને તેની તાકાત જાણી, એ ત્રણેય જણા વનરાજની પાસે પાછા આવ્યા.

ભીમામાં બળ હતું, તેના કરતાં તેના આત્મામાં સત્ત્વ હતું. સત્ત્વ એ આત્માનો ગુણ છે. આથી સત્ત્વશીલ આત્માઓ પોતાના સત્ત્વથી મૃત્યુ પર વિજય મેળવી શકે છે. કેવળ શરીરનાં પાશવી બળવાળા આત્માઓ, જીવન જીવવા માટે મથે છે, જીવનની ખાતર અનેકોનો સંહાર કરવામાં રાચે છે, જ્યારે સત્ત્વશાળી આત્માઓ, જીવાડીને જીવવાનું પસંદ કરે છે. શારીરિક બળ પર નાચનારાઓને કેવળ જીવન જીવવાની જ પડી હોય છે. નિર્દોષ, અશરણ કે મૂંગા, નિર્બળ જીવોની રક્ષા કરવામાં પોતાના બળનો સદુપયોગ કરવાનું સત્ત્વ, આ આત્મ તેજ વિહુણા નિર્ભાગ્ય જીવો માટે શકય નથી.

સત્ત્વશીલ પોતાના બળનો દુરૂપયોગ ન થઇ જાય તેની સતત જાગૃતિ રાખનારો હોય છે. શરીરના બળને પામનારમાં પાપનો ભય નથી હોતો. ક્ષમા અને હૃદયની ઉદારતા વિના શરીરબળ કોઈ રીતે શોભતું નથી. જ્યાં બળ અને સત્ત્વ છે, ત્યાં હૃદયની ધીરતા છે, આત્માની પ્રસન્નતા છે અને આવા પુણ્યશાળીની વાણીમાં ગંભીરતા પણ ભારોભાર ભરેલી હોય છે.

આત્માના ઓજસ વિનાના કે સદાચાર, સહિષ્ણુતા અને ઉદારતા વિનાના બળની કીંમત ફૂટી કોડીની પણ નથી જ. આવા બળવાનો જગતને શ્રાપરૂપ બને છે. આજની દુનીયાનું વાતાવરણ આપણને આ વાતની સાક્ષી પૂરે છે. યૂરોપનું મહાયુદ્ધ એ સત્ત્વશીલ માનવોનું યુદ્ધ નહોતું પણ કેવળ સ્વાર્થમાં રાચ્યા-માચ્યા રહેલા દાનવોનું, નરરાક્ષસોનું જ યુદ્ધ હતું. જેના પરિણામે વૈરની પરંપરા હજુ વધતીજ ચાલે છે.

હિંદની પવિત્ર ભૂમિ પર ચાલી રહેલું કોમી અને રાજકીય યુદ્ધ, એ બળવાનોનું કે શૂરાઓનું નથી. પંજાબ, બંગાલ અને સરહદ પ્રાંત તેમજ કાશ્મીરમાં ચાલી રહેલી લડાઇઓ બળવાનોની નથી પણ કેવળ નામર્દોની!

આજે સત્ત્વની પહેલી જરૂર છે. ધર્મ, સમાજ અને ધર્મસ્થાનોની સંપત્તિને સાચવવા માટે મરજીવાઓની ઘણી જ જરૂર છે. ચોમેર આજે આક્રમણો આવી રહ્યાં છે, ઉંઘવાની કે ગાફેલ રહેવાની આજે સ્થિતિ નથી. જૈન સમાજનું નંદનવન, આજે બ્હારનાં અને અંદરનાં આક્રમણોથી લૂંટાઈ રહ્યું છે. ઇર્ષ્યા, અસૂયા અને તેજોદ્વેષનાં દૂષિત તત્ત્વોએ સમાજના સૌંદર્યને ભરખી લીધું છે. આપણી નિર્બળતાએ આપણને પામર બનાવી દીધા છે. ચારેય પ્રકારના સંઘની શક્તિઓ આજે પરસ્પર લડવામાં ખરચાઇ રહી છે. જ્યારે સમસ્ત સંસારના બધાય સમાજો આજના સંઘર્ષણ-સંક્રાતિકાળમાં જીવવાને માટે સંગઠન સાધી રહ્યા છે, ત્યારે આપણે વધુને વધુ દૂર-સુદૂર થતા જઇએ છીએ. લડી-ઝઘડી જુદા થતા જઇએ છીએ.

ગઇકાલની આ વાત છે, એ વેળા ધર્મશ્રદ્ધાળુ શાસનપક્ષ કેટ-કેટલો સંગઠિત, શિસ્તબદ્ધ બની, રણશૂરા સૈનિકોની જેમ ધર્મસિદ્ધાંતોની ખાતર પોતાનું સઘળુંયે હોમી દેવા તૈયાર હતો. કયાં તે વેળાની શુભ ઘડિ-પળો, આજે એ સ્થિતિ ફરી પુનરાવર્તન પામે તો કેવું સારૂં! આજે આપણે આંતરવિગ્રહમાં આપણી સઘળીયે શકિતઓનો દુર્વ્યય કરી રહ્યા છીએ; આ ઘણીજ શોચનીય મનોદશા ગણાય.

આજે આપણે-સમગ્ર ધર્મશ્રદ્ધાળુઓએ, આપણા સમાજના જડવાદીઓના આક્રમણોની સ્હામે, તેમજ ઇતરો તરફથી થતાં ધર્મસિદ્ધાંતોની વિરૂદ્ધનાં આક્રમણોની સ્હામે વધુને વધુ સંગઠિત, શિસ્તબદ્ધ બની

તન, મન, ધન ખરચી નાંખવાની જરૂર છે. ધર્મની સેવા માટે પ્રતિકાર અને પ્રચાર બન્ને તેના અંગો ગણાય છે. આક્રમણોની સ્હામે કેવળ અનિવાર્ય સંયોગમાં પ્રતિકાર તેમ જ ભાવિપ્રજાને ધર્મરસિક અને સુસંસ્કારી બનાવવા માટે તે પ્રકારના સંસ્કાર અને શિક્ષણનો પ્રચાર કરવાની તેટલી જ જરૂર છે. જ્યારે આજે આમાનું આપણે કાંઇ જ કરી શકતા નથી. તે આપણા માટે શરમજનક નથી શું ?

આ બધી જોકે, અપ્રાસંગિક હકીકત છે, છતાં વર્તમાન પરિસ્થિતિથી મારા હૈયામાં જે અસર થઇ છે, તેને મેં મારા શબ્દોમાં અહીં રજુ કરી છે. આજની સ્થિતિ જેમ એક કવિએ ગાયું છે, તેની જેમ—

નિર્ગુણી ગુણ ન જાણે, ગુણી તો ગુણ મત્સરી;
ગુણી, અને ગુણરાગી, શોધ્યા તો નવિ જડે.

આપણા સમાજમાં પ્રાયઃ દેખા દઇ રહી છે. આથી સમાજ અને શાસનનાં સુકાન દિન—પરદિન અરાજકસ્થિતિમાં મૂકાતાં જાય છે. પરિણામે બોડી બામણીના ખેતરની જેમ આજે સમાજ અને શાસનમાં રસ્તે ચાલનાર તરફથી પણ તેની અવ્યવસ્થાનો ગેરલાભ લેવાઇ રહ્યો છે

ઉપરોક્ત લોક-કહેવતને માટે હું ન ભૂલતો હોઉં તો. એક ઉદાહરણ ઘણું જ સુપ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે-જૂના સમયમાં બાદશાહીનો યુગ હતો ત્યારે બેમુસલમાન સ્વારો, અમદાવાદથી પોતાની નોકરી બદલાઇ હોવાથી પરગામ જવાને નીકળ્યા હતા. મીંયાને ઘેર તો હાલ્લાં કુસ્તી કરતાં હતાં. જેથી તેઓનું પોતાનું પેટ પણ પુરૂં ભરાતું ન હતું. આથી ઘોડાને પેટપૂર ખાવાનું મળે જ શાનું ? બિચારા ઘોડાના પેટમાં ભૂખને અંગે મ્હોટા ખાડા પડયા હતા. રસ્તાના ખેતરોમાં ઘોડાચડ ઢંકાઇ જાય તેવો ઉંચો લીલોછમ મોલ જોઇને મીંયાઓએ તો પોતાના ઘોડાઓને એ ખેતરમાં છૂટા મૂકી દીધા, પણ ખેતરના માલીકને ખબર પડવાથી તેણે જોરથી હાકોટો કર્યો, કે પેલા મીંયાભાઈ તરત ઘોડા બ્હાર કાઢી લઇ, જાણે કંઇજ બન્યું નથી, તેમ ડોલતા-ડોલતા આગળ ચાલ્યા. થોડેક ગયા એટલે તેમાંનો એક સ્વાર બોલ્યો: ' યે ખેતરમેં કોઇ આદમી દીખા જાતા નહી હૈ, ઇસમેં ઘોડા છોડ દેંગે ' કહી તે તે બન્નેએ પોતાના ઘોડા છોડી દીધા. એ ખેતર કોઈ વિધવા બ્રાહ્મણીનું હતું, તે ત્યાં હતી. તેના ખેતરમાં ઘોડા પેઠેલા જોઈ પેલા ઘોડેસ્વારો પાસે જઇ પગે લાગી, ઘણા જ કાલાવાલા તેણે કર્યા. પણ આ બે તીસમારખાંને કાંઇ જ અસર થઇ નાહિ. આથી આ મીંયાભાઇઓએ તો ઘોડા ચરાવતાં ચરાવતાં આગળ ચાલવા માંડયું. બ્રાહ્મણીનું ખેતર પુરૂં થયું, અને જોડે બીજું ખેતર આવ્યું. આ પણ પેલી બ્રાહ્મણીનું હશે એમ ધારી તે મીંયાઓએ તે ખેતરમાં પોતાના ઘોડાઓને ચરાવવા દીધા. એટલામાં તે ખેતરના માલીકના સીપાઇઓ તે ઘોડેસ્વારોને ઘોડેથી હેઠે નાંખી મારવા માંડયા.

એટલે પેલા મીંયાભાઇ બોલ્યા, ' તુમ કાયકું હમ લોકકું મારતા હય, તુમેરા કુછ બિગાડા તો નહિ હય, યે ખેત તો બોડી બામનીકા હૈ, ઇસમેં તુમેરા કયા કુછ લીયા ? ' એટલે પેલા સીપાઇઓએ જવાબમાં જણાવ્યું કે, ' એ તો જમાદારકા ખેત હૈ, બોડી બામનીકા નહિ હૈ '. કહી પેલા બે સ્વારોને હાંકી કાઢ્યા. ત્યારબાદ તે બન્ને ઘોડેસ્વારોએ, જે કોઈ ખેતરમાં પેસે તેના પહેલાં તેના ધણીનાં નામ–ઠામ પૂછવાની ટેવ રાખી, જો જવાબમાં કોઈ બોડી બામણીના, રાંડીકુંડીના કે ગરીબ ખેડુતનાં ખેતરો જણાય તો તે બન્ને ખુશીની સાથે પોતાના ઘોડાઓ ચરાવવા મંડે અને જો કોઈ જમાદારના કે રજપૂત ગરાસીયાના જણાય તો ' ચલો ભાઈ ચલો ' કહી ચાલવા માંડે.

આ સ્થિતિ આજે આપણા જૈનસમાજની છે. એથી ગમે તેવાઓ પણ આપણા તીર્થસ્થાનો, ધર્મનાયકો કે ધર્મસિદ્ધાંતોને અંગે આક્રમણ ઉભાં કરે છે અને આપણે પેલી બોડી બામણીની જેમ એને જોયા કરીએ છીએ.

આ બાજુ ભીમા કુડલીયાના સત્ત્વ અને ધીરતા ગુણથી વનરાજના સાથીદારોએ વનરાજને પરિચીત કર્યો. વનરાજ પણ આથી તેની પાસે આવ્યો. ભીમાનું સ્વાગત કર્યું અને આના પરિણામે ભીમાએ વનરાજને ઘી આપ્યું તેમજ વનરાજને કહ્યું; 'તારા જેવા ભાગ્યશાલીએ આમ વનમાં ભટકવાની જરૂર

[ બાકી ટાઇટલ પેજ બીજું;

Reg N B. 4925

# અમારાં નૂતન પ્રકાશનો

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ

નવ સ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ મોટી સંગ્રહણી, ક્ષેત્ર સમાસ, તત્ત્વાર્થ સૂત્ર, વૈરાગ્ય શતક, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો વગેરેનો સંગ્રહ મૂલ્ય રૂા. ૩-૦-૦ પોષ્ટેજ અલગ,

## જૈન રામાયણનાં વિવેચનો

રાવણના દિગ્વિજયની ઐતિહાસિક ઘટનાઓને રજુ કરતું અપૂર્વ પ્રકાશનઃ લગભગ પંદર ફર્મા. મૂલ્ય રૂા ૩-૦-૦ "કલ્યાણ"ના ગ્રાહકોને રૂા. અઢીમાં, પોષ્ટેજ અલગ,

## સિમંધર જિન વિનતિ સાર્થ

નિગોદાદિ સંસાર દુઃખવર્ણન ગર્ભિતની સાત ઢાળો ઉપર પૂ૦ માનતુંગવિજયજી મહારાજશ્રીએ સુંદર વિવેચન લખ્યું છે. ક્રાઉન સોળપેજી ૨૪૪ પેજ લુગડાનું બાઇન્ડીગ મૂલ્ય ૧-૪-૦

## વિધિ સહિત પંચપ્રતિક્રમણ

જેઓને વિધિ આવડતી ન હોય તેઓ પુસ્તકમાં જોઇ સામાયિક-પ્રતિક્રમણ વગેરે કરી શકશે. પંચપ્રતિક્રમણવિધિ સહિત ઉપરાંત નવપદ ઓળીની વિધિ, સ્તવનો, સ્તુતિઓ, અને છંદો વગેરેનો સંગ્રહ છે. ક્રાઉન સાઇઝ ૨૮૮ પેજ રૂા. ૨-૪-૦ પોષ્ટેજ અલગ,

**પ્રભાવના તેમજ લાઇબ્રેરીનાં પુસ્તકો માટે લીસ્ટ મંગાવો**

### સોમચંદ ડી, શાહ

જીવન નિવાસ સામે—પાલીતાણા.

: મુદ્રક : અમરચંદ બેચરદાસ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિં. પ્રેસ-પાલીતાણા.